અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ 5

સપ્ટેમ્બર માસમાં ક્રેડિટ કાર્ડનો ખર્ચ 25 ટકા વધીને રૂ. 1.76 લાખ કરોડ થયો

02
OCTOBER-2024
SATURDAY

યુદ્ધમાં ઘેરાયેલું છે ઈઝરાયેલ, છતાં રોકાણકારોને બખ્ખાં, તે વધુ દિવસ નહીં...

પેજ 10

વર્ષ-13 । અંક-348 । વિક્રમ સંવત-2081 । કારતક સુદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### કચ્છ બોર્ડર પર બોલ્યા નરેન્દ્ર મોદી : 'આ દીપાવલી બહુ ખાસ, અયોધ્યામાં ભગવાન રામ 500 વર્ષ પછી મંદિરમાં બિરાજમાન થયા

# સતત 11માં વર્ષે વડાપ્રધાન મોદીએ જવાનો સાથે દિવાળી મનાવી

(એજન્સી) ભુજ । તા. 31

છેલ્લાં દસ વર્ષથી PM મોદી દિવાળીની ઉજવણી દેશના જવાનો સાથે કરતા આવ્યા છે. આજે દિવાળીનું પર્વ છે ત્યારે સતત 11મા વર્ષે દિવાળી ઉજવવા કચ્છ પહોંચ્યા હતા. PM મોદીએ પાકિસ્તાનને અડીને આવેલા કચ્છની સરહદે ફરજ બજાવતા BSFના જવાનોનાં મોં મીઠાં કરાવી શુભેચ્છા પાઠવી હતી. BSF જવાનો સાથે દીપાવલી પર્વની ઉજવણી કર્યા બાદ જવાનોને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, BSF સાથે દીપાવલીની ઉજવણી એ મારું સૌભાગ્ય છે.

BSFના જવાનો સાથે દીપાવલી પર્વની ઉજવણી સમયે વડાપ્રધાને કહ્યું હુતં કે, હું તમારી સાથે દિવાળીનું પર્વ તમારી વચ્ચે મનાવું છું તો મારી દીપાવલીની મીઠાશ અનેકગણી વધી જાય છે. આ વખતે આ દીપાવલી બહુ ખાસ છે. અયોધ્યામાં પ્રભુ રામ 500 વર્ષ પછી ફરી પોતાના ભવ્ય મંદિરમાં બિરાજમાન થયા છે. હું તમને બધાને અને મા ભારતીની સેવામાં તૈનાત દેશના દરેક જવાનનો દીપાવલીની હાર્દિક શુભકામના આપું છું.





## 'દુશ્મનની વાતો પર નહીં, સેનાના સકંલ્પ પર ભરોસો'

PMએ કહ્યું કે, આજે દેશમાં એક એવી સરકાર છે જે દેશની સીમાની એક ઈંચ જમીનથી પણ સમજોતો ન કરી શકે. આ વિસ્તારમાં હું પહેલીવાર નથી આવ્યો . આ વિસ્તારમાં અનેકવાર આવ્યો છે. બહુ આગળ સુધી જઈને આવ્યો છું. આજે અમને જ્યારે જવાબદારી મળી છે તો અમારી નીતિ સેનાના સંકલ્પોના હિસાબે બને છે. અમે દુશ્મનની વાતો પર નહીં અમારી સેનાના સંકલ્પ પર ભરોસો કરીએ છીએ. PM મોદી આજે દિવાળીના દિવસે જ ગુજરાત પ્રવાસે છે ત્યારે દિવાળીના પર્વની ઉજવણી પાકિસ્તાન સરહદ સાથે જોડાયેલા કચ્છ જિલ્લામાં ફરજ બજાવતા સુરક્ષા જવાનો સાથે કરી રહ્યા છે. વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર નરેન્દ્ર મોદી કચ્છમાં દિવાળીની ઉજવણી કરી રહ્યા છે.

## સરક્રિક પર દુશ્મનની નાપાક નજર ક્યારની મંડરાયેલી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

પ્રધાનમંત્રીએ સંબોધનમાં વધુ જણાવ્યું હતું કે, મને ગર્વ છે કે, આપણા જવાનોએ મુશ્કેલ સમયે પોતાના સામર્થ્યને સિદ્ધ કર્યું છે. આ ગુજરાતનો દરિયાકાંઠે દેશની બહુ મોટી તાકાત છે. એટલા માટે અહીંની દરિયાઈ સરહદ ભારત વિરોધી ષડયંત્રોનો સૌથી વધુ સામનો કરે છે. પણ દેશ નિશ્ચિત છે. કારણ કે સુરક્ષામાં તમે તૈનાત છો. દુશ્મનને પણ ખબર છે કે, 1971ના યુદ્ધમાં કઈ રીતે તમે જવાબ આપ્યો હતો. એટલા માટે જ આપણી નેવીની હાજરીમાં સરક્રિક અને કચ્છ તરફ કોઈ આંખ ઉઠાવવાની પણ હિંમત નથી કરતું.

## ભારતનું ડિફેન્સ એક્સપોર્ટમાં 30 ગણો વધારો થયો- PM

જવાનોને સંબોધતા વધુમાં જણાવ્યું કે, 21મી સદીની જરુરિયાતને જોતા આજે આપણે સુરક્ષાદળોને આધુનિક સાધનોથી સજ્જ કરી રહ્યા છીએ. સેનાને વિશ્વની સૌથી આધુનિક ફોર્સની કતારમાં ઉભી રાખી રહ્યા છે. પહેલા ભારતની ઓળખ હથિયાર મંગાવનારા દેશ તરીકેની હતી. આજે દુનિયાના અનેક દેશને ભારત ડીફેન્સ ઉપકરણ એક્સપોર્ટ કરી રહ્યો છે. પાછલા દસ વર્ષમાં અમારું રક્ષા નિર્યાત 30 ગણુ વધી ગયું છે. સરકારના આ વિઝનને સફળ બનાવવામાં આપણી સેનાની બહુ મોટી ભૂમિકા છે. હું દેશની સેનાને શુભેચ્છા આપીશ કે તેઓએ 5 હજારથી વધુ સૈન્ય ઉપકરણોનું લીસ્ટ બનાવ્યું છે જે હવે વિદેશથી નહીં ખરીદે.

# ગૂગલ અને માઈક્રોસોફ્ટને ટક્કર આપવા મેટા તૈયાર : AIની મદદથી સર્ચ એન્જિન બનાવી રહ્યું છે



(એજન્સી) નવીદિલ્હી । તા. 31

મેટા કંપની હવે ગૂગલ અને માઈક્રોસોફ્ટને ટક્કર આપવાની તૈયારી કરી રહી છે. સર્ચ એન્જિનના માર્કેટમાં અત્યાર સુધી ગૂગલની મોનોપોલી હતી, પરંતુ માઈક્રોસોફ્ટ તેને સારી એવી ટક્કર આપી રહ્યું છે. ચીન અને અન્ય દેશોમાં તેમના પોતાના સર્ચ એન્જિન છે, પણ દુનિયાભરના માર્કેટમાં આ બે કંપનીઓનું વર્ચસ્વ છે અને હવે તેને તોડવા માટે મેટા કંપની એમાં પ્રવેશ કરી રહી છે. ઝીરોથી સર્ચ એન્જિન બનાવવું એ કોઈ નાની વાત નથી. આ માટે મેટાને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ટેક્નિકલ અને નાણાકીય પડકારો ઉપરાંત, મેટાને એ ખાતરી કરવી પડશે કે તેમનું સર્ચ એન્જિન ગૂગલ અને બિંગ કરતા વધુ સારી અને વિશ્વાસપાત્ર માહિતી આપે છે. જો એમાં સફળ રહે, તો જ સર્ચ એન્જિન સફળ રહેશે અને આ મેટા માટે ખૂબ જ મોટી ચેલેન્જ છે.

**સ્વતંત્રતા માટેનો પ્રયાસ :** ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપમાં Meta AI ચેટબોટનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ હાલમાં ગૂગલ અને માઈક્રોસોફ્ટના બિંગ સર્ચ એન્જિનનો સહારો લે છે. ન્યૂઝ, સ્પોર્ટ્સ અને સ્ટોક્સ જેવી માહિતી માટે તેને આ સર્ચ એન્જિન પર નિર્ભર રહેવું પડે છે. આથી તે સ્વતંત્ર રીતે કામ કરી શકતું નથી. માટે, મેટા પોતાનું સર્ચ એન્જિન બનાવી રહ્યું છે જેથી તેમનું AI તેમની પોતાની શરતો પર કામ કરી શકે.

**ડેવલપમેન્ટ સ્ટેજ :** Meta દ્વારા આ માટે એક ટીમ બનાવવામાં આવી છે જે ફક્ત આ પ્રોજેક્ટ પર જ કામ કરી રહી છે. છેલ્લા આઠ મહિનાથી આ ટીમ એના પર ખૂબ જ મહેનત કરી રહી છે અને તેમણે એક ડેટાબેઝ તૈયાર કર્યો છે, જે સર્ચ એન્જિનને મદદ કરશે. ઘણી વાર એવા સમાચાર આવ્યા છે કે મેટા દ્વારા ઈન્ટરનેટ પરથી ડેટા કલેક્ટ કરવામાં આવી રહ્યો છે. આ ડેટા સર્ચ એન્જિન બનાવવા માટે અને તેમના ચેટબોટને માહિતી પૂરી પાડવા માટે કલેક્ટ કરવામાં આવી રહ્યો હતો. આ સર્ચ એન્જિનમાં Meta AI નો ઉપયોગ થતાં ન્યૂઝ, કરન્ટ અફેર્સ અને કોઈ પણ ઈવેન્ટ માટેની સમરી તેમને ચેટબોટમાં પણ મળી જશે. મેટાને આ માટે અન્ય સોર્સની જરૂર નહીં પડે.

**યુઝર્સને ફાયદો :** AI સર્ચ એન્જિનની મદદથી મેટા અને યુઝર્સ બન્નેને ફાયદો થશે. મેટા માટે ફાયદો એ થશે કે તેને ગૂગલ અને બિંગ પર નિર્ભર ન રહેવું પડશે, જેને કારણે API માટેનો ખર્ચ પણ બચશે. આ સાથે જ મેટા યુઝરને ખૂબ જ પર્સનલાઈઝ ઈન્ફોર્મેશન પૂરી પાડી શકશે. મેટા સર્ચ એન્જિન માર્કેટમાં આવવાથી સ્પર્ધા વધશે અને એનો સીધો ફાયદો યુઝર્સને મળશે. યુઝર્સને કયું સર્ચ એન્જિન વાપરવું, એ પસંદ કરવાની મકાન મળી જશે.

**અંક બંધ**

**વિક્રમ સંવત 2081 બેસતું વર્ષ અને ભાઈબીજના પ્રસંગે અમદાવાદ એક્સપ્રેસ અખબારી કાર્યાલયમાં જાહેર રજા રહેશે. જેની વાચકમિત્રો, વિજ્ઞાપનકારો અને વિતરકબંધુઓએ નોંધ લેવી. ▪વ્યવસ્થાપક**

## રાહુલ 6 નવેમ્બરથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે

મુંબઈ : કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી 6 નવેમ્બરથી મહારાષ્ટ્રમાં વિપક્ષી જુથના ચૂંટણી પ્રચારની જવાબદારી સંભાળશે. આ દિવસે તેઓ મુંબઈમાં મહા વિકાસ અઘાડી (MVA)ની સંયુક્ત રેલીમાં ભાગ લેશે. આ રેલીમાં NCP (SCP)ના વડા શરદ પવાર અને શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરે હાજર રહેશે. બારામતીમાં મીડિયા સાથે વાત કરતા શરદ પવારે કહ્યું કે વિપક્ષનો ચૂંટણી પ્રચાર 6 નવેમ્બરે મુંબઈથી શરૂ થશે. MVA લોકોનું સમર્થન મેળવવા માટે એક કોમન મિનિમમ પ્રોગ્રામ પણ જાહેર કરશે. પવારે કહ્યું- 10-12 સીટો પર વિપક્ષ વચ્ચે ફ્રેન્ડલી લડાઈ રાજ્યમાં કેટલીક બેઠકો પર વિપક્ષ નેતાઓ વચ્ચે ફ્રેન્ડલી લડાઈ અંગે, પવારે કહ્યું - માત્ર 10-12 બેઠકો છે જ્યાં બે MVA ઉમેદવારોએ તેમના ઉમેદવારી પત્રો ભર્યા છે.

SINCE 1991 AHMEDABAD
VACHHANI FurniturE
અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ
તહેવારોમાં કરો તૈયારી...
ફર્નિચર જોઈને જ કહેશો...
પૈસા વસુલ છે...
30% સુધી ડિસ્કાઉન્ટ
સર્વોતમ ગુણવતા, સર્વશ્રેષ્ઠ ડીઝાઈનો...

સરળ હપ્તેથી ફર્નિચર વસાવો
kotak | BAJAJ FINSERV
आज़ादी का अमृत महोत्सव
વાછાણી ફર્નિચર પ્રા. લી.
હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ
ફર્નિચર ફેકટરી આઉટલેટ
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્કલેવ, કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221
ફર્નિચર મોલ
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે, કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221
ફર્નિચર શોરૂમ
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઈવે, મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221
www.vachhanifurniture.in

નૂતન વર્ષાભિનંદન
આ વર્ષ તમારા જીવનમાં નવી ખુશીઓ, નવા લક્ષ્યો, નવી સિદ્ધિઓ અને નવી પ્રેરણાઓ લાવશે.
તમને ખુશીથી ભરેલા નવા વર્ષની શુભેચ્છા
અમદાવાદ એક્સપ્રેસ પરિવાર


# મોંઘા પરફ્યુમ છોડો આ સસ્તી વસ્તુઓ વાપરો પરસેવાની વાસથી મળી જાશે કાયમી છુટકારો



ઉનાળામાં પરસેવો થાય તે સામાન્ય વાત છે. પરંતુ જો પરસેવો વધારે પ્રમાણમાં થાય તો શરીરમાંથી વાસ આવવા લાગે છે. ઘણા લોકોના પરસેવામાંથી એટલે દુર્ગંધ આવે કે તેની પાસે બેસવું પણ અન્ય લોકો માટે મુશ્કેલ થઈ જાય. શરીરમાંથી આવતી પરસેવાની વાસ જાહેર જગ્યાએ કોઈ પણ વ્યક્તિને શરમજનક સ્થિતિમાં મૂકી શકે છે. જે લોકોને વધારે પ્રમાણમાં પરસેવો થતો હોય અને વાસ પણ આવતી હોય તેવો મોંઘા મોંઘા પરફ્યુમનો ઉપયોગ કરે છે. પરંતુ આવી વસ્તુઓની અસર પણ થોડા કલાકો સુધી જ રહે છે. સાંજ સુધીમાં તો તેની સુગંધ પણ ઉડી જાય છે અને ફરીથી પરસેવાની દુર્ગંધ સતાવે છે. આવી સ્થિતિમાં જો તમે કેટલાક ઘરેલુ નુસખા અજમાવો છો તો પરસેવાની વાસથી છુટકારો મેળવી શકો છો. આજે તમને 5 એવા ઘરેલુ નુસખા જણાવીએ જે શરીરની દુર્ગંધને દૂર કરી શકે છે.

### લીંબુનો રસ

લીંબુમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ હોય છે. જે પરસેવાને બદબુદાર બનાવતા બેક્ટેરિયાને મારે છે. પરસેવાની દુર્ગંધને દૂર કરવી હોય તો નહાયા પછી લીંબુના રસમાં રુ બોળીને શરીરના એ અંગો પર લીંબુનો રસ લગાડો જ્યાં પરસેવો વધારે થતો હોય. લીંબુનો રસ સંવેદનશીલ ત્વચા પર ન લગાડવો.

### બેકિંગ સોડા

બેકિંગ સોડા પણ પરસેવાને શોષી લે છે અને બદબુ ઉત્પન્ન કરતા બેક્ટેરિયાનો નાશ કરે છે. જો પરસેવાની વાસ વધારે પ્રમાણમાં આવતી હોય તો નહાવા જાવ તે પહેલા એ અંગો પર બેકિંગ સોડા લગાડો જ્યાં પરસેવો વધારે થતો હોય. બેકિંગ સોડાને થોડી મિનિટ રહેવા દો અને પછી નહાઈ લેવું.

### વિનેગર

એપલ સાઈડર વિનેગર પણ પરસેવાની દુર્ગંધને દૂર કરવા માટે કારગર છે. તેના માટે અડધો કપ પાણીમાં અડધો કપ એપલ સાઈડર વિનેગર મિક્સ કરી સ્પ્રે બોટલમાં ભરી લો. નહાયા પછી આ મિશ્રણને શરીર પર છાંટો. એપલ સાઈડર વિનેગરના એસિડીક ગુણ શરીરમાં ગંધ ઉત્પન્ન કરતાં બેક્ટેરિયાનો નાશ કરી દેશે.

### બટેટા

પરસેવાની વાસથી છુટકારો મેળવવા માટેનો આ અસરકારક ઈલાજ છે. બટેટાની મદદથી પણ તમે પરસેવાની દુર્ગંધને દૂર કરી શકો છો. આ કામ નહાવા જાઓ તે પહેલા કરવાનું છે. બટેટાનો એક ટુકડો કરી શરીરના એ અંગો પર લગાડો જ્યાં પરસેવો વધારે થતો હોય અને વાસ આવતી હોય. થોડી મિનિટ રહેવા દો અને પછી સ્નાન કરી લો.

# શું તમે પ્રેગ્નેન્સી દરમિયાન પેટમાં ખંજવાળ કે ઈચિંગથી પરેશાન છો? તો અજમાવો આ ઉપાય તુરંત મળશે રાહત



ગર્ભાવસ્થાના 9 મહિના એ કોઈપણ સ્ત્રીના જીવનનો સૌથી અનોખો અને યાદગાર અનુભવ છે. આ સમયગાળા દરમિયાન, હોર્મોનલ ફેરફારોને કારણે શરીરમાં ઘણા ફેરફારો થાય છે. સગર્ભાવસ્થા દરમિયાન મહિનાઓ આગળ વધે છે અને બાળકનો વિકાસ થાય છે, ત્વચા પર ખંજવાળ, ખાસ કરીને પેટના વિસ્તારમાં, એક સામાન્ય સમસ્યા છે કારણ કે આ સમયગાળા દરમિયાન ત્વચા ખેંચાઈ જાય છે. ઘણી વખત, સ્ત્રીઓ ગર્ભાવસ્થા દરમિયાન ત્વચા પર ખંજવાળને કારણે ખૂબ જ ચિંતિત થઈ જાય છે. પ્રેગ્નન્સી દરમિયાન પેટ, જાંઘ વગેરેની ત્વચામાં ખંજવાળ આવવાનું કારણ ત્વચાના ખેંચાણ ઉપરાંત હોર્મોનલ ફેરફારો અને શુષ્ક ત્વચા પણ હોઈ શકે છે. હાલમાં કેટલીક પ્રાકૃતિક વસ્તુઓ આ સમસ્યામાંથી રાહત આપી શકે છે. નારિયેળ ઓઈલ અને ઓલિવ ઓઈલથી માલિશ કરો- નારિયેળ ઓઈલ અને ઓલિવ ઓઈલનો ઉપયોગ ત્વચાને સ્વસ્થ રાખવા માટે ખૂબ અસરકારક માનવામાં આવે છે. તેમાં માત્ર એન્ટી-બેક્ટેરિયલ ગુણોની સાથે સાથે તે ત્વચાને મોશ્ચર પણ પ્રદાન કરે છે. આનાથી તમે શુષ્ક ત્વચા, ખંજવાળ વગેરે જેવી સમસ્યાઓથી દૂર રહી શકો છો. ગર્ભાવસ્થા દરમિયાન પેટ પર હળવા હાથે નાળિયેરનું તેલ લગાવો. શિયા બટર ખંજવાળમાં રાહત આપશે- શિયા બટરને ત્વચાને મોઈશ્ચર આપવા માટે ઉત્તમ મોઈશ્ચરાઈઝર માનવામાં આવે છે. તેમાં રહેલા તત્વો ત્વચાને લાંબા સમય સુધી હાઈડ્રેટ રાખે છે અને ફ્લેકી સ્કિન, ખંજવાળ જેવી સમસ્યાઓથી બચવામાં મદદ કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન ત્વચા પર ખંજવાળ અને બળતરાથી રાહત મેળવવા માટે, તમે તેને અસરગ્રસ્ત વિસ્તારોમાં લગાવી શકો છો. તમે પેટ્રોલિયમ જેલી લગાવી શકો છો- ગર્ભાવસ્થા દરમિયાન ખંજવાળથી રાહત મેળવવા માટે, તમે પેટ્રોલિયમ જેલી લગાવી શકો છો. આ તમારી ત્વચાને મોઈશ્ચરાઈઝ્ડ રાખશે. દિવસમાં બેથી ત્રણ વખત પેટ પર હળવા હાથે પેટ્રોલિયમ જેલી લગાવો. પેટ્રોલિયમ જેલી હાથ, પગ અને શરીરના અન્ય ભાગો પર પણ લગાવી શકાય છે. આ બાબતો ધ્યાનમાં રાખો- સ્ત્રીઓમાં ગર્ભાવસ્થા દરમિયાન હોર્મોનલ ફેરફારોને કારણે, કોઈપણ વસ્તુની ગંધ પણ તેમને પરેશાન કરી શકે છે, તેથી જો કોઈ પણ બાબતમાં થોડી પણ સમસ્યા હોય તો તેનો ઉપયોગ કરવાનું તરત બંધ કરી દો. ખંજવાળની સમસ્યાથી બચવા માટે ઢીલા અને સોફ્ટ ફેબ્રિકના કપડાં પહેરો. પુષ્કળ પાણી પીવા ઉપરાંત મોસમી ફળોનું સેવન કરવું જોઈએ.

ગરમીનો પ્રકોપ દિવસે ને દિવસે સતત તેનું રૌદ્ર રૂપ દેખાડી રહ્યો છે. આ સમયે ઓઈલી સ્કીન વાળા લોકોની સ્કીન સંબંધી સમસ્યા વધી જાય છે. જો તમે પણ સ્કીન સંબંધી સમસ્યાનો ગરમીના કારણે સામનો કરી રહ્યા છો કે તમારા ચહેરા પર ફોલ્લીઓ વધી રહી છે તો તમે આ સમયે સ્ટ્રેસ લેવાનું ટાળો. તેના માટે અન્ય અનેક કારણો જેમકે ચિંતા, હોર્મોન્સ ચેન્જ, ફેસવોશનું ધ્યાન ન રાખવું વગેરે કારણો પણ હોઈ શકે છે. જો તમે ચહેરાની સુંદરતા ગરમીમાં પણ જાળવી રાખવા ઈચ્છો છો તો તમે બ્યુટી પ્રોડક્ટ્સને બાય-બાય કહો અને સાથે જ કેટલાક ઘરેલૂ અને અસરકારક નુસખાની મદદ લો. તેનાથી તમારા ચહેરાની સુંદરતા વધી જશે. તો જાણો ઘરે કયા ખાસ ઉપાયો કરવાથી તમે ઓછા ખર્ચે સુંદર ચહેરો મેળવી શકો છો.

# માથા પરની ફોલ્લીઓ બગાડે છે સુંદરતા 7 ઘરેલૂ નુસખાથી કરો દૂર



### લીમડાના પાન



લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તે પાણીને ઠંડું કરો અને તેને આ દાણા પર લગાવો. તમે તેનાથી ચહેરો પણ ધોઈ શકો છો. લીમડાના એન્ટીબેક્ટેરિયલ ગુણ દાણાને સૂકવવામાં તમારી મદદ કરી શકે છે.

### હળદર અને દહીં



હળદરમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ હોય છે અને દહીંમાં લેક્ટોબેસિલસ બેક્ટેરિયા હોય છે જે દાણાને ઓછા કરવામાં મદદ કરી શકે છે. એક નાની ચમચી હળદરને દહીંની સાથે મિક્સ કરીને ફેસ પર એપ્લાય કરો. તમારા ચહેરા પર જલ્દી તેનો ફરક જોવા મળશે. આ ઉપાય તમે અઠવાડિયામાં 2-3 વાર કરી શકો છો.

### ટીટ્રી ઓઈલ



તેને ચહેરા પરના દાણા પર સીધા લગાવવાથી સોજા અને લાલિમા ઘટે છે. આ એન્ટીબેક્ટેરિયલ ગુણોથી ભરપૂર હોય છે. તેને સીધું લગાવવાથી થોડી બળતરા થાય તો તમે તેમાં ક્રીમ મિક્સ કરીને પણ લગાવી શકો છો.

### અલોવેરા



તેને કાપીને તેનો જ્યુસ કાઢો અને દાણા પર લગાવો. અલોવેરામાં એન્ટીઓક્સીડન્ટ અને એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે. જે દાણાને ક્યોર કરવામાં તમારી મદદ કરી શકે છે.

### મધ



મધમાં એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે. આ માટે મધને દાણા પર લગાવવાથી તેનું દર્દ અને સોજો ઓછો થાય છે. આ સિવાય માથા પર જામેલી ગંદગીને દૂર કરવામાં પણ મદદ મળે છે.

**બટાકાનો રસ |** બટાકાનો રસ દાણા પર લગાવવાથી તેનો સોજો ઘટે છે અને તે જલ્દી સૂકાઈ જાય છે. તો તમે તેનો પણ ઉપયોગ કરી શકો છો. આ તમામ ઉપાયો સામાન્ય ગરમીના કારણે થતી સમસ્યામાં કારગર નીવડે છે. જો તમને વધારે સમસ્યા જણાય તો તમે કોઈ સ્કીન સ્પેશિયાલિસ્ટની મદદ લઈ શકો છો.

# પુરુષોના સેક્સ્યુઅલ પાવરમાં જબરદસ્ત વધારો કરે છે આ ફૂડ

આજકાલ નાની ઉંમરના છોકરા હોય કે પછી આધેડ ઉંમરના પુરુષો, પોતાની મર્દાના તાકાત વધારવા ઈચ્છે છે. આ માટે અનેક પુરુષો તો સારો ડાયેટ લે છે તો કેટલાક અનેક કેપ્સ્યુલ અને સપ્લિમેન્ટનો પણ સહારો લે છે. શારીરિક તાકાતને વધારવા માટે કેટલાક લોકો જીમ પણ જાય છે પરંતુ શું તમને ખબર છે કે પુરુષોની તાકાત વધારવા માટે કેટલાક ફૂડ્સ પણ એવા હોય છે જે કેપ્સ્યુલ, ગોળી કે પછી કોઈ હકીમની દવા કરતા પણ વધુ અસરકારક હોય છે. જો પુરુષો આ ચીજોને પોતાના ડાયેટમાં સામેલ કરી લે તો તેમનો નબળો સ્ટેમિના શક્તિશાળી થઈ જ જશે પણ સાથે સાથે તેમના સેક્સ્યુઅલ સ્ટેમિનામાં પણ સુધારો જોવા મળશે. જાણો આ ફૂડ વિશે....

પુરુષોએ દરરોજ કાજૂનું સેવન કરવું જોઈએ. તેનાથી તેમની તાકાત ઝડપથી વધે છે. કાજૂમાં ઝિંક પ્રચૂર પ્રમાણમાં હોય છે. જે પુરુષોનું પરફોર્મન્સ સુધારે છે. બદામમાં પ્રોટીન અને ઝિંક પ્રચુર પ્રમાણમાં હોય છે. તેનાથી પુરુષોના મસલ્સ મજબૂત થાય છે. કાજૂના સેવનથી સ્ટેમિના, બ્લડ ફ્લોની સાથે સાથે પરફોર્મન્સમાં પણ સુધારો થાય છે. રોજ ચારથી પાચ બદામનું સેવન કરી શકાય. પાર્ટનરની સામે પરફોર્મન્સને વધારવા માટે પુરુષોએ દરરોજ બીટનું સેવન કરવું જોઈએ. બીટમાં મળી આવતા નાઈટ્રેટ્સ લોહીની ધમનીઓને શાંત કરરે છે. તેનાથી પુરુષોના મેલ જનાઈટલ એટલે કે જનનાંગો સુધી પુરતા પ્રમાણમાં લોહી અને પોષણ પહોંચે છે. તેમને તાકાત મળે છે. ઓટ્સ હાઈ પ્રોટીન ફૂડ હોય છે. જેમાં એલ આર્જિનિન ભારે પ્રમાણમાં હોય છે. પુરુષોની નપુંસકતા દૂર કરવાનું આ એક ખુબ જ સરળ ઉપાય છે. જો તેને બ્રેકફાસ્ટમાં ખાવામાં આવે તો ટેસ્ટોસ્ટેરોનનું લેવલ ઝડપથી વધે છે. આમ તો તે સીઝનલ હોય છે અને દરેક ઋતુમાં મળે છે. ગાજર ખાવાથી સ્પર્મ કાઉન્ટ ઝડપથી વધે છે અને પરફોર્મન્સ પણ સુધરી શકે છે. ગાજરમાં મળી આવતા કેરોટેનોઈડ્સ સ્પર્મ કાઉન્ટની સંખ્યા ઝડપથી વધારે છે. ધ જર્નલ ઓફ સેક્સ્યુઅલ મેડિસિનના એક રિપોર્ટ મુજબ પુરુષો માટે રેડ વાઈન સેક્સ્યુઅલ પાવર બુસ્ટ કરવાનું કામ કરી શકે છે. આ લિબિડો વધારે છે અને યૌન પ્રક્રિયાઓ માટે લાભદાયી હોય છે. જો કે રેડ વાઈન વધુ પીવી જોઈએ નહીં. પુરુષોની શારીરિક તાકાત વધારવા માટે પુરુષ દરરોજ કેળાનું સેવન કરવું જોઈએ. તે પુરુષોની શારીરિક સમસ્યાઓ દૂર કરે છે. ટેસ્ટોસ્ટેરોન હોર્મોનને વધારવા માટે પુરુષોએ દરરોજ ખારેકનું સેવન કરવું જોઈએ. તે શારીરિક નબળાઈ દૂર કરે છે અને પુરુષોની શક્તિ વધારે છે. તમને જાણીને નવાઈ લાગશે કે પુરુષોની મર્દાના તાકાતને વધારવા માટે સફરજન એક મદદગાર ફળ માનવામાં આવે છે. તેમાં quercetin નામનું એન્ટી ઓક્સીડેન્ટ મળી આવે છે. જેનાથી લોહીનું પરિભ્રમણ ઝડપથી વધે છે.



# કલાક સુધી બેસી રહો તો પણ નથી થતું પેટ સાફ?

**અપચો કે પેટની ખરાબી એક એવી સમસ્યા છે જે કોઈનો પણ આખો દિવસ બગાડી શકે છે. જો આ અપચાની સમસ્યા રોજ હોય તો પછી સમસ્યા વકરી જાય છે. સવારે પેટ સાફ ન થવાના અનેક કારણો હોઈ શકે છે. જેમાં શરીરમાં પાણીની કમી, ખાવા પીવાનો ખોટો સમય, પૂરતી ઊંઘ ન લેવી અને ખોટી ખાણી પીણી સામેલ છે. જેના કારણે આપણે આખો દિવસ ગેસ-એસિડિટી, પેટનો દુખાવો અને છાતીમાં બળતરા જેવી સમસ્યાઓ ઝેલવી પડી શકે છે. આજે અમે તમને 3 ઘરઘથ્થું ઉપાયો જણાવીશું જેનાથી તમારું પેટ સવારે 5 મિનિટમાં સરળતાથી સાફ થઈ જશે. તો પછી જાણો પેટ સાફ કરવાના ઘરઘથ્થું ઉપાયો....**



**દહી |** દહીંનું સેવન પેટ માટે રામબાણ માનવામાં આવે છે. એક રિસર્ચ મુજબ દહીંમાં મળી આવતું લેક્ટિક એસિડ પેટની સમસ્યાઓમાં ફાયદો કરે છે. આ સાથે જ દહીમાં મળી આવતા બેક્ટેરિયા માઈક્રોબાયોટાની સંખ્યામાં સુધારો કરે છે. રોજ દહીંનું સેવન કરવાથી ડાયેરિયા અને કબજિયાતથી છૂટકારો મળે છે.

**સફરજન |** પેટની સફાઈ માટે રોજ એક સફરજન પણ કમાલનું કામ કરે છે. સફરજનમાં પેક્ટન, પોલીફેનોલ અને ફાઈબર જેવા ખાસ તત્વો હોય છે. જે પેટની સફાઈમાં મદદ કરે છે. તેના કારણે આંતરડામાં રહેલા માઈક્રોબાયોટા યોગ્ય રીતે કામ કરે છે. જેનાથી મળ નિકાસીમાં સરળતા રહે છે અને તમે ફિટ રહી શકો છો.

**હુંફાળું ગરમ પાણી અને લીંબુ |** રોજ સવારે પેટ સાફ કરવા માટે લીંબુના પાણીનો ઉપાય ગુણકારી માનવામાં આવે છે. આયુર્વેદાચાર્યોના જણાવ્યાં મુજબ તમે રોજ સવારે ખાલી પેટે એક ગ્લાસ હૂંફાળું પાણી લો. તેમાં એક લીંબુ નીચોવી લો. ત્યારબાદ તે પાણી પીવાથી આંતરડામાં ચોંટેલા ભોજનના અંશ છૂટા પડે છે જે મળ દ્વારા બહાર નીકળતા પેટ સાફ થાય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654



# રૂ.55 લાખની ચલણી નોટોનો શણગાર



## પોરબંદરના શ્રી મહાલક્ષ્મીજીને કરાયેલા શણગારના દર્શન કરવા શ્રધ્ધાળુઓની ભીડ

(એજન્સી) પોરબંદર | તા. 01

પોરબંદરમાં દિપોત્સવીના પર્વને લઈ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મંદિર ખાતે દર્શન કરવા શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે પોરબંદરના પૌરાણિક શ્રી મહાલક્ષ્મીજીના મંદિરે ચલણી નોટોના શણાગારનું આયોજન કરવામાં આવ્યું હતું. માતાજીને રૂ. 55 લાખની ચલણી નોટો શણગાર કરવામાં આવ્યો હતો. જેના દર્શન કરવા શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.
પોરબંદરમાં દિપોત્સવી પર્વમાં પૌરાણિક શ્રી મહા લક્ષ્મીજીના મંદિરે દર્શન કરવા માટે શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળે છે. ધનતેરસના દિવસે 101 દંપતીઓએ માતાજીની આરતી કરી હતી. તો આજે દીવાળીના દિવસે ચલણી નોટોના દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. રૂ. 55 લાખની ચલણી નોટોના દર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું. આજે સવારના સમયે ચલણી નોટોના શણગારના દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા. ગુરૂવાર અને આવતીકાલે શુક્રવારે પણ ચલણી નોટોના દર્શન ખુલ્લા રાખવામાં આવશે. તેમ મંદિરના ટ્રસ્ટી દિનેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું. ચલણી નોટોમાં રૂ. 1થી 500 સુધીના દરની ચલણી નોટોનો શણગાર કરવામાં આવ્યો હતો. તેમજ રૂ.1,5,10ના સિક્કાનો શણગાર કરવામાં આવ્યો હતો. આવતીકાલે પણ તિથિ મુજબ દિવાળીનો ભાગ હોવાથી શુક્રવારે સવારના સમયે શ્રી મહાલક્ષ્મીજીની પુજાનુ આયોજન કરવામાં આવ્યું છે. નૂતન વર્ષે ચલણી નોટો નિયત કરેલા ચાર્જ મુજબ શ્રધ્ધાળુઓને ભેટ સ્વરૂપે આપવામાં આવશે. આજે દિવાળીના દિવસે ચલણી નોટોના દર્શન કરી અને શ્રધ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી.

## ન્યૂઝ કોર્નર

### નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સરદાર પટેલની જન્મ જયંતીની ઉજવણી

સુશીલ પવાર : ડાંગ : ભારત સરકારના યુવા કાર્યક્રમ તથા ખેલ મંત્રાલય અને નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.તેમજ સરદાર વલ્લભભાઈ પટેલના સંસ્મરણો અને વિચારોને પણ યાદ કરવામાં આવ્યા હતા.ભારત સરકારના યુવા કાર્યક્રમ એવમ ખેલ મંત્રાલય અને નહેરુ યુવા કેન્દ્ર, ડાંગ દ્વારા સુબીર તાલુકાના ખાંભલા ગામે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો. દીપક ભોયે (અધ્યક્ષ, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત) ઉપસ્થિત રહ્યા હતા.અને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને તેમના કાર્યો વિશે કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ સહભાગીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### પોક્સોનાં ગુન્હામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપીની ધરપકડ

સુશીલ પવાર : ડાંગ ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા અને નાયબ પોલીસ અધિક્ષક જયદીપ સરવૈયાની સૂચના મુજબ આહવા પોલીસ મથકનાં પી.આઈ.ડી. કે.ચૌધરી તથા પી.એસ. આઈ.એ.એચ.પટેલની ટીમ દ્વારા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.તે દરમિયાન આહવા પોલીસની ટીમને આહવા પોલીસ મથકનો છેડતી અને પોક્સોનાં ગુના કામનો નાસતો ફરતો આરોપીનાં સગડ મળ્યા હતા.જેથી આહવા પોલીસ મથકનાં પી.આઈ. ડી. કે.ચૌધરી અને એ.એચ.પટેલની ટીમે અલગ અલગ ટીમો બનાવી જંગલ વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી.અને આ આરોપીને ગણતરીનાં કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો.આહવા તાલુકાનાં એક ગામ ખાતે 25મી ઓક્ટોબરનાં રોજ સવારે સગીર વયની દીકરી ઘરની નજીક જંગલમાં હાજતે ગઈ હતી.

### મોરબીમાં થી દારૂની 848 બોટલ સાત બેરલ કબજે

(એજન્સી) મોરબી | તા. 01
મોરબીના લાતી પ્લોટ મેઈન રોડ ઉપર શેરી નં-5 પાસે આવેલ જલારામ મંદિરની પાછળના ભાગમાં ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં એલસીબીની ટીમ દ્વારા રેડ કરવામાં આવી હતી. ત્યારે જુદા જુદા પ્લાસ્ટિકના સાત ડ્રમમાંથી દારૂની નાની મોટી 848 બોટલો મળી આવી હતી. જેથી કરીને પોલીસે દારૂ તથા પ્લાસ્ટિકના ડ્રમ મળીને 2,57,500ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને ટ્રાન્સપોર્ટ મારફતે દારૂનો જથ્થો મંગાવનાર તથા મોકલનાર સામે હાલમાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધીને આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરી છે. મોરબીના જલારામ મંદિરની પાછળના ભાગમાં આવેલ લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં દારૂની રેડ કરવામાં આવી હતી.

## શ્રીગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું લોકાર્પણ : અમિત શાહે દિવાળીની શુભકામનાઓ પાઠવી...

# દ્વારકા : કારની ઠોકરે બાઈક સવાર યુવાનનું કરુણ મૃત્યુ, મીઠાપુરમાં યુવાનના સ્કૂટર તથા રોકડ રકમની લૂંટ ચલાવતા શખ્સ સામે ફરિયાદ

દ્વારકા ખંભાળિયા |
ખંભાળિયા નજીક કારની ઠોકરે બાઈક સવાર યુવાનનું કરુણ મૃત્યુ... ખંભાળિયામાં રામનગર વિસ્તારમાં કણઝાર હોટલ નજીક રહેતા અને મૂળ ભાણવડ તાલુકાના કાટકોલા ગામના રહીશ કમલેશભાઈ જોધાભાઈ કરમુર નામના 35 વર્ષના આહિર યુવાન મંગળવારે રાત્રિના સમયે તેમના મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે કણઝાર ચોકડી નજીક પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા જી.જે. 37 એમ. 6088 નંબરની મોટરકારના ચાલક મુકેશભાઈ ઉર્ફે મુન્નો મનસુખભાઈ હરિયાણી (ઉ.વ. 35, રહે. પાણાખાણની બાજુમાં, શક્તિનગર) એ કમલેશભાઈના મોટરસાયકલ સાથે ધડાકા અકસ્માત સર્જ્યો હતો.
જેના કારણે તેમને શરીરના જુદા જુદા ભાગોમાં જીવલેણ ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના કાકા રામભાઈ જીવાભાઈ કરમુર (ઉ.વ. 52, રહે. હરસિધ્ધિ નગર, મૂળ જામજોધપુર) એ અહીંની પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કારના ચાલક મુકેશભાઈ મનસુખભાઈ હરિયાણી સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી લીધી હતી. આ બનાવ અંગે આગળની તપાસ પી.એસ.આઈ. એમ.આર. બારડ દ્વારા હાથ કરવામાં આવી છે.




### રાવલના મહિલાએ અકળ કારણોસર એસિડ ગટગટાવ્યું: મૃત્યુ

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે આવેલા જલારામ નગર ખાતે રહેતા જીવીબેન બાલુભાઈ ગામી નામના 48 વર્ષના મહિલાએ ગત તારીખ 28મીના રોજ કોઈ અગમ્ય કારણોસર ગુસ્સે થઈને બાથરૂમ સાફ કરવાનું એસિડ પી જતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમના મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પતિ બાલુભાઈ દેવાભાઈ ગામીએ કલ્યાણપુર પોલીસને કરી છે.

### યાત્રિકોની ઓનલાઈન નોંધણી ન કરતા આસામી સામે સામે કાર્યવાહી

દ્વારકામાં જલારામ સોસાયટી વિસ્તારમાં રહેતા કૃણાલ કનૈયાભાઈ મંઢાઈએ પોતાના હરશિવ હોમ સ્ટેમાં આવતા યાત્રિકોની ઓનલાઈન એન્ટ્રી પથિક સોફ્ટવેરમાં ન કરતા આ અંગે દ્વારકા પોલીસ મથકમાં તેની સામે જાહેરનામા ભંગની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.
ઓખાના ડાલ્ડા બંદર વિસ્તારમાંથી પોલીસે ઈકબાલ હબીબ તુરક નામના 22 વર્ષના શખ્સને વિદેશી દારૂની 3 બોટલ સાથે ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો.




### મીઠાપુરમાં યુવાનના સ્કૂટર તથા રોકડ રકમની લૂંટ ચલાવતા શખ્સ સામે ફરિયાદ

ઓખા મંડળના મીઠાપુરના આરંભડા વિસ્તારમાં રહેતા કનૈયાભાઈ ઉર્ફે કાનો સામરાભાઈ હાથીયા નામના 24 વર્ષના યુવાન ગત તારીખ 12 ઓક્ટોબરના રોજ બજારમાં આવેલી એક ચા ની હોટલે બેઠા હતા, ત્યારે અગાઉની એક ફરિયાદના આરોપી એવા સુરજકરાડી ગામના રાહુલ ધનાભાઈ રોશિયા સામે દાખલ થયેલા ગુનામાં ફરિયાદી કનૈયાભાઈ હાથીયા સાક્ષી હોય, જેથી આરોપી રાહુલે કનૈયાભાઈ પાસે આવીને તેમને અપશબ્દો બોલી ફડાકા ઝીંકી લીધા હતા.
આ પછી આરોપીએ ફરિયાદીનું રૂપિયા 25,000 ની કિંમતનું એક્ટિવા મોટરસાયકલ તેમજ ડેકીમાં રાખવામાં આવેલા રૂપિયા 5,000 ની રોકડ રકમ મળી, કુલ રૂપિયા 30,000 ની લૂંટ કરીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ધોરણસર ફરિયાદ મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. જે અંગે પોલીસે રાહુલ ધના રોશિયા સામે બળજબરીપૂર્વક લૂંટ ચલાવવા સબબ જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.પી. રાજપૂત દ્વારા હાથ ધરવામાં આવી છે

## જેતપુરના નવાગઢમાં વાહન પાર્ક કરવા જેવી નજીવી બાબતે સશસ્ત્ર ધીંગાણું

(એજન્સી) જેતપુર | તા. 01

જેતપુર નવાગઢ ખાટકીવાસ વિસ્તારમાં મોડી રાત્રિના સશ ધીંગાણું ખેલાયું થયું હતું જેમાં તલવાર-પાઈપ વડે સામસામે હુમલો કરાતા મહિલા સહિત છ વ્યકિતઓને ઈજા પહોંચી હતી વાહન પાર્ક કરવા બાબતે બોલાચાલી થયા બાદ ૨૪ શખસોનું ટોળું તલવાર સહિતના હથિયારો ધારણ કરી ધસી આવ્યું હતું અને નવાગઢમાં રહેતા યુવાન તથા તેના માતા પિતા પર હુમલો કર્યો હતો તેમજ સાત વાહનોમાં તોડફોડ કરી હતી. તો સામાપક્ષે થયેલા હુમલામાં ત્રણ યુવાનો ઘવાયા હતા. આ અંગે ફરિયાદના આધારે પોલીસે ૩૦ શખસો સામે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે. બનાવની જાણવા મળતી વિગતો મુજબ, જેતપુરમાં નવાગઢ ખાટકીવાસ વિસ્તારમાં રહેતા તોસિફ ઉર્ફે ભોપો ઈકબાલભાઈ લાખાણીને ઉધોગનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓ તરીકે નજુ લાલુ, ધમા માકડ, વિપુલ લાલુ, સાગર પરમાર, અનિદ્ધ વાળા, રવિ વીકમાં અને મોન્ટુ બારોટ તેમજ ૧૪ અજાણ્યા શખસોના નામ આપ્યા છે.

## માલિકીની જમીન બાબતે મારામારી: ટંકારાના સરાયા ગામે માલિકીની જમીનમાં સફાઈ કરતાં બે ભાઈને છરીના ઘા ઝીંક્યા

(એજન્સી) મોરબી | તા. 01

ટંકારાના સરાયા ગામે માલિકીની જમીન બાબતે સિવિલ દાવો ચાલી રહ્યો છે અને યુવાન તેના ભાઈની સાથે જમીનની સાફ-સફાઈ કરવા માટે ગયો હતો. ત્યારે સામેવાળા ચાર શખ્સોએ છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. ત્યારે યુવાન તેમજ તેના ભાઈને છરીના ઘા માર્યા હતા અને ઢીકાપાટુનો માર મારીને જાનથી નાખવાની ધમકી આપી હતી. જેથી ભોગ બનેલા યુવાને સારવાર લીધા બાદ ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર શખ્સોની સામે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરી હતી.
ટંકારા તાલુકાના નેસડા ગામે રહેતા અબ્દુલભાઈ અભરામભાઈ કેડ (35)એ હાલમાં ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અબ્દુલ જુમાભાઈ કેડા, વસીમ અબ્દુલભાઈ કેડા, દિલાવર જુસબભાઈ વિકિયાણી અને દિલાવરનો દીકરો આમ કુલ ચાર શખ્સોની સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, તેના પિતાના નામની સરાયા ગામે સર્વે નં-2 પૈકી 26ની માલિકીની જમીન આવેલી છે અને તે જમીન બાબતે કોર્ટમાં સિવિલ દાવો ચાલુ છે. જો કે, ફરિયાદી તેના ભાઈની સાથે જમીનની સાફ-સફાઈ કરતા હતા. ત્યારે આરોપીઓને તે સારું નહીં લાગતા ફરિયાદી તથા તેની સાથે રહેલ તેના ભાઈ સલીમભાઈ અભરામભાઈ કેડ સાથે બોલાચાલી ઝઘડો કર્યો હતો અને અપશબ્દો આપીને આરોપી વસીમ કેડએ તેની પાસે રહેલી છરી વડે ફરિયાદી યુવાનને છાતીના ભાગે બગલ પાસે એક ઘા માર્યો હતો.
અબ્દુલ કેડએ પીઠના ભાગે પાંચેક ઘા માર્યા હતા. તેવી જ રીતે સલીમભાઈને પણ વસીમ કેડએ જમણા પડખાના ભાગે છરીનો એક ઘા માર્યો હતો અને દિલાવર તથા તેના દીકરાએ ફરિયાદી અને તેના ભાઈને ઢીકાપાટુનો માર મારીને બંને ભાઈઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ભોગ બનેલા યુવાન અને તેના ભાઈને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ યુવાને નોંધાવેલી ફરિયાદ આધારે પોલીસે ચાર શખ્સોની સામે ગુનો નોંધી આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.




## નજીવી બાબતે બોલાચાલી બાદ મારામારી: મોરબીના ખાનપર ગામે ગાડી સાઈડમાં લેવા બાબતે ઝઘડો થતાં મારામારી થઇ...

(એજન્સી) મોરબી | તા. 01

મોરબી તાલુકાના ખાનપર ગામના બસ સ્ટેશન પાસે ગાડી સાઈડમાં લેવા બાબતે બોલાચાલી, ઝઘડો અને મારામારી થઈ હતી. ત્યારે બંને પક્ષેથી માથાના ભાગે માર મારવામાં આવ્યો હોવાથી ઈજાગ્રસ્ત પામેલા લોકોને સારવારમાં લઈ ગયા હતા અને આ બનાવ સંદર્ભે હાલમાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે બંને પક્ષેથી સામસામે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે જુદા જુદા બે ગુના નોંધીને આરોપીઓને પકડવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે.
મોરબીમાં સનાળા રોડ ઉપર આવેલી યદુનંદન પાર્ક શેરી નં-2માં મોમાઈ કૃપા ખાતે રહેતા ઈન્દ્રજીતસિંહ ગજેન્દ્રસિંહ જાડેજા (34)એ હાલમાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે દેવેન્દ્રસિંહ ઉર્ફે અશોકભાઈ સજુભા જાડેજા રહે. સનાળા બાયપાસ ન્યારા પેટ્રોલ પંપની બાજુમાં વૃંદાવન સોસાયટી મોરબી વાળાની સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, ખાનપર ગામે બસ સ્ટેશન પાસે ફરિયાદીએ આરોપીને તેની ગાડી સાઈડમાં લેવા માટે તેને કહ્યું હતું. ત્યાર બાદ બોલાચાલી અને ઝઘડો થયો હતો અને ફરિયાદી યુવાનને માથાના કપાળના ભાગે માર્યો હતો અને અપશબ્દો આપીને ઢીકાપાટુનો માર માર્યો હતો. જેથી ઈજા પામેલા ઈન્દ્રજીતસિંહ જાડેજાને સારવાર માટે હોસ્પિટલે લઈને આવ્યા હતા. ત્યાં તેને કપાળના ભાગે ટાંકા આવ્યા હતા અને હાલમાં યુવાને દેવેન્દ્રસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.
જ્યારે સામાપક્ષેથી આ બનાવમાં સનાળા બાયપાસ રોડે આવેલ વૃંદાવન સોસાયટીમાં રહેતા દેવેન્દ્રસિંહ ઉર્ફે અશોકભાઈ સજુભા જાડેજા (61) એ ઈન્દ્રજીતસિંહ ગજેન્દ્રસિંહ જાડેજા અને ગજેન્દ્રસિંહ બળવંતસિંહ જાડેજા રહે. બને યદુનંદન પાર્ક નં-2 મોરબી સનાળા રોડ મોરબી વાળાની સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણે જણાવ્યું છે કે, તેને સાથે ગાડી સાઈડમાં લેવા બાબતે ખાનપર ગામના બસ સ્ટેશન પાસે ઈન્દ્રજીતસિંહ જાડેજાએ બોલાચાલીને ઝઘડો કર્યો હતો અને ત્યારે ગજેન્દ્રસિંહ જાડેજાએ તેને પકડી રાખ્યા હતા અને ઈન્દ્રજીતસિંહ જાડેજાએ લાકડાના ધોકા વડે માથામાં તથા શરીરે માર માર્યો હતો.

**પશ્ચિમ રેલવે**
**સમારકામ કામ**
Sr.DEN(દક્ષિણ) મુંબઈ સેન્ટ્રલ આમંત્રિત કરે છે ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ- BCT/24-25/197, તારીખઃ- 28-10-2024. , કાર્ય અને સ્થાનઃ- ચર્ચગેટ - વિરાર વિભાગઃ- ADEN(T/S)PL હેઠળ SSE (Pway) દાદર અને અંધેરી વિભાગ ખાતે Pwayનું સમારકામ. કાર્યનું અંદાજીત કિંમત :- રૂઃ 6,17,14,142.90. , ઈએમડીઃ- રૂઃ 4,58,600.00. સબમિશન કરવાની તારીખ અને સમય :- 26-11-2024 એ 15:00 કલાક . ખુલવાની તારીખ અને સમય :- 26-11-2024 એ 15:30 કલાક . વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0691
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**જાળવણી કાર્ય**
Sr.DSTE/ઉત્તર/મુંબઈ સેન્ટ્રલ, 2જી માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008 સીરીયલ નંબર્સઃ 01, ઈ-ટેન્ડર નંબરઃ- SG-141-1-69-SM આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થાનઃ- વિરાર-સુરત વિભાગમાં ટ્રેક / સિગ્નલ/LC ગેટ સંકેત જેવી ગેટ/ઓટો વિભાગની માહિતી માટે SM રૂમમાં સિમ્યુલેશન પેનલ પ્રદાન કરીને LC ગેટ પર વિશ્વસનીયતા અને સલામતીમાં સુધારો. કાર્યનું અંદાજીત કિંમત :- રૂઃ 77,25,138.00/-. ઈએમડી :- રૂઃ1,54,000/-. ક્રમ નં :- 2, ઈ-ટેન્ડર નંબર :- SG-141-1-69-OFC. કાર્ય અને સ્થાનઃ- વિરાર-સુરત વિભાગમાં એલસી ગેટ પર વિશ્વસનીયતા અને સલામતીમાં સુધારણા માટે OFC અને SnT કેબલ અને અન્ય ટેલિકોમ સામગ્રી મૂકવી. કાર્યનું અંદાજીત ખર્ચ :- રૂઃ 75,09,287.00/-. ઈએમડીઃ- રૂઃ 1,50,200.00/-. બંને ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટેનો સમય અને તારીખઃ- 20-11-2024 ના રોજ 15:00 કલાક સુધી. બંને ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ :- 20-11-2024ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબ સાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0695
અમને લાઈક કરો:: facebook.com/WesternRly

**દિલ્હી યુનિવર્સિટી**
જાહેરાત ક્રમાંક :- R&P/307/2024 તારીખ :- 03-10-2024
દિલ્હી યુનિવર્સિટીના વિવિધ વિકાસમાં 7મા કેન્દ્રીય પગાર પંચના પગાર મેટ્રિક્સના શૈક્ષણિક પગાર સ્તર 10 માં સહાયક પ્રોફેસરની પોસ્ટ પર નિમણૂક માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત અરજી ફોર્મમાં ઑનલાઈન અરજી મંગાવવામાં આવે છે. અરજીની પ્રાપ્તિ માટેની છેલ્લી તારીખ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં જાહેરાતના પ્રકાશનની તારીખથી બે અઠવાડિયા છે. વિગતોની વિગતો માટે કૃપા કરીને યુનિવર્સિટીની વેબસાઈટ www du ac.in ની મુલાકાત લો અને ‘DU સાથે કામ કરો‘ શીર્ષક હેઠળ ‘જાહેરાત -વિભાગો‘ પર ક્લિક કરો.
**કોઈપણ પરિશિષ્ટ/શુદ્ધિપત્ર ફક્ત યુનિવર્સિટીની વેબસાઈટ પર જ પોસ્ટ કરવામાં આવશે.**
CBC -21231/12/0013/2425 રજીસ્ટ્રાર

**દિલ્હી યુનિવર્સિટી**
જાહેરાત ક્રમાંક :- R&P/308/2024 તારીખ :- 03-10-2024
દિલ્હી યુનિવર્સિટીના વિવિધ વિકાસમાં 7મા કેન્દ્રીય પગાર પંચના પગાર મેટ્રિક્સના શૈક્ષણિક પગાર સ્તર 13A માં એસોસિયેટ પ્રોફેસરની પોસ્ટ પર નિમણૂક માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત અરજી ફોર્મમાં ઑનલાઈન અરજી મંગાવવામાં આવે છે. અરજીની પ્રાપ્તિ માટેની લેસર તારીખ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં જાહેરાતના પ્રકાશનની તારીખથી બે અઠવાડિયા છે. વિગતોની વિગતો માટે કૃપા કરીને યુનિવર્સિટીની વેબસાઈટ www du ac.in ની મુલાકાત લો અને ‘DU સાથે કામ કરો‘ શીર્ષક હેઠળ ‘જાહેરાત -વિભાગો‘ પર ક્લિક કરો.
**કોઈપણ પરિશિષ્ટ/શુદ્ધિપત્ર ફક્ત યુનિવર્સિટીની વેબસાઈટ પર જ પોસ્ટ કરવામાં આવશે.**
CBC -21231/12/0015/2425

**દિલ્હી યુનિવર્સિટી**
જાહેરાત ક્રમાંક :- R&P/309/2024 તારીખ :- 03-10-2024
દિલ્હી યુનિવર્સિટીના વિવિધ વિકાસમાં 7મા કેન્દ્રીય પગાર પંચના પગાર મેટ્રિક્સના શૈક્ષણિક પગાર સ્તર 14 માં પ્રોફેસરની નિમણૂક માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત અરજી ફોર્મમાં ઑનલાઈન અરજી મંગાવવામાં આવે છે. અરજીની પ્રાપ્તિ માટેની લેસર તારીખ એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં જાહેરાતના પ્રકાશનની તારીખથી બે અઠવાડિયા છે. વિગતોની વિગતો માટે કૃપા કરીને યુનિવર્સિટીની વેબસાઈટ www du ac.in ની મુલાકાત લો અને ‘DU સાથે કામ કરો‘ શીર્ષક હેઠળ ‘જાહેરાત -વિભાગો‘ પર ક્લિક કરો.
**કોઈપણ પરિશિષ્ટ/શુદ્ધિપત્ર ફક્ત યુનિવર્સિટીની વેબસાઈટ પર જ પોસ્ટ કરવામાં આવશે.**
CBC -21231/12/0017/2425 રજીસ્ટ્રાર

## ઝીકા વાઈરસનો શંકાસ્પદ કેસ:ગાંધીનગરમાં રહેતા 75 વર્ષીય વૃદ્ધમાં લક્ષણો દેખાતા સેમ્પલ લઈ પુના મોકલાયા, આરોગ્ય વિભાગની 25 ટીમોએ સર્વેલન્સ હાથ ધર્યું

ગાંધીનગર: ગાંધીનગરમાં મિશ્ર ઋતુનાં અહેસાસ વચ્ચે મચ્છરજન્ય રોગોમાં ઉછાળો આવ્યો છે. એવામાં ગાંધીનગરમાંથી ઝીકા વાયરસનો શંકાસ્પદ કેસ પણ સામે આવ્યો છે. સેક્ટર - 5 ના 75 વર્ષિય વૃધ્ધની તબીયત લથડતા તેમને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી હતી. જે દરમ્યાન તબીબને શંકા જતા તેમના જરૂરી સેમ્પલ પરિક્ષણ માટે પૂનાની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ઉપરાંત શંકાસ્પદ દર્દીના ઘર સહીતના આસપાસ વિસ્તારોમાં ખાસ ડ્રાઈવ યોજી પોરાનાશક તેમજ ફોગીંગની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરમાં ચોમાસાની ઋતુ પછી પણ વરસાદની આવન જાવન વચ્ચે નવરાત્રિ દરમ્યાન પણ કમોસમી વરસાદ પડ્યો હતો. ગાંધીનગરમાં મિશ્ર ઋતુનાં અહેસાસ વચ્ચે વાયરલ બિમારીઓ વધી છે. બીજીબાજુ મચ્છરજન્ય રોગોનું પણ પ્રમાણ વધી ગયું છે. ડેન્ગ્યુની સાથે ચિકનગુનીયાનાં રોગમાં પણ શારીરિક પિડા-દુઃખાવો લાંબા સમય સુધી રહેવાની ફરિયાદ છે.એવામાં મચ્છરથી ફેલાતા ઝીકા વાયરસનો શંકાસ્પદ કેસ ગાંધીનગર શહેરમાંથી મળી આવ્યો છે. ગાંધીનગરના સેક્ટર-5માં રહેતા વૃદ્ધની તબીયત લથડતા તેમને સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલવામાં આવ્યા હતા. જે દરમ્યાન તબીબોને વૃદ્ધ દર્દીના લક્ષણો અલગ લાગતા તેમણે ઝીકા વાયરસના પરિક્ષણ માટે જરૂરી સેમ્પલ લેવડાવ્યા હતા અને તે પૂનાની લેબોરેટરીમાં મોકલી આપ્યા છે.

### ન્યુઝ ફ્લેશ

#### થરાદના પીલુડા નજીક બાઈક ચાલક ડીવાઈડરને અથડાતાં ચાલકનું મોત

થરાદ : થરાદ પાસેથી પસાર થતા ભારતમાલા હાઈવે પર પીલુડા-મેસરા વચ્ચે બુધવારે કચ્છ બાજુથી આવતાં બાઈક ચાલકે સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ડિવાઈડર સાથે અથડાયું હતું. જેમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત થયું હતું.જ્યારે અન્ય સવાર યુવકને ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે થરાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કચ્છ બાજુથી ત્રણ બાઈક લઈને યુવાનો રાજસ્થાન બાજુ વતનમાં જઈ રહ્યા હતા. ત્યારે થરાદના પીલુડા - મેસરા વચ્ચે ભારતમાલા હાઈવે પર બાઈક ચાલક રમેશભાઈ કલાભાઈ પ્રજાપતિ સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ડીવાઈડરને અથડાતાં અકસ્માત સર્જાયો હતો.

#### થરાદના કરબુણમાં ગુરુકૃપા ટ્રેડર્સમાંથી લીધેલ સેમ્પલમાં નકલી ખાતર નીકળ્યું

થરાદ: થરાદના કરબુણ ગામે આવેલ ગુરુકૃપા ટ્રેડર્સનાં ગોડાઉન તથા ઘરે જિલ્લા નાયબ ખેતી નિયામકે 11 ઓક્ટોબરે રેડ કરીને ખાતરના સેમ્પલ લીધા હતા. અને તપાસ અર્થે ગાંધીનગર મોકલ્યા હતા. જે ખાતરના સેમ્પલ બિનપ્રમાણિત જાહેર થયા હતા. જેથી ગુરુકૃપા ટ્રેડર્સમાંથી 381 કટ્ટા નકલી ખાતરને સીલ કરાયું હતું. દુકાન સંચાલક અને લાયસન્સ ધારક વિરુદ્ધ થરાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી. પાલનપુરના નાયબ ખેતી નિયામક, મદદનીશ ખેતી નિયામક, વડગામ અને દિયોદરના ખેતી અધિકારીને સાથે રાખીને 11 ઓક્ટોબરે થરાદ તાલુકાના કરબુણ ગામે આવેલ ગુરુકુપા ટ્રેડર્સ નામની ખાતરની દુકાન અને ગોડાઉનમાં રેડ કરી હતી.

#### ગૌશાળાના લાભાર્થે ભાગવત કથાનો ધમધમાટ શરૂ

ગાંધીધામ: ગાંધીધામના ભારતનગર ખાતે આગામી તા.2 નવેમ્બરથી સતવારા યુવા સેવા ગ્રૂપ તથા કૈલાસ મહિલા મંડળ દ્વારા ગૌસેવાના લાભાર્થે સમુહ ભાગવત કથા સમિતિ દ્વારા આયોજિત થઇ રહ્યું છે. ભાગવતચાર્ય શાસ્ત્રી ધનેશ્વરભાઇ જે. જોશી વ્યાસથાને 67 પોથી સમુહ શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરાયું છે. કથાના આયોજનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. એક વિશાળ ડોમ, મહાપ્રસાદ માટે બે મંડળ તૈયાર કરવામાં આવ્યા છે.

67 પોથી સમુહ શ્રીમદ ભાગવત કથાના મુખ્ય યજમાન પદે કુમારી મધુબેન મનજીભાઇ પરીવાર રહેશે. સતવારા સેવા ગ્રૂપના પ્રમુખ વિરેનભાઇ સતાવારાએ જણાવ્યું હતું કે, કથાની તૈયારીનો ધમધમાટ ચાલી રહ્યો છે.

### ઓસ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા અને યુરોપના દેશોમાં કન્ટેનર મારફતે મોટા પ્રમાણમાં નિકાસ કરતા હોય છે

# આણંદ જિલ્લો ચોળાફળી અને મઠિયાના ઉત્પાદનનું મોટું હબ



(એજન્સી) આણંદ | તા.01

ચરોતરમાં આજે દિવાળીની ઉજવણી થશે. દિવાળી આવે એટલે ચરોતરની ચોળાફળી અને મઠિયાની ખરીદી માટે લોકોની ભીડ જામતી હોય છે. આણંદ જિલ્લો ચોળાફળી અને મઠિયાના ઉત્પાદનનું મોટું હબ ગણાય છે. ચરોતરમાં બનતી ચોળાફળી અને મઠિયાની રાજ્યના વિવિધ શહેરો સહિત વિદેશોમાં નિકાસ કરવામાં આવે છે. આણંદ, ભાદરણ, વીરસદ, સારસા, આંકલાવ અને ઉત્તરસંડાના મઠિયા અને ચોળાફળીની દેશ વિદેશમાં માંગ રહેતી હોય છે. દિવાળીનો તહેવાર આવતા જ ગુજરાતીઓ મઠિયા અને ચોળાફળીની લીજ્જત માણતા હોય છે. ગણેશ મહોત્સવથી જ ચરોતરમાં મઠિયા અને ચોળાફળીનું ઉત્પાદન શરૂ થઈ જતું હોય છે. મોટા ઉત્પાદકો કોલ્ડ સ્ટોરેજમાં મૂકી દે છે. બાદમાં ઓસ્ટ્રેલિયા, અમેરિકા, આફ્રિકા અને યુરોપના દેશોમાં કન્ટેનર મારફતે મોટા પ્રમાણમાં નિકાસ કરતા હોય છે. ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ તથા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના શહેરોમાં પણ ચરોતરમાંથી મઠિયા અને ચોળાફળી મોકલવામાં આવતી હોય છે. હાલ આણંદ, બોરસદ, ખંભાત, પેટલાદ, સોજિત્રા, તારાપુર, ઉમરેઠની બજારોમાં મઠિયા અને ચોળાફળીની ખરીદી માટે લોકો ઉમટી રહ્યા છે. દુકાનોની સાથે સાથે બજારમાં લારી અને પાથરણાવાળાઓ મઠિયા અને ચોળાફળીનું વેચાણ કરતા નજરે પડે છે. ચાલુ વર્ષે કરોડો રૂપિયાની ચોળાફળી અને મઠિયાનું વેચાણ થવાની શક્યતાઓ છે. ઉપરાંત જિલ્લામાં દિવાળી પર ગળપણ ધરાવતી મેંદાના લોટની સુંવાળી અને ઘુઘરાની પણ માંગ વધુ રહેતી હોય છે.

## ટોટાણામાં યુવતીની છેડતી કરનારા શખ્સોને પોલીસ ન પકડતાં એસપીને રજૂઆત કરાઈ

થરા : ટોટાણામાં 25 ઓક્ટોબરએ બે શખસોએ યુવતીની છેડતી કરી હતી. કહેવા જતાં યુવતી, નાની બહેન અને ભાભી ઉપર જીવલેણ હૂમલો કર્યો હતો. જે અંગે છ શખસો વિરુદ્ધ થરા પોલીસ મથકે રજૂઆત કરતાં ન્યાય ન મળતાં યુવતીના ભાઈએ મંગળવારે જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી ન્યાયની માંગ કરી હતી. કાંકરેજના ટોટાણા ગામની યુવતી તા.25 ઓક્ટોબરએ ખેતરમાં જતા હતા. ત્યારે ગામના વિપુલભાઈ સાદુલભાઈ ભરવાડ તથા મેરાભાઈ હાજાભાઈ ભરવાડ આવીને હાથ પકડી છેડતી કરતાં યુવતીએ બૂમાબૂમ કરતા તેમની ભાભી આવી જઈ ઠપકો આપ્યો હતો. જેથી બન્ને શખસો અપશબ્દો બોલતાં તેમને ના પાડતાં જહાભાઈ માતમભાઈ ભરવાડે તેમના હાથમાંનું ધારીયું યુવતીની નાની બહેનને હાથ તેમજ કપાળમાં માર્યું હતું. જેથી યુવતી તથા ભાભી વચ્ચે છોડાવવા પડતા ભગવાનભાઈએ યુવતીને કમરના ભાગે લોખંડની એંગલ મારી હતી. તેમજ જામાભાઈ તથા મુકેશભાઈએ યુવતીની ભાભીને કમરના તથા પીઠના ભાગે લોખંડની એંગલ મારી હતી.

### શ્રમિકો, કર્મચારીઓ હાજર ન હોવાથી દુર્ઘટના ટળી

# ઓએનજીસીના તેલના કૂવામાં વિકરાળ આગ ભભૂકતા દોડધામ



(એજન્સી) આણંદ | તા.01

બોરસદ તાલુકાના વાલવોડ ગામે ઓએનજીસીના તેલના કૂવામાં કામગીરી ચાલી રહી હતી ત્યારે એકાએક આગ ભભૂકી ઉઠી હતી. બપોરે લાગેલી આગ પર મોડી સાંજે ફાયર બ્રિગેડ દ્વારા કાબુ મેળવવામાં આવ્યો હતો. બનાવના સમયે કોઈ કર્મચારી સહિતના ઘટનાસ્થળે હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. વાલવોડ ગામ પાસે આવેલા ઓએનજીસીના તેલના કૂવામાં કામ ચાલી રહ્યું હતું. ત્યારે બુધવારે અચાનક એક કુવામાં આગ ભભૂકી ઉઠી હતી. એકાએક આગ પ્રસરી જતાં કુવામાંથી તેલ બળવા લાગતા ધુમાડાના ગોટેગોટા વાતાવરણમાં ફેલાયા હતા. જેને પગલે અફરાતફરી મચી ગઈ હતી. તેમજ ગ્રામજનો પણ ઘટનાસ્થળ તરફ દોડયા હતા. ઓએનજીસીના અધિકારીઓએ તાત્કાલિક ખંભાત ઓએનજીસી અને મુવડથી ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જોકે, ફાયર બ્રિગેડ સાંજે સાડા ચાર પછી ઘટનાસ્થળે પહોંચી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. બીજી તરફ બે કલાકમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કુવા પાસે કર્મચારી સહિતના કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી સદનસીબે જાનહાનિ થઈ નહતી. મોડી સાંજે પાંચ વાગ્યા બાદ ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. જોકે, આગ લાગવા પાછળનું કારણ હજૂ સુધી અકબંધ રહ્યું છે.

### મહાભારત કાળથી આ પરંપરા અકબંધ

## ગુજરાતમાં એકમાત્ર દિવાળીનો ઐતિહાસિક વારસો, ડુંગર પર રાત્રે 13 ફૂટ ઊંચુ મેરાયું પ્રકાશ પાથરશે

(એજન્સી) અરવલ્લી | તા.01



અરવલ્લીમાં દિવાળીનો ઐતિહાસિક વારસો આજે પણ જળવાયેલો છે. જેમાં શામપુર ગામના ઉંચા ડુંગર ઉપર આજે (31મી ઓક્ટોબર) દિવાળીની રાત્રે 13 ફૂટ ઉંચુ અને 7 ફૂટ ઘેરાવો ધરાવતું મેરાયું પ્રગટાવી પ્રકાશ પર્વની દર વર્ષની જેમ ઉજવણી કરવામાં આવશે. ગ્રામજનોના જણાવ્યાનુસાર, મહાભારત કાળથી આ પરંપરા અકબંધ છે. અગાઉના વર્ષોમાં દિવાળીના દિવસે બાળકો હાથમાં મેરાયું લઈને 'આજ દિવાળી, કાલ દિવાળી ગોકુળિયામાં થાય દિવાળી' બોલતાં બોલતાં ઘરે ઘરે તેલ પૂરવા માટે નિકળતાં હતાં. પરંતુ હવે મેરાયું પ્રગટાવવાની પરંપરા લુપ્ત થતી જાય છે. ત્યારે અરવલ્લીના શામપુર ગામે દિવાળીની રાત્રે ડુંગર ઉપર રાજ્યનું સૌથી મોટું અને ઐતિહાસિક કથા સમાન મેરાયું પ્રગટાવવાની પરંપરા જળવાયેલી રહી છે. મહાભારત કાળથી આ પરંપરા ચાલી આવી છે. ઊંચા ડુંગર ઉપર મેરાયું ઈંટ અને ચૂનાથી ચણવામાં આવ્યું છે. દિવાળીની રાત્રે ગ્રામજનો વાજતે ગાજતે ડુંગર ઉપર જઈ પરંપરા મુજબ મેરાયું પ્રગટાવતા હોવાથી ગ્રામજનોમાં તેનો ઉત્સાહ જોવા મળ્યો છે.

### બુલેટ ટ્રેનના પીલર નજીક વહેલી સવારે બનેલો બનાવ

# પીપલગ ગામ પાસે ટ્રેલર ડિવાઈડર સાથે અથડાયા બાદ આગ લાગતા ચાલક ભડથું



(એજન્સી) નડિયાદ | તા.01

પીપલગ સીમમાંથી પસાર થતા નેશનલ હાઈવે નં.-૪૮ પર બુલેટ ટ્રેનના પીલર નજીક આજે વહેલી સવારે સ્ટીલના રોલર ભરેલું ટ્રેલર ડિવાઈડર સાથે અથડાયું હતું. જેથી ટ્રેલરની કેબિનમાં આગ ભભુકી ઉઠતા ટ્રેલર ચાલક આગમાં ભડથું થઈ ગયો હતો. પોલીસે જેસીબીની મદદથી ટેલરની કેબીનમાંથી ડ્રાઈવરના મૃતદેહને બહાર કાઢયો હતો. નડિયાદના પીપલગ નજીકથી નેશનલ હાઈવે નં .૪૮ પસાર થાય છે. આ હાઈવે પર પીપલગ એપીએમસી બુલેટ ટ્રેનના પીલર નજીક બુધવારે વહેલી સવારે પુરપાટ આવી રહેલું ટ્રેલર ડિવાઈડર સાથે અથડાયું હતું. ટ્રેલરની પાછળની ખુલ્લી જગ્યામાં લોખંડની સાંકળથી બાંધેલા સ્ટીલના પ્લેટોના રોલ અકસ્માત સર્જાતા કેબિન તરફ ધસી આવ્યા હતા. જેમાં અમુક રોલરો કેબિન પર પડતા કેબિનમાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી. અકસ્માતની જાણ થતા દોડી આવેલી નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. પરંતુ આગ કાબૂમાં આવે તે પહેલા ટ્રેલરનો ચાલક કેબિનમાં બળીને ભડથું થઈ જતા મૃત્યુ પામ્યો હતો. નડિયાદ ગ્રામ્ય પોલીસ તેમજ નડિયાદ ડિવિઝનના ડીવાયએસપી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને જેસીબીની મદદથી કેબિનમાંથી બહાર કાઢી પીએમ અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવા સાથે ઓળખ કરવા કાર્યવાહી હાથ ધરી છે.

## નડિયાદ શહેરમાં બિલ્ડિંગના મીટરોમાં શોર્ટ સર્કિટથી આગ



નડિયાદ : નડિયાદના કોલેજ રોડ પર આવેલા ક્રિષ્ના ક્રાઉન્સ નામના બિલ્ડીંગના ભોંયતળીયે મીટરમાં શોર્ટસર્કિટથી આગ લાગી હતી. અચાનક લાગેલી આગ આસપાસના મીટરોમાં પ્રસરતા તમામ મીટરો બળીને ખાક થઈ ગયા હતા. ઘટનાને પગલે ત્વરિત વીજ પૂરવઠો બંધ કરાયો હતો. ઘટનાનો કોલ આવતા નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી અને આગ પર કાબૂ મેળવી બિલ્ડિંગમાં પ્રસરતા અટકાવી હતી.

# 10,000 દીવડાંથી ઝગમગી ઊઠ્યું અક્ષરધામ મંદિર, રંગબેરંગી લાઈટિંગથી મંદિર પરિસર ઝળહળી ઊઠ્યો









ગાંધીનગર: દીપાવલીના પર્વ પર વિવિધ શહેરોમાં અને મંદિરોમાં રોશનીનો ઝગમગાટ કરવામાં આવ્યો છે. ત્યારે પાટનગર ગાંધીનગરનું અક્ષરધામ મંદિર 10 હજાર દીવડાંની રોશનીથી ઝળહળી ઉઠયું છે. જેનો અલૌકિક નજારો સામે આવ્યો છે. દીવડાંની સાથે સાથે લાઈટિંગે મંદિરની શોભા વધારી છે. ચારેબાજુ ઝળહળાટ જોવા મળી રહ્યો છે.અક્ષરધામમાં વર્ષ 1992માં પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા દિવાળીના તહેવાર ઉપર દીપ પ્રગટાવવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી લઈને દર વર્ષે દિવાળીના તહેવાર ઉપર પાંચ દિવસ સુધી 10 હજાર દીવડાનો ઝગમગાટ કરવામાં આવે છે. આજે પણ ગાંધીનગરના અક્ષરધામ મંદિર પરિસર ખાતે 10 હજાર દીવડાં ઝગમગાટ કરતા અલૌકિક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. દિવાળીના દિવસોમાં અક્ષરધામ મંદિરમાં દિવાળીથી લાભપાંચમ સુધી દરરોજ સાંજે છ વાગ્યાથી લઈને આઠ વાગ્યા સુધી રોશની કરવામાં આવે છે. પ્રમુખસ્વામી મહારાજ દ્વારા રોશની કરવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી સતત તે સિલસિલો ચાલુ રાખવામાં આવ્યો છે. અક્ષરધામ મંદિરના દર્શન કરવાથી શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવે છે. આ પ્રકારનો રોશનીના ઝગમગાટના નયનરમ્ય દ્રશ્યો જોવા મળી રહ્યા છે.આ વર્ષે દર્શનાર્થીઓ માટે વિશેષ આનંદનો પ્રસંગ છે. અક્ષરધામમાં 49 ફૂટ ઊંચી નીલકંઠવર્ણીની પંચધાતુથી બનેલી ભવ્ય મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે, જે આ દિવસે લોકો માટે નવા આકર્ષણ રૂપે પ્રસ્તુત રહેશે. ભગવાન સ્વામિનારાયણ દ્વારા 11 વર્ષની નાની ઉંમરે ગૃહત્યાગ અને 12,000 કિલોમીટરની પદયાત્રા કરી, માનસરોવરથી કન્યાકુમારી અને આસામથી ગુજરાત સુધી યાત્રા કરી હતી, જ્યાં તેઓ "નીલકંઠવર્ણી" તરીકે લોકઆદરને પામ્યા હતા. એમની આ કથાની સ્મૃતિ રૂપે સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો આજે પણ નિત્યપ્રત્યે પ્રાતઃપૂજામાં એક પગે ઊભા રહી તપસ્યા કરે છે.31 ઓક્ટોબરથી 8 નવેમ્બર 2024 સુધી, દર સાંજે 6:00 થી 7:45 સુધી અક્ષરધામ પરિસરમાં દીવડાઓ અને ગ્લો ગાર્ડનથી શોભિત તહેવારનું દ્રશ્ય દર્શકોને આકર્ષશે. 4 નવેમ્બરથી આ પ્રસંગે પ્રદર્શન ખંડો અને વોટર શો સહિતના આકર્ષણો ખુલ્લા રહેશે, જે દર્શનાર્થીઓ માટે વિશેષ આકર્ષણ બનશે.11 નવેમ્બર, 2024ના રોજ વૈદિક વિધિ સાથે આ નવી મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહંતસ્વામી મહારાજના હસ્તે પૂરી કરવામાં આવશે. 49 ફૂટ ઊંચી આ મૂર્તિ ભગવાન સ્વામિનારાયણના પૃથ્વી ઉપર 49 વર્ષના જીવનનો પ્રતીક છે. આ મૂર્તિની સાથે અક્ષરધામ પરિસરમાં "નીલકંઠવાટિકા"નું નિર્માણ થયું છે, જે પ્રકૃતિની સુંદરતા અને પવિત્ર શાંતિનો અનુભવ કરાવશે.મહત્વનું છે કે, આ દિવાળીના પર્વે આલોકિત અક્ષરધામ અને નીલકંઠવર્ણીની આ ભવ્ય પ્રતિમાનું દ્રશ્ય દર્શનાર્થીઓ માટે એક અલૌકિક અને આધ્યાત્મિક અનુભવ બનશે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.




**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.




**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.




**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.




**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.




**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.




**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.



**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# 2024માં રિયલ એસ્ટેટ સેક્ટરના IPO થકી રૂ. 13,500 કરોડ એકત્ર કરાયા

(એજન્સી) મુંબઈ | તા 01

ભારતના રિયલ એસ્ટેટ સેક્ટરે આ વર્ષે આઈપીઓ ક્ષેત્રે જબરદસ્ત ઉછાળો નોંધાવ્યો છે. ૨૦ ઓક્ટોબર સુધી ૧૨૩ આઈપીઓનું લિસ્ટિંગ થયું છે, જે ગયા વર્ષ કરતા વધુ છે. આ વધારો આર્થિક અપેક્ષાઓ અને બજારમાં સારી તરલતા દર્શાવે છે ૨૦૨૪માં રિયલ એસ્ટેટ આઈપીઓ થકી આશરે ૧૩,૫૦૦ કરોડ એકત્ર કરાયા છે, જે ગયા વર્ષ કરતાં લગભગ બમણા છે. આ સાથે, રિટેલ અને સંસ્થાકીય રોકાણકારોની ભાગીદારી પણ વધી રહી છે, જે કંપનીઓની કમાણી અને બજારની વિશ્વસનીયતામાં સુધારો કરી રહી છે. ૨૦૧૦ થી અત્યાર સુધીમાં ૪૭ રિયલ એસ્ટેટ આઈપીઓ લિસ્ટેડ થયા છે.



આ વૃદ્ધિ મજબૂત હાઉસિંગ માંગ, ઓફિસ લીઝિંગમાં વધારો, ફ્લેક્સિબલ સ્પેસ ઓપરેટર્સનું વિસ્તરણ અને પ્રવાસન વૃદ્ધિને આભારી છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં માર્કેટ સેન્ટિમેન્ટ સકારાત્મક છે. ૨૦૨૧થી અત્યાર સુધીમાં ૨૧ રિયલ એસ્ટેટ આઈપીઓએ રૂ. ૩૧,૯૦૦ કરોડ એકત્ર કર્યા છે, જે ૨૦૧૭-૨૦૨૦થી બમણા છે. તેમાંથી ૪૬ ટકા મૂડી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓમાંથી એકત્ર કરવામાં આવી હતી, જ્યારે રીટ્સનો હિસ્સો ૨૨ ટકા હતો. તે જ સમયે, રેસિડેન્શિયલ ડેવલપર્સે ૫,૯૦૦ કરોડ એકત્ર કર્યા હતા, જે ગયા વર્ષ કરતાં ૧૦ ગણા વધારે છે. બીએસઈ રિયલ્ટી ઈન્ડેક્સે આ વર્ષે ૩૦ ટકાથી વધુનો વધારો નોંધાવ્યો છે, જે સેન્સેક્સ કરતાં ઘણું સારું પ્રદર્શન છે. રસપ્રદ વાત એ છે કે, રિયલ એસ્ટેટ આઈપીઓએ ૨૦૨૪ સુધીમાં રિયલ્ટી ઈન્ડેક્સને ૨૦૧૦થી લગભગ ૨૦ ટકાથી પાછળ રાખી દીધો છે. આ વર્ષે રિયલ એસ્ટેટના ૯૦ ટકાથી વધુ આઈપીઓ ઓવરસબ્સ્ક્રાઈબ થયા છે, જે હકારાત્મક બજારના સેન્ટિમેન્ટ અને રોકાણકારોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. કોરોના બાદ રહેઠાણ માટેની માગમાં જોરદાર વધારાને ધ્યાનમાં રાખી દેશની લિસ્ટેડ રિઅલ એસ્ટટ કંપનીઓએ વિસ્તરણ માટે ૨૦૨૪ના પ્રથમ નવ મહિનામાં કવાલિફાઈડ ઈન્સ્ટિટયૂશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી) મારફત કુલ રૂપિયા ૧૨૮૦૦ કરોડ ઊભા કર્યા છે.

# બનાવટી દસ્તાવેજો બતાવી ભારતમાં લાવવામાં આવી રહ્યો છે સ્ટીલનો ભંગાર

(એજન્સી) મુંબઈ | તા 01

ગલ્ફ કન્ટ્રી UAEની સ્ટીલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ પર ગેરકાયદેસર રીતે સ્ટીલ સ્ક્રેપની આયાત કરવાનો આરોપ છે. કંપનીઓએ નકલી દસ્તાવેજો અને નિકાસ ડ્યુટીની ચોરી અંગે ચિંતા વ્યક્ત કરીને ભારતીય કસ્ટમ્સ અધિકારીઓને લેખિત ફરિયાદ કરી છે. કંપનીઓએ ભારત સરકારને આ અંગે તાત્કાલિક અને કડક પગલાં લેવા અને UAEમાંથી સ્ટીલના ભંગારની ગેરકાયદેસર આયાત રોકવા વિનંતી કરી છે. કંપનીઓએ દાવો કર્યો છે કે કેટલાક એવા શિપર્સ છે જે ભારતમાં સ્ટીલના ભંગારની ચોરી કરી રહ્યા છે. આ શિપર્સ નકલી દસ્તાવેજો હેઠળ સ્ટીલના સ્ક્રેપની ચોરી જ નથી કરી રહ્યા પરંતુ કસ્ટમ ડ્યૂટીમાં પણ ભારતને નુકસાન પહોંચાડી રહ્યા છે. આ ઉપરાંત દેશને ગેરકાયદેસર આયાતથી પણ જોખમ છે. કંપનીઓ દ્વારા ભારતીય સત્તાવાળાઓને સબમિટ કરવામાં આવેલા દસ્તાવેજોમાં લોડિંગના બદલાયેલા બિલ, મૂળ દેશ અને લોડિંગના બંદર વિશે ખોટી માહિતી, બનાવટી મૂળ પ્રમાણપત્રો અને બનાવટી પ્રી-શિપમેન્ટ નિરીક્ષણ પ્રમાણપત્રોનો સમાવેશ થાય છે. કંપનીઓએ એવો પણ દાવો કર્યો છે કે કેટલાક શિપર્સ લેડીંગના નકલી બિલ બનાવીને આ ચાર્જને ટાળી રહ્યા છે. પત્રમાં વધુમાં લખવામાં આવ્યું છે કે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) હેઠળ UAE અને ભારત વચ્ચે વધુ સારા વેપાર સંબંધો છે. વેપાર દસ્તાવેજોને ખોટા બનાવીને અને નિકાસ ડ્યુટીને છીનવીને UAEમાંથી ગેરકાયદેસર સ્ટીલ સ્ક્રેપ શિપમેન્ટ કરવામાં આવ્યું છે, જે CEPA અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદાનું ગંભીર ઉલ્લંઘન છે. UAEની કંપનીઓએ ભારતના સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસના સભ્ય સુરજીત ભુજબલને લખેલા પત્રમાં જણાવ્યું છે કે અમે તમને UAEમાંથી ગેરકાયદેસર રીતે સ્ટીલના ભંગારની આયાત કરનારાઓ સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરીએ છીએ. યુનાઈટેડ આરબ અમીરાતની ફેડરલ ઓથોરિટીએ તાજેતરમાં નવી વેસ્ટ મેનેજમેન્ટ પોલિસી હેઠળ સ્ટીલ સ્ક્રેપ સહિતના ઔદ્યોગિક કચરા પર પ્રતિ મેટ્રિક ટન AED 400 ની નિકાસ ડ્યુટી લાદી છે.

## NEWS BRIEF

### Waaree Energiesમાં લિસ્ટિંગ પહેલાં થયો ખેલ! ધડામ કરતો તૂટ્યો GMP

મુંબઈ | ગ્રે માર્કેટમાં તબાહી મચાવનાર Waaree Energiesના શેર આજે એટલે કે 28મી ઓક્ટોબરે માર્કેટમાં લિસ્ટ થશે. 76.34 વખત સબસ્ક્રાઈબ થયેલા આ IPOને લઈને રોકાણકારોમાં ઘણો ક્રેઝ છે. તે ગ્રે માર્કેટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યું હતું, જેના કારણે એક સમયે તેનો GMP વધીને રૂ. 1590 થઈ ગયો હતો, જેના કારણે તે 105.79 ટકાના પ્રીમિયમ પર સૂચિબદ્ધ થવાની અપેક્ષા હતી. પરંતુ તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. InvestorGainના જણાવ્યા અનુસાર, 8 ઓક્ટોબર 2024ની સવાર સુધી તે રૂ. 1275ના GMP પર ટ્રેડ થઈ રહ્યો હતો. આવી સ્થિતિમાં તેની અંદાજિત લિસ્ટિંગ કિંમત 2778 રૂપિયા છે. તેથી તે 84.83% સાથે લિસ્ટિંગ ગેઈન હાંસલ કરી શકે છે. Waaree Energiesનો IPO 21 ઓક્ટોબરે રોકાણ માટે ખુલ્લો હતો, જે 23 ઓક્ટોબરે બંધ થયો હતો. આ ત્રણ દિવસમાં આ IPOને રોકાણકારોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. IPO લગભગ 76.34 વખત સબસ્ક્રાઈબ થયો હતો. આટલા મોટા પાયે સબ્સ્ક્રિપ્શન મેળવવાની બાબતમાં, આ IPOએ બજાજ હાઉસિંગ ફાયનાન્સ, LIC જેવા મોટા ખેલાડીઓને પણ પાછળ છોડી દીધા હતા. જ્યારથી Waaree Energiesનો IPO ખુલ્યો ત્યારથી ગ્રે માર્કેટમાં તેની પકડ મજબૂત રહી છે. એક સમયે તેનો GMP 1500થી વધી ગયો હતો, પરંતુ છેલ્લા બે દિવસમાં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો.

### 17 વર્ષ બાદ આ કંપની રોકાણકારોને આપવા જઈ રહી છે મોટી ભેટ

મુંબઈ | લગભગ 550 કરોડ રૂપિયાની માર્કેટ કેપવાળી કંપની Bharat Seats 5 નવેમ્બરના રોજ બોર્ડ બેઠક કરશે. આ બોર્ડ બેઠખમાં કંપની સપ્ટેમ્બર ક્વાટર પર ચર્ચા કરશે. આ બેઠકમાં કંપની શેરધારકોને બોનસ શેર આપવા પર વિચાર કરશે. જાણકારી અનુસાર, આ કંપનીની પ્રમોટર Maruti Suzuki India છે. ગત 17 વર્ષમાં આ પહેલીવાર હશે, જ્યારે આ કંપની બોનસ શેરની જાહેરાત કરવાની છે. અંતિમ વખતે 2007માં Bharat Seatsએ બોનસ શેરની જાહેરાત કરી હતી. આ સમયે કંપનીએ દરેક 1 શેર પર 1 બોનસ શેર આપ્યા હતા. Bharat Seatsએ આ બોનસ શેરના પ્રસ્તાવ માટે રેકોર્ડ ડેટની જાણકારી આપી નથી. Bharat Seatsની હાલની શેરહોલ્ડિંગ પેટર્નથી ખબર પડે છે કે, Maruti Suzukiની પાસે આ કંપનીમાં 14.81 ટકા હિસ્સો છે. આ ઉપરાંત Suzuki Motor Corporationની પાસે પણ કંપનીમાં આટલી હિસ્સેદારી છે. એક અન્ય લિસ્ટેડ કંપની NDR Auto Components પણ Bharat Seatsમાં પ્રમોટર તરીકે ક્લાસિફાઈ છે. સપ્ટેમ્બર ક્વાટર સુધી આ કંપનીમાં NDR Auto Componentsની પાસે 28.66 ટકા હિસ્સો છે. Bharat Seats ગાડીઓ માટે સીટિંગ સિસ્ટમ, NVH ઘટકો સહિત અન્ય પ્રોડક્ટ બનાવે છે.


### અદાણીની સિમેન્ટ કંપનીનો સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 42% ઘટ્યો નફો

મુંબઈ | Ambuja Cements Q2 FY25 Results: ગૌતમ અદાણીની સિમેન્ટ કંપનીના નફામાં ઘટાડો થયો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં અંબુજા સિમેન્ટના નફામાં 42 ટકાનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં અંબુજા સિમેન્ટનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 42 ટકા ઘટીને રૂ. 456 કરોડ થયો હતો. સિમેન્ટના નબળા ભાવ અને માંગમાં સુસ્તીને કારણે આંચકો લાગ્યો છે. જો કે, આ પરિણામની સ્ટોક પર કોઈ અસર થઈ નથી. અંબુજા સિમેન્ટે નાણાકીય વર્ષ 2024-25 ના બીજા ક્વાર્ટરમાં રૂ. 472.89 કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. જો કે વાર્ષિક ધોરણે જોવામાં આવે તો તેમાં 22 ટકાનો ઘટાડો થયો છે. કંપનીએ એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં રૂ. 644 કરોડનો નફો કર્યો હતો. કંપનીના ત્રિમાસિક પરિણામોની શેર પર કોઈ અસર થઈ નથી અને સોમવારે અંબુજા સિમેન્ટના શેરમાં તેજી રહી હતી. અંબુજા સિમેન્ટનો શેર 570.65 +17.30 (+3.13%) પર રહ્યો. ચાલુ નાણાકીય વર્ષ 2024-25ના બીજા ક્વાર્ટરમાં અદાણી ગ્રૂપની કંપની અંબુજા સિમેન્ટ્સનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ઘટીને રૂ. 472.89 કરોડ થયો છે.

# આઈપીઓ માર્કેટમાં ધમાકેદાર રહેશે નવેમ્બર

(એજન્સી) મુંબઈ | તા. 01

આ વર્ષે ઘણા IPO બજારમાં આવ્યા છે. એક પછી એક અનેક નાની-મોટી કંપનીઓ શેરબજારમાં પ્રવેશી છે. આમાંથી મોટાભાગના રોકાણકારોને સારું વળતર આપ્યું છે. હવે દિવાળીના ટૂંકા વિરામ બાદ ફરી એકવાર IPO માર્કેટમાં હલચલ જોવા મળી રહી છે. સ્વિગી, એનટીપીસી ગ્રીન એનર્જી અને મોબિક્વિક જેવા વિવિધ ક્ષેત્રોની ઘણી મોટી કંપનીઓ બજારમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છે. આ તમામને સેબીની મંજૂરી મળી ચૂકી છે. તેમની એન્ટ્રી નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં જ થવાની છે. આવતા મહિને આવનારા મોટા IPO પર એક નજર કરીએ. આ ફૂડ ડિલિવરી પ્લેટફોર્મનો IPO 6 નવેમ્બરે સબસ્ક્રિપ્શન માટે ખુલી શકે




છે. સ્વિગીના આઈપીઓની કિંમત લગભગ 11,800 કરોડ રૂપિયા હશે. વેચાણ માટે ઓફર પણ હશે. Zomato સહિત ઘણી ઝડપી કોમર્સ કંપનીઓ આ IPO પર નજર રાખશે. Zomatoએ પણ ભંડોળ એકત્ર કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જો કે, તે આ માટે QIP રૂટનો ઉપયોગ કરી શકે છે. તે દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની રિન્યુએબલ એનર્જી કંપની છે. એનટીપીસી ગ્રીન એનર્જીનો પોર્ટફોલિયો હાલમાં 14,696 મેગાવોટ છે. આ સિવાય કંપની સૌર અને પવન ઊર્જાના 10,975 મેગાવોટના પ્રોજેક્ટ્સ વિકસાવી રહી છે. આ રિન્યુએબલ એનર્જી કંપની માત્ર સોલર પાવર પ્રોજેક્ટ ચલાવે છે. તે એન્જિનિયરિંગ, પ્રાપ્તિ, બાંધકામ, કામગીરી અને જાળવણી પોતે કરે છે. Acme Solar Holdings કેન્દ્ર અને રાજ્ય સરકારોને પાવર વેચીને આવક પેદા કરે છે. આ આરોગ્ય વીમા કંપની 16.24 ટકા બજાર હિસ્સો ધરાવે છે. નાણાકીય વર્ષ 2023-24માં તેનું કુલ ડાયરેક્ટ પ્રીમિયમ રૂ. 5,499 કરોડ હતું. કંપનીએ ડિજિટલ સેવાઓ આપીને ગ્રાહકોને આકર્ષ્યા છે. સ્ટાર હેલ્થ પછી, નિવા બુપા આઈપીઓ લોન્ચ કરનારી બીજી હેલ્થ ઈન્સ્યોરન્સ કંપની બનવા જઈ રહી છે. આ કંપનીની સ્થાપના બિપિન પ્રીત સિંહ અને ઉપાસના ટાકુએ કરી હતી. તે QR, EDC મશીન અને મર્ચન્ટ કેશ એડવાન્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. તેની પેટાકંપની Zaakpay ઈકોમર્સ કંપનીઓ માટે પેમેન્ટ ગેટવે સેવાઓ પૂરી પાડે છે.

# ₹1148 કરોડની દુનિયાની સૌથી મોંઘી કારના માલિક

(એજન્સી) મુંબઈ | તા 01

શોખ બડી ચીઝ હૈ... તમે આ પહેલા ઘણી વાર સાંભળ્યું અને વાંચ્યું હશે. લોકો પોતાનો શોખ પૂરો કરવા માટે લાખો અને કરોડો ચૂકવવામાં જરાય શરમાતા નથી. શોખ એવો હતો કે વ્યક્તિએ જૂની કાર ખરીદવા માટે 1148 કરોડ રૂપિયા ખર્ચ્યા. આ વ્યક્તિએ 68 વર્ષ જૂની કાર ખરીદવા માટે અત્યાર સુધીની સૌથી વધુ રકમ ચૂકવી છે. આ હરાજી સાથે, આ કારને વિશ્વની સૌથી મોંઘી કાર તરીકે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધવામાં આવી છે. 68 વર્ષ જૂની કારની હરાજી કરવામાં આવી હતી. 300 SLR મર્સિડીઝ બેન્ઝ કાર ખરીદવા માટે ભારે બિડ શરૂ થઈ. કારની હરાજીની રકમ દરેક બિડ સાથે વધી રહી છે. મર્સિડીઝ બેન્ઝનું 1955 મોડલ 300 SLR ખરીદવા માટે સૌથી વધુ બોલી 143 મિલિયન ડોલર એટલે કે લગભગ રૂ. 1148 કરોડ હતી. આ સાથે તે વિશ્વની સૌથી મોંઘી કાર બની ગઈ. આ મર્સિડીઝ બેન્ઝ કારના માત્ર બે જ પ્રોટોટાઈપ મોડલ બનાવવામાં આવ્યા હતા. કારની વિશેષતાઓએ તેને મૂલ્યવાન બનાવ્યું. સ્પોર્ટ કાર રેસ, 3.0 લિટર એન્જિન, 290 કિમી પ્રતિ કલાકની સ્પીડ, આ કાર તેના સમયની દુનિયાની સૌથી ઝડપી કાર હતી. વિન્ટેજ કાર કંપની આરએમ સોથેબીએ તેની હરાજી કરી હતી.

# કોન્ડોમ બનાવનારી કંપની પર કેમ લટ્ટુ થયા વિદેશી રોકાણકારો?

(એજન્સી) મુંબઈ | તા 01

શેરબજારમાં ઘટાડા પાછળ વિદેશી રોકાણકારો સતત શેર વેચી રહ્યાં છે. આમ છતાં કેટલાક સ્ટોક એવા છે. જેમાં વિદેશી રોકાણકારો જબર દસ્ત રોકાણ કરી રહ્યાં છે. વિદેશી રોકાણકારો કોન્ડોમ બનાવનારી કંપની પર લટ્ટુ થઈ ગયા છે. આ સ્ટોકની જબરદસ્ત ખરીદી કરી રહ્યાં છે. જેને કારણે ભારતીય રોકાણકારોના રૂપિયા પણ ડબલ થયા છે. આ કંપનીએ મેનકાઈન્ડ ફાર્મા છે. એક્સચેન્જ પર જાહેર



આંકડાઓ પરથી એ સાફ થાય છે. એફઆઈ આઈની ખરીદી લાંબા સમયથી ચાલી રહી છે. સપ્ટેમ્બર 2023માં આ હિસ્સેદારી 4.18 લાખ ટકા હતી. ડિસેમ્બર 2023માં આ રોકાણ 6.74 ટકા હતું. માર્ચ 2024 બાદ આ વધીને 9.87 ટકા, જૂન 2024માં એફઆઈઆઈની હિસ્સેદારી વધીને 11.58 ટકા થઈ હતી. સપ્ટેમ્બરમાં આ આંક વધીને 12.37 ટકાએ પહોંચ્યો છે. મેનકાઈન્ડ ફાર્માનો આઈપીઓ 9 મે 2023ના રોજ લિસ્ટ થયો હતો. શેર 1080ના ઈશ્યુ પ્રાઈઝથી 1,430 રૂપિયા પર લિસ્ટ થયો હતો. આજે શેરનો ભાવ એ 2500 રૂપિયાને વટાવી ગયો છે. શેરનો ઓલટાઈમ ભાવ 2,835 રૂપિયા છે. આ શેરમાં એક વર્ષ પહેલાં રોકાણ કરનારના રૂપિયા ડબલ થઈ ગયા છે. તમે 1 લાખ રોક્યા હોય તો આ રૂપિયા હાલમાં 2 લાખ રૂપિયા હશે.

# મૂકેશ અંબાણીની દિવાળી શોપિંગ, ખરીદી લીધી આ આખી અંગ્રેજોની કંપની

(એજન્સી) મુંબઈ | તા 01

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલિક અને એશિયાના અગ્રણી બિઝનેસમેન મુકેશ અંબાણીએ દિવાળી પહેલા મોટી શોપિંગ કરી છે. મુકેશ અંબાણીની કંપનીએ બ્રિટિશ કંપનીનો સંપૂર્ણ હિસ્સો ખરીદ્યો છે. વર્ષ 2021માં થયેલી આ ડીલમાં હવે તેણે કંપનીનો બાકીનો હિસ્સો પણ ખરીદી લીધો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની પેટાકંપની બ્રિટિશ કંપની પેરેડિયન લિમિટેડનો બાકીનો 8 ટકા હિસ્સો પણ ખરીદવામાં આવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કંપની રિલાયન્સ ન્યૂ એનર્જીએ બ્રિટિશ કંપની ફેરાડિયનનો સંપૂર્ણ હિસ્સો ખરીદી લીધો છે. વર્ષ 2021માં થયેલા આ સોદામાં રિલાયન્સ ન્યૂ એનર્જી સોલર લિમિટેડ હવે 8 ટકા હિસ્સો ધરાવે છે. તમને જણાવી દઈએ કે બ્રિટિશ કંપની Faradion Sodian Ion બેટરી ટેક્નોલોજી પર



કામ કરે છે. તમને જણાવી દઈએ કે રિલાયન્સ ન્યુ એનર્જી સોલાર લિમિટેડ જામનગરમાં ધીરુભાઈ અંબાણી ગ્રીન એનર્જી સ્ટોરેજ ગીગાફેક્ટરીમાં ફેરાડિયનની અદ્યતન ટેકનોલોજી અપનાવશે. રિલાયન્સે ફેરાડિયનનો બાકીનો 8 ટકા હિસ્સો ખરીદ્યો છે. ડિસેમ્બર 2021માં, રિલાયન્સે ફેરાડિયન સાથે 100 મિલિયન યુરોનો સોદો કર્યો હતો. કંપનીએ આ કંપનીમાં વિકાસ મૂડી તરીકે 25 મિલિયન યુરોનું રોકાણ કર્યું છે. જોકે, આ પહેલીવાર નથી જ્યારે અંબાણીએ વિદેશી કંપનીઓ સાથે ડીલ કરી હોય. આ પહેલા તાજેતરમાં જ રિલાયન્સે AI ચિપ મેન્યુફેક્ચરિંગ કંપની Nvidia સાથે ડીલ કરી છે. આ દિવાળીએ મુકેશ અંબાણી માટે સારા સમાચારની કતાર છે. જ્યારે આ સોદો કરવામાં આવ્યો ત્યારે રિઝર્વ બેંકે તેમની કંપનીને ઓનલાઈન પેમેન્ટ એગ્રીગેટર તરીકે લાઈસન્સ આપ્યું હતું.

# મારુતિ સુઝુકી ઈન્ડિયાએ કરી મર્જરની જાહેરાત

(એજન્સી) મુંબઈ | તા 01

Maruti Suzuki મર્જરને લઈને મોટી જાહેરાત કરી છે. બોર્ડ બેઠકમાં Suzuki Motor Gujaratના મર્જરને મંજૂરી મળી ગઈ છે. કંપનીની સાથે મર્જરને બોર્ડની મંજૂરી મળી ગઈ છે. શેરમાં જોરદાર ઘટાડો આવ્યો છે. મારુતિ સુઝુકીના શેર આજે 30 ઓક્ટોબરના રોજ 1.98 ટકાની તેજીની સાથે 11,264.70 રૂપિયાના ભાવ પર બંધ થયા છે. સુ એક્વિઝિશનની પદ્ધતિ અને ચૂકવવાની રકમનો નિર્ણય બોર્ડની બેઠકમાં પછીથી લેવામાં આવશે. ચેરમેન આરસી ભાર્ગવને આશા છે કે, આ નાણાકીય વર્ષના અંત સુધીમાં મર્જર પૂરુ કરી લેવામાં આવશે. ઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ, જાપાની કંપની સુઝુકી મોટર કોર્પોરેશનની પેટાકંપની છે. ગુજરાતમાં તેનો પ્રોડક્શન પ્લાન્ટ છે. તે મારુતિ સુઝુકી માટે કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ કરે છે. મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડના બોર્ડે મર્જર પર નિર્ણય લીધો છે. હાલ સુઝુકી મોટર કોર્પની ગુજરાત મેન્યુફેક્ચરિંગ કંપનીમાં 100 ટકા હિસ્સેદારી છે, જે એક નિશ્ચિત કિંમત પર બલેનો, ડિઝાયર અને સ્વિફ્ટ મોડલ્સનું નિર્માણ કરીને તેમને મારુતિ સુઝુકી ઈન્ડિયાને વેચે છે. જાણકારી અનુસાર, સુઝુકી મોટર ગુજરાત સહિત મારુતિ સુઝુકીની પાસે વાર્ષિક 22.5 લાખ યૂનિટ કાર બનાવવાની ક્ષમતા છે. જેમાં ગુજરાતના પ્લાન્ટની ક્ષમતા 7.5 લાખ યૂનિટ છે. આ વર્ષે એપ્રિલમાં કંપનીએ ઉત્પાદન ક્ષમતાને 10 લાખ યૂનિટ પ્રતિ વર્ષ સુધી વધારવાની વાત કરી હતી. આમાં ખારખોડામાં લાગનારો પ્લાન્ટ મદદરૂપ સાબિત થશે.

# ભારતમાં 111ની દસ્તકથી સમગ્ર દુનિયામાં મચી ગયો ખળભળાટ, અમેરિકાને પણ પરસેવો છૂટી ગયો!

મુંબઈ | તા. 01

ભારતના શેરબજારમાં આઈપીઓની ધૂમ મચેલી છે. ઈવાય ઈન્ડિયાના રિપોર્ટ મુજબ જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં 111 કંપનીઓના આઈપીઓએ એન્ટ્રી કરી. આ આઈપીઓ દ્વારા કંપનીઓએ બંપર રકમ ભેગી કરી. આ સંખ્યા છેલ્લા બે દાયકામાં સૌથી વધુ છે. રિપોર્ટ મુજબ ભારતનો ગ્લોબલ આઈપીઓ માર્કેટમાં દબદબો વધી રહ્યો છે. ત્રીજા ત્રિમાસિકમાં દુનિયાભરમાં જેટલા પણ આઈપીઓ આવ્યા તેમાંથી 36 ટકા ભારતથી હતા. આ મામલે ભારતે અમેરિકા (13%)ને પણ પાછળ છોડી દીધુ. એનબીટીના રિપોર્ટ મુજબ ઈવાય ઈન્ડિયાના માર્કેટ્સ લીડર પ્રશાંત સિંઘલે જણાવ્યું છે કે ભારતીય આઈપીઓ બજારની આ શાનદાર રફતાર પૂંજી બજારોની વધતી પરિપક્વતા અને વધતા રોકાણકારોના વિશ્વાસને દર્શાવે છે. તેમણે કહ્યું કે આપણે ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય બંને પ્રકારના રોકાણકારોથી મજબૂત ભાગીદારી જોઈ રહ્યા છે એ રીતે ભારત એવી કંપનીઓ માટે એક મનગમતી જગ્યા તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરી રહ્યું છે જે સાર્વજનિક થવા માંગે છે. રિપોર્ટમાં કહેવાયું છે કે મુખ્ય અને SME બંને બજારોમાં આઈપીઓ ગતિવિધિમાં તેજી જોવા મળી છે. મેઈન માર્કેટમાં 27 આઈપીઓ આવ્યા. જે ગત વર્ષના સમાન ત્રિમાસિકની સરખામણીમાં 29 ટકા વધુ છે. આ આઈપીઓ દ્વારા કંપનીઓએ 428.5



કરોડ ડોલર ભેગા કર્યા. આ ગત વર્ષની સરખામણીમાં 142% વધુ છે. જ્યારે SME સેગમેન્ટમાં 84 આઈપીઓ દ્વારા 39.8 કરોડ ડોલર ભેગા કર્યા. EY India ના જણાવ્યાં મુજબ 2024ના ત્રીજા ત્રિમાસિકમાં મુખ્ય અને SME બંને બજારોમાં અસાધારણ ગ્રોથ જોવા મળ્યો છે. મુખ્ય બજારમાં 27 આઈપીઓ આવ્યા જે 2023ના ત્રીજા ત્રિમાસિકમાં 21 IPOની સરખામણીમાં 29%નો ગ્રોથ છે. SME સેગમેન્ટે 84 આઈપીઓ સાથે મજબૂત ગતિ જાળવી રાખી. 2024ના ત્રીજા ત્રિમાસિકમાં ભારતના મુખ્ય બજારમાં 27 IPO આવ્યા જ્યારે ગત ત્રિમાસિકમાં 13 આઈપીઓ આવ્યા હતા. બજારના શાનદાર પ્રદર્શનનો અંદાજ એ વાતથી લગાવી શકાય કે આઈપીઓએ વર્ષ દર વર્ષ 65.3% રિટર્ન આપ્યું છે. આ રિટર્ન સેન્સેક્સના 14.9% ના રિટર્નથી ઘણું સારું છે. કન્ઝ્યૂમર પ્રોડક્ટ્સ, ડાયવર્સિફાઈડ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્ટ્સ, રિયલ એસ્ટેટ, હોસ્પિટાલિટી, અને કન્સ્ટ્રક્શન સેક્ટર મુખ્ય અને SME બંને જ બજારોમાં આઈપીઓ ગતિવિધિનું નેતૃત્વ કરી રહ્યા છે.

# હેલ્મેટ બનાવતી 162 કંપનીઓના લાયસન્સ રદ

(એજન્સી) નવી દિલ્હી | તા. 01

કેન્દ્ર સરકાર દ્વારા રોડ સેફ્ટીને લઈને અલગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ ટુ-વ્હીલર ચલાવતા લોકોના હેલ્મેટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે સરકારે હેલ્મેટ બનાવતી 162 કંપનીઓના લાઈસન્સ રદ કર્યા છે. આ અભિયાનને સરકાર દ્વારા લેવામાં આવેલ સૌથી મોટી કાર્યવાહી કહેવામાં આવી રહી છે. આગામી દિવસો માટે સરકાર દ્વારા વધુ વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. આવો તમને એ પણ જણાવીએ કે સરકાર દ્વારા કેવા પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. માર્ગ સલામતી અને બજારમાં નબળા રક્ષણાત્મક ઉપકરણોના પૂર અંગેની ચિંતાઓને પગલે કેન્દ્રએ જિલ્લા અધિકારીઓને નોન-આઈએસઆઈ પ્રમાણિત હેલ્મેટના ઉત્પાદકો અને વેચાણકર્તાઓ સામે પગલાં લેવાનો આદેશ આપ્યો છે. શનિવારે માહિતી આપતા ગ્રાહક બાબતોના મંત્રાલયે કહ્યું કે, સરકારે અત્યાર સુધીમાં 162 હેલ્મેટ ઉત્પાદકોના લાઈસન્સ રદ કર્યા છે. સત્તાવાળાઓએ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) નિયમોના ઉલ્લંઘનને નિશાન બનાવીને 27 દરોડા પાડ્યા છે.

# સપ્ટેમ્બર માસમાં ક્રેડિટ કાર્ડનો ખર્ચ 25 ટકા વધીને રૂ. 1.76 લાખ કરોડ થયો

મુંબઈ | તા. 01

સપ્ટેમ્બરમાં ક્રેડિટ કાર્ડ ખર્ચમાં ૨૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા ૬ મહિનામાં આ સૌથી ઝડપી વધારો છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં પ્રથમ વખત ખર્ચમાં ૨૦ ટકાથી વધુ વધારો થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના ડેટા અનુસાર સપ્ટેમ્બર મહિનામાં ખર્ચ રૂ. ૧.૭૬ લાખ કરોડ રહ્યો હતો, જે એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં રૂ. ૧.૪૨ લાખ કરોડ હતો. ઓગસ્ટ ૨૦૨૪માં ક્રેડિટ કાર્ડ દ્વારા ૧.૬૮ લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. નિષ્ણાતોનું કહેવું છે કે બેઝ ઈફેક્ટ અને તહેવારોની માંગને કારણે મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે. કેરએજ રેટિંગ્સે જણાવ્યું હતું કે, ક્રેડિટ કાર્ડ ખર્ચમાં વધારો ગયા વર્ષના સમાન સમયગાળાના નીચા આધાર અને તહેવારોના ખર્ચમાં વધારો થવાને કારણે છે. આ ઉપરાંત ઈએમઆઈ જેવી પ્રોત્સાહક યોજનાઓની પણ તહેવારોની સિઝનમાં અસર જોવા મળી છે. તહેવાર અને તેને લગતી તમામ પ્રોત્સાહક યોજનાઓને કારણે




આગામી સમયમાં પણ ખર્ચ વધુ સારી થવાની સંભાવના છે.રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે તાજેતરમાં જણાવ્યું હતું કે તહેવારોની મોસમની માંગ ભારતના આર્થિક વિકાસ પર મિશ્ર સંકેતો આપી રહી છે. પરંતુ હકારાત્મક સંકેતો નકારાત્મક સૂચકાંકો કરતાં વધુ છે અને ભારતનું અર્થતંત્ર સારું પ્રદર્શન કરી રહ્યું છે. જુલાઈ-સપ્ટેમ્બર દરમિયાન ખાનગી ક્ષેત્રની કેટલીક બેંકો પર ક્રેડિટ કાર્ડ તેમજ માઈક્રોફાઈનાન્સનું દબાણ વધ્યું છે. ક્રેડિટ કાર્ડ્સના કિસ્સામાં, કેટલાક સેગમેન્ટ્સ એવા છે જ્યાં પ્રારંભિક દબાણ છે અને દેવાના સંકેતો છે. સૌથી મોટી ક્રેડિટ કાર્ડ ઈશ્યુ કરનાર એચડીએફસી બેંકનો ક્રેડિટ કાર્ડ ખર્ચ સપ્ટેમ્બર ૨૦૨૩માં વધીને રૂ. ૫૨,૨૨૬.૫૯ કરોડ થયો હતો, જે સપ્ટેમ્બર ૨૦૨૩માં રૂ. ૩૮,૬૬૧.૮ કરોડ હતો. એસબીઆઈ કાર્ડ્સમાંથી ટ્રાન્ઝેક્શન ૧૧ ટકા વધીને રૂ. ૨૭,૭૧૪.૭ કરોડ, ICICI બેન્કના કાર્ડ્સનો ખર્ચ ૨૪ ટકા વધીને રૂ. ૩૧,૪૫૭ કરોડ અને એક્સિસ બેન્કમાંથી ૧૫.૧ ટકા વધીને રૂ. ૧૮,૭૨૧.૯ કરોડ થયું છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, કારતક સુદ-01

## લોહપુરુષ સરદાર પટેલના પ્રેરક પ્રસંગો

ભારતની એક્તાના સૂત્રધાર કહેવાતા લોહ પુરુષ સરદાર પટેલની ૧૫૦મી જયંતી છે. ૧૫૦મી જયંતી હોવાને કારણે આ વખતે ભારત સરકાર કેટલાય દેશવ્યાપી સમારોહ આયોજિત કરીને તેમના યોગદાન અને વિચારોને જન-જન સુધી પહોંચાડી રહી છે. સરદાર વલ્લભભાઈ પટેલ દેશના પહેલા નાયબ વડાપ્રધાન હતા. તેઓ ત્યાગ અને બલિદાનનું દૃષ્ટાંત હતા. અંગ્રેજોની ગુલામીથી આઝાદ થયેલા ભારતમાં સરદાર પટેલને દેશના પ્રથમ વડાપ્રધાન તરીકે જોવામાં આવતા હતા. કોંગ્રેસ પાર્ટીમાં પણ બધા જ ઈચ્છતા હતા કે સરદાર પટેલ વડાપ્રધાન બને. તેમની લોકપ્રિયતા એટલી હતી કે કોઈ કોંગ્રેસ કમિટીએ નેહરુનું નામ પ્રસ્તાવિત નહોતું કર્યું અને પટેલ પૂર્ણ બહુમતથી પાર્ટીના અધ્યક્ષ બની ગયા. પરંતુ ગાંધીને નેહરુ પ્રત્યે વધુ લગાવ હતો, તેથી તેમના આગ્રહને કારણે સરદાર પટેલે વડાપ્રધાન પદની રેસમાંથી ચૂપચાપ પોતાનું નામ પાછું ખેંચી લીધું અને એ રીતે નેહરુ દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા. આજે સરદાર પટેલની જન્મ જયંતિ નિમિત્તે થોડાક પ્રેરક પ્રસંગો જોઈએ. વલ્લભભાઈ પટેલનું બાળપણ ઘણું ગરીબીમાં વીત્યું હતું. થોડો વખત મોસાળમાં નડિયાદ ભણ્યા. વચ્ચે કરમસદ જવાનું થાય ત્યારે પગપાળા જ જાય. ગાડીભાડાના પૈસા નહીં એટલે રેલવેનો ઉપયોગ ન કરતા. પછી પેટલાદ ભણતા, ત્યારે ત્યાં એક નાનું ઘર ભાડે રાખી સાતેક વિદ્યાર્થીઓ કલબ જેવું કરીને રહેતા. દરેક જણ પોતાને ઘેરથી અઠવાડિયાનું સીધું દર રવિવારે લઈ આવે અને વારાફરતી હાથે રસોઈ કરી બધા જમે. બૅરિસ્ટર થવા ઈંગ્લૅન્ડ ગયા ત્યારે પણ બધી ચોપડીઓ ખરીદવા જેટલા પૈસા નહીં. એટલે લાઈબ્રેરીમાં જઈને વાંચી આવે. પોતે જ્યાં રહેતા, ત્યાંથી લાઈબ્રેરી અગિયાર-બાર માઈલ દૂર હતી. રોજ એટલું ચાલીને સવારે નવ વાગે ત્યાં પહોંચતા અને છેક છ વાગે લાઈબ્રેરી બંધ થાય, બધા ચાલ્યાં જાય અને પટાવાળો આવીને કહે કે, 'સાહેબ, હવે બધાં ગયાં', ત્યારે સરદાર ત્યાંથી ઊઠતા. સાંજે પાછા ચાલતા જ ઘેર જતા. આમ રોજનું બાવીસ-ચોવીસ માઈલ ચાલવાનું થતું. આવી કઠણ જિંદગીમાં એમનું કાઠું ઘડાયું અને એક ખડતલ-ધીંગું વ્યક્તિત્વ પાંગર્યું. આ વસ્તુએ જ પાછળથી આ દેશનું ધીંગું કાઠું ઘડવામાં ઘણો ભાગ ભજવ્યો. સરદાર નાયબ વડા પ્રધાન હતા ત્યારે વી. શંકર એમના અંગત સચિવ હતા. તેઓએ સરદારના પક્ષ વ્યવહારનાં બે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. એમણે લખ્યું છે, 'અંગત ઉપયોગ માટે થતાં ફોનનું અલગ રજિસ્ટર રાખવામાં આવતું અને સરદાર પોતાના ખિસ્સામાંથી એ રકમ ભરપાઈ કરતા. ખાનગી કામ માટે સરકારી વાહનનો ઉપયોગ સરદાર નહોતા કરતા. પોતાની જૂની અંગત ગાડી વાપરતા. પક્ષ તેમ જ ખાનગી પત્રવ્યવહારનો ખર્ચ પોતે ભોગવતા. સરકારી પ્રવાસ કરે તો પણ પ્રવાસભથ્થું લેતાં નહોતા. નાદુરસ્ત તબિયત હોવા છતાં રોજના ૧૮ કલાક કામ કરતા. નહેરુ વિદેશ ગયેલા, એ સમયગાળામાં સરદાર વડા પ્રધાનપદનો હવાલો સંભાળતા હતા. સરદારે પ્રધાનો અને કર્મચારીઓના પગારમાં ૧૫ ટકા કાપ મૂક્યો અને દરેક સરકારી ખાતાંને કરકસર કરવાની સૂચના આપી. એનાથી લગભગ રૂપિયા ૮૦ કરોડની બચત થઈ હતી. આ આંકડો વર્ષ ૧૯૪૯નો છે. આજે કરકસરની વાત તો બાજુ પર રહી, પણ બેફામ ખર્ચની કોઈ સીમા રહી નથી.

# હીટ સ્ટ્રોકમાં તાવથી શરીર ગરમ લ્હાય થાય તો પણ પેરાસિટામોલ ના લેતા, જીવ મૂકાઈ જશે જોખમમાં

**હાલમાં જબરદસ્ત ગરમી પડી રહી છે. આકાશમાંથી આગના ગોળા વરસી રહ્યા છે અને તમે બહાર જાઓ છો. આવી સ્થિતિમાં શરીર ખૂબ ગરમ થઈ જાય છે. તમને લાગે છે કે તમને તાવ છે અને આ સ્થિતિમાં તમે પેરાસિટામોલની ગોળીઓ લો છો. જો તમે ખરેખર આવું કરો છો તો હવેથી આ આદત છોડી દો નહીંતર એક દિવસ જીવલેણ સાબિત થઈ શકે છે.**

### લિવર પર કરે છે સીધો હુમલો

રામ મનોહર લોહિયા હોસ્પિટલના સિનિયર કન્સલ્ટન્ટ ડૉ. જણાવે છે કે ઉનાળામાં પેરાસિટામોલનો ઉપયોગ તમારી ઘણી સમસ્યાઓમાં વધારો કરી શકે છે. તેમણે કહ્યું કે જ્યારે તમે બહાર જાઓ છો અને તમને લાગે છે કે તમારું શરીર ગરમ થઈ રહ્યું છે, તો તેનો અર્થ એ નથી કે તમને તાવ છે. આથી સૌથી પહેલાં આપણે ઉનાળામાં બહાર જઈએ ત્યારે શરીર ચોક્કસપણે ગરમ થઈ જાય છે પરંતુ જરૂરી નથી કે તાવ જ હોય. તેથી, જ્યારે તમે આ સ્થિતિમાં પેરાસિટામોલ લો છો, ત્યારે તેની કોઈ અસર થશે નહીં. બીજું, તે લીવરને ભારે નુકસાન પહોંચાડી શકે છે. ડોક્ટરે જણાવ્યું કે તાવની ગેરહાજરીમાં પેરાસીટામોલ લીવરમાંથી નીકળતા એન્ઝાઈમને અસર કરવા લાગે છે. આના કારણે, એન્ઝાઈમ્સ તેમનું કામ યોગ્ય રીતે કરી શકશે નહીં અને ચયાપચયમાં ખલેલ પહોંચશે. ગંભીર સ્થિતિના કિસ્સામાં લીવરના કોષોને નુકસાન થવાનું શરૂ થાય છે અને લીવર ફેલ થવાનું જોખમ પણ વધી શકે છે. તેથી, અતિશય ગરમીમાં બિનજરૂરી રીતે પેરાસિટામોલનું સેવન ન કરો. ડૉક્ટરની સલાહ સિવાય પેરાસિટામોલ ન લો.




### હીટસ્ટ્રોકના લક્ષણો શું છે?

આપણે બધા જાણીએ છીએ કે હીટ સ્ટ્રોક પછી શરીરમાં ગંભીર ડીહાઈડ્રેશન થાય છે અને બેચેની, ઉલટી, ઉબકા વગેરે સહિતની અનેક સમસ્યાઓ થવા લાગે છે. ગરમ હવા અથવા ગરમીની લહેર પછી શરીરમાં રક્તવાહિનીઓ પહોળી થવા લાગે છે, જેના કારણે લોહીનો પ્રવાહ પણ ઓછો થઈ જાય છે અને તેના કારણે હૃદયને લોહી પંપ કરવા માટે વધુ મહેનત કરવી પડે છે. આવી પરિસ્થિતિઓમાં, શરીરમાં ઓક્સિજનની ઉણપ પણ હોઈ શકે છે. તેથી, હીટ સ્ટ્રોક પછી શરીરમાં અનેક પ્રકારની સમસ્યાઓ આવી શકે છે. દાખલા તરીકે, બહાર ગયા પછી અતિશય થાક, ચક્કર, નબળાઈ, બેચેની, ઉબકા, બેહોશી, ઉલ્ટી વગેરે જેવા લક્ષણો દેખાવા લાગે છે.

## વર્ષમાં ફક્ત 3 મહિના મળે છે સ્ટ્રોબેરી જેવું દેખાતું આ ફળ, સ્વાસ્થ્ય માટે ફાયદાકારક



ઉત્તરાખંડના જંગલોમાં ઘણા ફળ મળી આવે છે. તેમાંથી એક ફળ એવું છે જે તમને ફક્ત ત્રણ જ મહિના માટે જોવા મળે છે. એપ્રિલથી જૂન મહિના સુધી મળનાર આ ફળનું નામ છે કાફલ. આ એક એવું ફળ છે, જે તમને ખાટો મીઠો સ્વાદ આપે છે. જ્યારે તેને મીઠા સાથે ખાવ છો તો તેનો સ્વાદ બમણો થઈ જાય છે. કાફલની ખાસ વાત એ પણ છે કે તમે તેને ગોટલી સાથે પણ ખાઈ શકો છો, જે તમને નુકસાન પહોંચાડતું નથી. કાફલ ઉત્તરાખંડનું એક પ્રખ્યાત ફળ છે, જે દરેકને ગમે છે. આ ફળની ખાસ વાત એ છે કે તેને કોઈપણ વ્યક્તિ ખાઈ શકે છે. આ દિવસોમાં લોકો કફાલ વેચવા માટે અલમોડા માર્કેટમાં આવી રહ્યા છે અને તેને ખરીદીને ખાઈ પણ રહ્યા છે. કાફલ વેચતા કિશન બિષ્ટે જણાવ્યું કે તેઓ આ કાફલાઓને લમગડાના જંગલોમાંથી લાવ્યા છે. સાંજે તેઓ ફળો તોડવા જંગલોમાં જાય છે અને બીજા દિવસે સવારે તેઓ અલમોડામાં વેચે છે. આ વખતે કફલ 320 રૂપિયા પ્રતિ કિલોથી 400 રૂપિયા પ્રતિ કિલો સુધી વેચાઈ રહી છે અને લોકો તેને ખાઈ પણ રહ્યા છે. આ કાફલની ખાસ વાત એ છે કે તમે તેને દાણાની સાથે ખાઈ શકો છો. આ કોફી પેટ સંબંધિત પાચન માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. પરંતુ આ વખતે ઓછા વરસાદ અને જંગલમાં લાગેલી આગને કારણે કાફલમાં રસ ઉપલબ્ધ નથી. આ દિવસોમાં કાફલની માંગ વધુ વધી જાય છે. સ્થાનિક લોકોની સાથે બહારથી આવતા પ્રવાસીઓ પણ તેને ખૂબ જ ઉત્સાહથી ખાય છે.

## ACનું બિલ ઘટાડવા કરો આ 5 કામ, તમારા ખિસ્સા પર નહીં વધે બોજ

ભારતમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે હીટવેવ અને આકરા તડકાએ સમગ્ર વાતાવરણને ડહોળ્યું છે. લોકો તેનાથી રાહત મેળવવા માટે ACનો ઉપયોગ બહોળા પ્રમાણમા કરે છે. ગરમીથી છુટકારો મેળવવા માટે એર કંડિશનર (AC) આપણા જીવનનો આવશ્યક ભાગ બની ગયો છે. પરંતુ વીજળીના વધતા બિલોએ ACને લક્ઝરી બનાવી દીધું છે. પરંતુ ચિંતા કરશો નહીં કારણ કે કેટલીક સરળ પદ્ધતિઓ દ્વારા તમે AC નો ઉપયોગ કરતી વખતે પણ વીજળી બચાવી શકો છો. તેનાથી તમારા ખિસ્સા પર બોજ નહીં વધે. એર કંડિશનર ગરમીથી રાહત આપે છે પરંતુ જ્યારે બિલ આવે છે ત્યારે તાપમાન વધી જાય છે. તમારે વધારે ટેન્શન લેવાની જરૂર નથી. અહીં અમે તમને એવી 5 રીતો વિશે જણાવી રહ્યા છીએ જે AC બિલ ઘટાડવામાં મદદ કરશે. આ પદ્ધતિઓથી તમને ગરમીથી રાહત મળશે અને બિલના કારણે માથાનો દુખાવો નહીં થાય.

### ACની સંભાળ અને સેવા

તમારા ઘરમાં વિન્ડો AC હોય કે સ્પ્લિટ AC હોય તેની કાળજી લેવી જરૂરી છે. ઘરની ધૂળ પણ ફિલ્ટરમાં પ્રવેશી શકે છે. જેના કારણે ફિલ્ટર પર ધૂળ જમા થાય છે અને હવાને ફિલ્ટર કરવામાં મુશ્કેલી પડે છે. આવી સ્થિતિમાં એસી વધુ દબાણ સાથે કામ કરશે અને વીજળીનું બિલ વધશે. ફિલ્ટરની નિયમિત સફાઈ અને ACની સર્વિસ તમને આ સમસ્યામાંથી મુક્તિ અપાવી શકે છે.

### દરવાજા અને બારીઓ બંધ રાખો

AC ચાલુ હોય ત્યારે દરવાજા અને બારીઓ બંધ રાખવી જોઈએ. તમારે એ વાતનું ધ્યાન રાખવું પડશે કે રૂમમાંથી ACની હવા બહાર ન નીકળે. જો AC માંથી હવા નીકળી જશે તો ACને વધુ મહેનત કરવી પડશે અને વીજળીનો વપરાશ પણ વધશે. તમે દરવાજા અને બારીઓ બંધ કરીને તમારું વીજળીનું બિલ ઘટાડી શકો છો.

### ACનું યોગ્ય તાપમાન સેટ કરો


ઘણા લોકો AC સેટને ખૂબ જ ઓછા તાપમાને રાખે છે. પરંતુ આ પદ્ધતિ યોગ્ય નથી પરંતુ તે વધુ વીજળી વાપરે છે. બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી એસીને 24 ડિગ્રી પર ચલાવવાની ભલામણ કરે છે. આ તાપમાન માનવ શરીર માટે યોગ્ય છે. તમે સામાન્ય તાપમાન સેટ કરીને વીજળી બિલ બચાવી શકો છો.

# સરગવો ખાવાથી શુગર લેવલ રહેશે કંટ્રોલમાં


લીલા શાકભાજીનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે લીલા શાકભાજી પોષક તત્વોથી ભરપૂર હોય છે. જો આપણે લીલા શાકભાજીમાં સરગવોની વાત કરીએ તો તેના સેવનથી સ્વાસ્થ્યને અગણિત ફાયદા થાય છે. કારણ કે ડ્રમસ્ટીકના ઝાડ ઔષધીય ગુણોથી ભરપૂર હોય છે. તેથી તેનું સેવન કરવાથી ઘણી બીમારીઓ પણ દૂર થાય છે. સરગવોમાં એન્ટિફંગલ, એન્ટિવાયરલ અને એન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો જોવા મળે છે. આ ઉપરાંત સરગવો કેલ્શિયમ, વિટામિન-એ, વિટામિન-બી1, વિટામિન-બી2, વિટામિન-બી6, વિટામિન-સી, પોટેશિયમ, આયર્ન, ડાયેટરી ફાઈબર, પ્રોટીન, સોડિયમ, કાર્બોહાઈડ્રેટ, ફોસ્ફરસ અને ઝિંક જેવા ગુણોથી ભરપૂર છે. જે સ્વાસ્થ્યની દૃષ્ટિએ ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. પરંતુ સરગવા ખાવાના ઘણા ફાયદા છે તો કેટલાક ગેરફાયદા પણ છે. સરગવોમાં વિટામીન ભરપૂર માત્રામાં હોય છે, તેથી તેનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે, જે તમને અનેક પ્રકારના રોગોનો શિકાર થવાથી બચાવી શકે છે. સરગવામાં કેલ્શિયમ ભરપૂર માત્રામાં હોય છે, તેથી તેનું સેવન કરવાથી હાડકાં મજબૂત થાય છે. તે સાંધાના દુખાવા જેવી ફરિયાદોમાંથી પણ રાહત આપે છે. સરગવામાં ડાયેટરી ફાઈબર જોવા મળે છે, તેથી તેનું સેવન કરવાથી પાચનતંત્ર મજબૂત બને છે. તે એસિડિટી અને કબજિયાત જેવી ફરિયાદોથી પણ રાહત આપે છે. સરગવોનું સેવન આંખો માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. સરગવામાં વિટામિન A હોવાથી તેનું સેવન કરવાથી આંખ સંબંધિત સમસ્યાઓ દૂર થાય છે. આ ઉપરાંત આંખોની રોશની પણ તેજ બને છે. કોલેસ્ટ્રલ ઘટાડવામાં સરગવાનું સેવન ખૂબ જ મદદગાર સાબિત થાય છે. કારણ કે તેમાં ફાઈબર હોય છે, જે શરીરમાં કોલેસ્ટ્રોલની વધતી જતી માત્રાને ઘટાડે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે સરગવોનું સેવન ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે જો ડાયાબિટીસના દર્દીઓ તેનું સેવન કરે છે તો તે શુગર લેવલને કંટ્રોલમાં રાખે છે. સરગવાનું સેવન ત્વચા માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. કારણ કે સરગવોનું સેવન કરવાથી લોહી શુદ્ધ થાય છે, જે શરીરમાં રહેલા ઝેરી તત્વોને દૂર કરે છે અને ત્વચા પર ચમક પણ લાવે છે. માસિક ધર્મ દરમિયાન મહિલાઓએ સરગવાનું સેવન ન કરવું જોઈએ, કારણ કે તે પિત્તને વધારે છે. ગર્ભવતી મહિલાઓએ સરગવાનું સેવન ન કરવું જોઈએ. કારણ કે તેનાથી તેમની સમસ્યાઓ વધી શકે છે. જે લોકો લો બ્લડ પ્રેશરથી પીડાય છે તેમણે વધુ માત્રામાં સરગવાનું સેવન ન કરવું જોઈએ. કારણ કે તેના સેવનથી બ્લડ પ્રેશર વધુ ઘટી શકે છે.



# ચપટી જાયફળના પાવડરને આ વસ્તુ સાથે લેશો તો શરીરની 5 સમસ્યાથી તુરંત મળશે રાહત




મધ અને જાયફળ બંને વસ્તુ ઔષધીય ગુણથી ભરપૂર હોય છે. બંનેનું સેવન અલગ અલગ તો કરવામાં આવે જ છે પરંતુ બંનેને એક સાથે લેવાથી પણ સ્વાસ્થ્ય લાભ થાય છે. આયુર્વેદિક એક્સપર્ટ અનુસાર મધ અને જાયફળના પાવડરનું મિશ્રણ શરીરની ઘણી બધી સમસ્યાઓને દૂર કરી શકે છે. મધ અને જાયફળ એક સાથે લેવાથી શરદી, ઉધરસથી લઈને પેટની સમસ્યાથી છુટકારો મળે છે. આજે તમને મધ અને જાયફળથી થતા લાભ વિશે જણાવીએ અને સાથે જ જણાવીએ કે તેને કયા સમયે લેવાથી ફાયદો થાય છે.




### શરદી ઉધરસ

મધ અને જાયફળનું સેવન કરવાથી ઈમ્યુનિટી બુસ્ટ થાય છે. આ મિશ્રણ શરદી અને ઉધરસ ની સમસ્યાને કંટ્રોલ કરી શકે છે. જો રાત્રે સુતા પહેલા એક ચમચી મધમા ચપટી જાયફળનો પાવડર મિક્સ કરીને તેનું સેવન કરો છો તો શરદી ઉધરસમાં ફાયદો થાય છે.




### પેટની સમસ્યા

પેટ સંબંધિત સમસ્યાને દૂર કરવા માટે પણ મધ અને જાયફળ પ્રભાવી સામે જ થાય છે. તેનું સેવન કરવાથી પાચન ક્રિયા સુધરે છે. તેનાથી પેટ સંબંધિત સમસ્યાથી છુટકારો મળે છે. તેનું સેવન કરવાથી ગેસ, કબજિયાત અને અપચો જેવી તકલીફ દૂર થાય છે.




### વજન ઘટાડવામાં મદદરૂપ

મધ અને જાયફળને એક સાથે લેવાથી વજન ઘટાડવામાં મદદ મળે છે. તેનું સેવન કરવાથી મેટાબોલિઝમ બુસ્ટ થાય છે. સાથે જ ફેટ બર્ન કરવામાં મદદ મળે છે. સવારે ખાલી પેટ એક ચમચી મધમાં જાયફળ ઉમેરીને તેનું સેવન કરવાથી વજન અસરકારક રીતે ઘટવા લાગે છે.



### અનિંદ્રા

મધ અને જાયફળનું સેવન કરવાથી અનિંદ્રાની સમસ્યા દૂર થાય છે. તેનાથી સ્ટ્રેસ દૂર થાય છે અને ઊંઘ પણ સારી આવે છે રોજ રાતે સુતા પહેલા એક ચમચી મધમાં ચપટી જાયફળ મિક્સ કરીને તેનું સેવન કરવું જોઈએ તેનાથી ઊંઘ સારી આવે છે.



### સાંધાના દુખાવા

બધાને જાયફળનું સેવન કરવાથી સાંધાના દુખાવાથી રાહત મળે છે. જાયફળમાં એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે જે સાંધાના દુખાવા અને સોજાને દૂર કરવામાં મદદ કરે છે. નિયમિત રીતે મધ અને જાયફળનું સેવન કરવાથી સાંધાના દુખાવામાં રાહત થાય છે.

# ભાઈબીજ ભાઈ-બહેનના સુંદર સંબંધ, પ્રેમ અને સ્નેહનું પ્રતીક....



રક્ષાબંધનની જેમ ભાઈ બીજનો તહેવાર પણ ભાઈ-બહેનના સુંદર સંબંધ, પ્રેમ અને સ્નેહનું પ્રતીક છે. દિવાળી પછી ભાઈ દૂજનો તહેવાર ઉજવવામાં આવે છે. હિંદુ કેલેન્ડર મુજબ, કારતક મહિનાના શુક્લ પક્ષની બીજી તારીખે ભાઈદૂજ ઉજવવામાં આવે છે. ભાઈ દૂજ દેશના અલગ-અલગ ભાગોમાં અલગ-અલગ નામે ઓળખાય છે. ભાઈ દૂજને ભાઈ બીજ, ભાઈ ટીકા, યમ દ્વિતિયા, ભાત્રી દ્વિતિયા પણ કહેવામાં આવે છે.

ભાઈ બીજના દિવસે બહેનો તેમના ભાઈઓને તિલક લગાવે છે અને આરતી કરે છે અને તેમના લાંબા આયુષ્ય, સુખ અને સમૃદ્ધિ અને જીવનમાં સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. આ પછી ભાઈઓ તેમની બહેનોને ભેટ આપે છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર, ભાઈ દૂજ પર, યમરાજ, તેમની બહેન યમુનાના આમંત્રણ પર, તેમના ઘરે ભોજન કરવા આવે છે. આવી સ્થિતિમાં આ દિવસે યમરાજ અને મૃત્યુના દેવતા યમુનાની પૂજા કરવાનો નિયમ છે.

યમરાજા અને યમુનાજી બન્ને સગાં ભાઈ બહેન છે. એક વાર યમુનાજી પોતાના ભાઈ યમરાજને ત્યાં ગયાં અને કહ્યું, ‘ભાઈ કાલે મારે ઘરે જમવા આવજો.’ છતાં યમરાજા ન ગયાં. બીજે દિવસે યમુનાજીએ પૂછ્યું ‘ભાઈ તમે જમવા કેમ ન આવ્યા ?’ યમરાજાએ તો બહાનું બતાવ્યું. એટલે યમુનાજી બે વાર, ત્રણ વાર, ચાર વાર નોતરું દઈ ગયાં. છતાં યમરાજા તો ન ગયા તે ન જ ગયા. એમને નવરાશ હોય તો જાય ને. એ તો આખો દિવસ કામમાંથી નવરા જ ન પડે. બહેનને ના તો કહેવાય નહિ એટલે આજે આવીશ, કાલે આવીશ, પરમ દિવસે આવીશ. એમ કહ્યા જ કરે. યમુનાજી કંટાળ્યાં. એક દિવસ યમુનાજીએ ભાઈને ઘણા આગ્રહથી આમંત્રણ આપ્યું. યમરાજાએ અતિશય આગ્રહને વશ થઈ બહેનને ત્યાં જમવાનો સંકલ્પ કર્યો, પણ નરકની સંભાળ કોણ રાખે.

એમણે તો નરકમાં પડેલા બધા જીવોને છોડી મૂક્યા. કારતકની અજવાળી બીજના દિવસે યમરાજા પોતાના દૂતો સાથે બહેનને ત્યાં જમવા આવ્યા. યમુનાજીએ તો સુંગંધીદાર તેલથી ભાઈને નવરાવ્યા અને ભાતભાતની રસોઈ કરીને પ્રેમથી જમાડ્યા. બહેનના સત્કારથી યમરાજા પ્રસન્ન થયા અને બહેનને વરદાન માગવા કહ્યું. યમુનાજીએ કહ્યું ‘ભાઈ હંમેશા નહિ તો વરસમાં કારતકની બીજના દિવસે તમારે મારે ત્યાં જમવા આવવું અને પાપીઓને નરકમાંથી છોડી દેવા. કારતક સુદ બીજને દિવસે જે ભાઈ પોતાની બહેનના હાથે જમે તેને સુખ આપવું.’

યમરાજા બોલ્યા ’બહેન મારું વચન છે કે, હું કારતકની અજવાળી બીજના દિવસે તારે ત્યાં ભોજન કરીશ અને જે ભાઈઓ ભાઈબીજના દિવસે પોતાની બહેનને ત્યાં જમશે તે નરકનું બારણું નહિ જુએ.’ યમુનાજીએ પૂછ્યું ‘કોઈને સગી બહેન ન હોય તો’ યમરાજા બોલ્યા સગી બહેન ન હોય તો પિતરાઈની દીકરી, મામાની દીકરી, માસીની દીકરી અથવા ફોઈની દીકરીને ત્યાં જમવું. એમ પણ બહેન ન હોય તો પોતાના મિત્રની બહેનને ત્યાં જમનાર ભાઈને પણ એવું જ ફળ મળશે. આ પ્રમાણે બહેનને વચન આપી, યથાશક્તિ ભેટ આપી યમરાજા ચાલતા થયા. ભાઈ રોગી હોય, બંધનમાં હોય અથવા તો બહેનને ત્યાં જવાનું ન જ બની શકે તો આ ભાઈબીજની વાર્તાનું સ્મરણ કરનારને પણ ભોજન કર્યા જેટલું જ ફળ મળે છે. આ દિવસે ભાઈ બહેનને ત્યાં જમે અને શક્તિ પ્રમાણે ભેટ આપી બહેનને રાજી કરે.

ભાઈ બીજનું મહત્વ: ભાઈ બીજનો તહેવાર ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક છે. આ દિવસે બહેનો તેમના ભાઈના કપાળ પર તિલક લગાવે છે અને તેમના લાંબા આયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે મંગળ પ્રાર્થના કરે છે. આ દિવસે યમુના નદીમાં સ્નાન કરવાથી શ્રેષ્ઠ ફળ મળે છે. દંતકથા અનુસાર આ દિવસે યમરાજ પોતાની બહેન યામીને મળવા આવ્યા હતા. યામીએ તેના ભાઈને આવકારવા માટે તિલક કર્યું અને ઘણી બધી વાનગીઓ બનાવી. યમરાજે પ્રસન્ન થઈને યામી સહિત તમામ બહેનોને આશીર્વાદ આપ્યા અને જાહેર કર્યું કે આ દિવસે જે કોઈ પણ પોતાની બહેનને મળવા જશે અને બહેનો આરતી અને તિલક કરીને તેમનું સ્વાગત કરશે, તો ભાઈ દરેક પ્રકારની અનિષ્ટ શક્તિઓથી મુક્ત થશે. ભાઈ બીજનો તહેવાર આ દિવસથી જ ઉજવવામાં આવે છે.

ભાઈ બીજના દિવસે બહેનો તેમના ભાઈઓને તિલક લગાવે છે અને આરતી કરે છે અને તેમના લાંબા આયુષ્ય, સુખ અને સમૃદ્ધિ અને જીવનમાં સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે. આ પછી ભાઈઓ તેમની બહેનોને ભેટ આપે છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર, ભાઈ દૂજ પર, યમરાજ, તેમની બહેન યમુનાના આમંત્રણ પર, તેમના ઘરે ભોજન કરવા આવે છે. આવી સ્થિતિમાં આ દિવસે યમરાજ અને મૃત્યુના દેવતા યમુનાની પૂજા કરવાનો નિયમ છે.યમરાજા અને યમુનાજી બન્ને સગાં ભાઈ બહેન છે. એક વાર યમુનાજી પોતાના ભાઈ યમરાજને ત્યાં ગયાં અને કહ્યું, ‘ભાઈ કાલે મારે ઘરે જમવા આવજો.’ છતાં યમરાજા ન ગયાં. બીજે દિવસે યમુનાજીએ પૂછ્યું ‘ભાઈ તમે જમવા કેમ ન આવ્યા ?’ યમરાજાએ તો બહાનું બતાવ્યું. એટલે યમુનાજી બે વાર, ત્રણ વાર, ચાર વાર નોતરું દઈ ગયાં. છતાં યમરાજા તો ન ગયા તે ન જ ગયા. એમને નવરાશ હોય તો જાય ને. એ તો આખો દિવસ કામમાંથી નવરા જ ન પડે. બહેનને ના તો કહેવાય નહિ એટલે આજે આવીશ, કાલે આવીશ, પરમ દિવસે આવીશ. એમ કહ્યા જ કરે. યમુનાજી કંટાળ્યાં. એક દિવસ યમુનાજીએ ભાઈને ઘણા આગ્રહથી આમંત્રણ આપ્યું. યમરાજાએ અતિશય આગ્રહને વશ થઈ બહેનને ત્યાં જમવાનો સંકલ્પ કર્યો, પણ નરકની સંભાળ કોણ રાખે.

એમણે તો નરકમાં પડેલા બધા જીવોને છોડી મૂક્યા. કારતકની અજવાળી બીજના દિવસે યમરાજા પોતાના દૂતો સાથે બહેનને ત્યાં જમવા આવ્યા. યમુનાજીએ તો સુંગંધીદાર તેલથી ભાઈને નવરાવ્યા અને ભાતભાતની રસોઈ કરીને પ્રેમથી જમાડ્યા. બહેનના સત્કારથી યમરાજા પ્રસન્ન થયા અને બહેનને વરદાન માગવા કહ્યું. યમુનાજીએ કહ્યું ‘ભાઈ હંમેશા નહિ તો વરસમાં કારતકની બીજના દિવસે તમારે મારે ત્યાં જમવા આવવું અને પાપીઓને નરકમાંથી છોડી દેવા. કારતક સુદ બીજને દિવસે જે ભાઈ પોતાની બહેનના હાથે જમે તેને સુખ આપવું.’

યમરાજા બોલ્યા ’બહેન મારું વચન છે કે, હું કારતકની અજવાળી બીજના દિવસે તારે ત્યાં ભોજન કરીશ અને જે ભાઈઓ ભાઈબીજના દિવસે પોતાની બહેનને ત્યાં જમશે તે નરકનું બારણું નહિ જુએ.’ યમુનાજીએ પૂછ્યું ‘કોઈને સગી બહેન ન હોય તો’ યમરાજા બોલ્યા સગી બહેન ન હોય તો પિતરાઈની દીકરી, મામાની દીકરી, માસીની દીકરી અથવા ફોઈની દીકરીને ત્યાં જમવું. એમ પણ બહેન ન હોય તો પોતાના મિત્રની બહેનને ત્યાં જમનાર ભાઈને પણ એવું જ ફળ મળશે. આ પ્રમાણે બહેનને વચન આપી, યથાશક્તિ ભેટ આપી યમરાજા ચાલતા થયા. ભાઈ રોગી હોય, બંધનમાં હોય અથવા તો બહેનને ત્યાં જવાનું ન જ બની શકે તો આ ભાઈબીજની વાર્તાનું સ્મરણ કરનારને પણ ભોજન કર્યા જેટલું જ ફળ મળે છે. આ દિવસે ભાઈ બહેનને ત્યાં જમે અને શક્તિ પ્રમાણે ભેટ આપી બહેનને રાજી કરે.

ભાઈ બીજનો તહેવાર ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક છે. આ દિવસે બહેનો તેમના ભાઈના કપાળ પર તિલક લગાવે છે અને તેમના લાંબા આયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્ય માટે મંગળ પ્રાર્થના કરે છે. આ દિવસે યમુના નદીમાં સ્નાન કરવાથી શ્રેષ્ઠ ફળ મળે છે. દંતકથા અનુસાર આ દિવસે યમરાજ પોતાની બહેન યામીને મળવા આવ્યા હતા. યામીએ તેના ભાઈને આવકારવા માટે તિલક કર્યું અને ઘણી બધી વાનગીઓ બનાવી. યમરાજે પ્રસન્ન થઈને યામી સહિત તમામ બહેનોને આશીર્વાદ આપ્યા અને જાહેર કર્યું કે આ દિવસે જે કોઈ પણ પોતાની બહેનને મળવા જશે અને બહેનો આરતી અને તિલક કરીને તેમનું સ્વાગત કરશે, તો ભાઈ દરેક પ્રકારની અનિષ્ટ શક્તિઓથી મુક્ત થશે. ભાઈ બીજનો તહેવાર આ દિવસથી જ ઉજવવામાં આવે છે.

## ભાઈબીજ શા માટે ઊજવવામાં આવે છે?

**દિવાળીના 3 દિવસ પછી ભાઈબીજ ઊજવવામાં આવે છે : ભાઈબીજના દિવસે બહેનો ભાઈના દીર્ઘાયુ માટે કામના કરે છે**

દિવાળીના 3 દિવસ પછી ભાઈબીજ ઊજવવામાં આવે છે. આ વર્ષે 15 નવેમ્બરના રોજ ભાઈબીજ છે. રક્ષાબંધનની જેમ ભાઈબીજના દિવસે પણ બહેનો ભાઈના દીર્ઘાયુ માટે કામના કરે છે. ભાઈબીજના દિવસે બહેનો ભાઈના કપાળ પર તિલક કરે છે અને મિઠાઈ ખવડાવીને તેમને નારિયેળ આપે છે. તમામ જગ્યાએ ભાઈબીજ માટેની અલગ અલગ માન્યતાઓ પ્રવર્તી રહી છે. ઉત્તર ભારતમાં બહેનો ભાઈઓને તિલક અને અક્ષત લગાવીને નારિયેળ ભેટમાં આપે છે. પૂર્વીય ભારતમાં બહેનો શંખનાદ પછી તિલક લગાવીને ભેટ આપે છે. આ દિવસે બહેનો ભાઈઓના દીર્ઘાયુ માટે વ્રત કરે છે અને ભોજન કરાવ્યા પછી વ્રત ખોલે છે.



## ભાઈબીજની પૌરાણિક કથા

સ્કંદપુરાણ અનુસાર ભગવાન સૂર્ય અને તેમના પત્ની સંજ્ઞાને બે સંતાન (યમરાજ-દીકરો, યમુના-દીકરી) હતા. યમરાજ પાપીઓને દંડ આપતા હતા. યમુના મનથી પવિત્ર હતા અને તે લોકોને દુખી જોઈ શકતા નહોતા, આ કારણોસર તે ગોલોકમાં રહેતા હતા. એક દિવસ યમુનાએ તેના ભાઈ યમરાજને ગોલોકમાં ભોજન માટે આમંત્રણ આપ્યું, તો બહેનના ઘરે જતા પહેલા યમરાજે નરકવાસીઓને મુક્ત કરી દીધા હતા. બીજી કથા અનુસાર ભગવાન કૃષ્ણએ રાક્ષસ નરકાસુરને હરાવ્યા પછી તેમની બહેન સુભદ્રાને મળવા માટે ગયા હતા. ત્યારથી આ દિવસને ભાઈબીજ તરીકે ઊજવવામાં આવે છે. માનવામાં આવે છે કે, સુભદ્રાની જેમ ભાઈના માથા પર તિલક લગાવીને સત્કાર કરવાથી ભાઈ અને બહેન વચ્ચેનો પ્રેમ ગાઢ થાય છે. આ દિવસે ભાઈ અને બહેને યમુનામાં સ્નાન કરવાની માન્યતા છે. આ દિવસે શ્રદ્ધાપૂર્વક પાપોની માફી માંગવામાં આવે તો યમરાજ ક્ષમા કરી દે છે. ભાઈબીજના દિવસે ભાઈને તિલક કર્યા પછી ભોજન કરાવવાની ધાર્મિક માન્યતા છે. કહેવામાં આવે છે કે, બહેનો આ દિવસે શ્રદ્ધા અને આદરપૂર્વક તિલક તથા ભોજન કરાવે છે. જે ભાઈઓ બહેનના આતિથ્યનો સ્વીકાર કરે છે, તેમની તમામ ઈચ્છા પૂર્ણ થાય છે અને યમરાજનો ભય રહેતો નથી. આ દિવસે બહેનના ઘરે ભાઈ ભોજન કરે તો અકાળ મૃત્યુનું જોખમ દૂર થાય છે. ઉપરાંત સુખ, સમૃદ્ધિ, સંપત્તિ અને ધનની પ્રાપ્તિ થાય છે.

## આખરે કેમ ભાઈબીજના દિવસે ભાઈને કરવામાં આવે છે તિલક?



### તિલક કરવાનું શું મહત્વ છે?

હિંદુ ધર્મની પૌરાણિક કથા અનુસાર યમ દેવ અને યમુના ભાઈ-બહેન હતાં. એકવાર યમુના દેવીએ પોતાના ભાઈ યમને પોતાના ઘરે બોલાવી ભોજનનો આગ્રહ કર્યો, પરંતુ વર્ષો સુધી યમ તેમની બહેનના ઘરે ગયા નહોંતા. પરંતુ પછી જ્યારે કારતક સુદ બીજના દિવસે યમ દેવ બહેન યમુનાના ઘરે મળવા ગયા અને ભોજન પણ ગ્રહણ કર્યું. પોતાના ભાઈ યમને જોઈ યમુના બહુ ખુશ થઈ ગઈ ભાઈનો આદર સત્કાર અને સેવા કરી. બહેનનો પ્રેમ જોઈ પ્રસન્ન થયેલ યમે યમુનાને એક વરદાન માંગવાનું કહ્યું. ત્યારબાદ યમુનાએ યમને કહ્યું કે, ’દર વર્ષે આ તિથિએ તમે મારા ઘરે આવજો અને આ દિવસે જે પણ બહેન તેના ભાઈને તિલક લગાવીને કામના કરે તેની કામના પૂરી કરજો.’ ત્યારબાદ યમ દેવે પોતાની બહેનની આ ઈચ્છા પૂરી કરી દીધી. આ કારણે આજે પણ બહેનો ભાઈબીજના દિવસે તેના ભાઈ સાથે પૂજા કરી તેમને તિલક કરે છે. એવું માનવામાં આવે છે કે, તિલક લગાવવાથી ભાઈને ક્યારેય યમનો ભય નહીં રહે અને હંમેશાં ભાઈ-બહેનનું જીવન સુખી અને સમૃદ્ધિ સભર રહેશે.

આપણા દેશમાં દરેક પર્વને વિધિ-વિધાન અને પૂજા સાથે સંપન્ન કરવામાં આવે છે. રક્ષા બંધનની જેમજ ભાઈબીજનો તહેવાર ઉજવવામાં આવે છે. ભાઈબીજ કારતક મહિના સુદની બીજના દિવસે ઉજવવામાં આવે છે. ઉલ્લેખનિય છે કે, આ તહેવાર ભાઈ-બહેનનો પ્રેમ દર્શાવે છે. આ દિવસે ભાઈ અને બહેન સાથે મળીને ભાઈબીજની કથા સાંભળે છે. ત્યારબાદ બહેનો તેમના ભાઈને તિલક કરી ભગવાન યમને તેમના ભાઈની લાંબી ઉંમર માટે કામના કરે છે. પરંતુ શું તમને ખબર છે કે, ભાઈબીજના દિવસે બહેન ભાઈને તિલક કેમ કરે છે. આ લેખમાં અમે તમને જણાવશું કે, કેમ ભાઈબીજના દિવસે ભાઈઓને તિલક કરવામાં આવે છે. ઉલ્લેખનિય છે કે, ભાઈબીજનો તહેવાર ઉજવતાં પહેલાં ભાઈ અને બહેન સ્નાન કરીને તૈયાર થઈ ભાઈબીજ માટે બાજોટ પર બેસે છે. તિલક કરતાં પહેલાં ભાઈ અને બહેન ભાઈબીજની કથા સાંભળે છે. ત્યારબાદ ભાઈને કંકુ અને ચોખાથી તિલક કરે છે અને યમ પાસે ભાઈની લાંબી ઉંમરની કામના કરે છે. ત્યારબાદ ભાઈ તેની બહેનને શગુન કે ગિફ્ટ આપે છે.

## ભાઈબીજ પર તિલક કરતી વેળાએ બહેને રાખવું પડશે ખાસ આ વાતનું ધ્યાન, અજાણતા પણ આવી ભૂલ ન કરતા

**કારતક માસમાં શુક્લ પક્ષની બીજ પર ભાઈબીજનો તહેવાર મનાવવામાં આવે છે. રક્ષાબંધનની જેમ આ તહેવાર પણ દરેક ભાઈ-બહેન માટે ખૂબ ખાસ હોય છે. આ પર્વને ભાઈબીજ, ભાઈ ટીકા, યમ દ્વિતીયાના નામથી પણ ઓળખવામાં આવે છે. દર વર્ષે દિવાળીના બે દિવસ બાદ ભાઈબીજનો તહેવાર મનાવવામાં આવે છે. બહેનો ભાઈબીજની આતુરતાપૂર્વક રાહ જોતી હોય છે. આ દિવસે બહેનો પોતાના ભાઈની લાંબી ઉંમર માટે પૂજા કરે છે, સલામતીની પ્રાર્થના કરે છે અને તેને તિલક કરે છે.**

### તિલક કરતી વખતે આ વાતનુ રાખો ધ્યાન

ભાઈબીજના દિવસે બહેન કંકુનુ તિલક લગાવીને ભાઈની પૂજા કરે છે, પરંતુ તિલક લગાવતી સમયે દિશાનુ વિશેષ ધ્યાન રાખવુ જોઈએ. વાસ્તુ જાણકારો મુજબ કહેવામાં આવે છે કે તિલક કરતી સમયે ભાઈનુ મોંઢૂ ઉત્તર અથવા ઉત્તર-પશ્ચિમમાંથી કોઈ એક દિશામાં હોવુ જોઈએ અને બહેનનુ મોંઢૂ ઉત્તર-પૂર્વ અથવા પૂર્વમાં હોવુ જોઈએ. આ સાથે ભાઈબીજના દિવસે બહેને ભાઈને તિલક કરતા પહેલા કશુ ખાવુ પીવુ ના જોઈએ.

### ભાઈબીજે આ રીતે કરો તિલક

ભાઈબીજે સૌથી પહેલા આટાનો ચોક બનાવો. ત્યારબાદ ચોક પર લાકડીના પાટા રાખી તેના પર ભાઈને બેસાડો. ધ્યાન રાખો કે ભાઈનો ચહેરો પૂર્વ દિશા તરફ હોય. પછી ભાઈના માથા પર તિલક લગાવો. તિલક લગાવ્યાં બાદ ભાઈના હાથમાં કલાવા બાંધો. ત્યારબાદ દીવો પ્રગટાવીને ભાઈની આરતી કરો અને લાંબી ઉંમરની પ્રાર્થના કરો.


### બહેન-ભાઈ ભૂલથી પણ ન કરે આ ભૂલ

ભાઈબીજના દિવસે બહેન-ભાઈને એકબીજા સાથે ચર્ચા અને ઝગડા ન કરવા જોઈએ. બહેનને ભાઈ તરફથી મળેલા ઉપહારનો અનાદર ના કરવો જોઈએ. ભાઈબીજે બહેને ભાઈને તિલક કરતા પહેલા કશુ પણ ખાવુ-પીવુ ના જોઈએ. બહેન-ભાઈએ આ દિવસે ભૂલથી પણ એકબીજા સાથે ખોટુ બોલવુ ન જોઈએ. ભાઈને તિલક કરતી વખતે બહેન આ દિવસે ભૂલથી પણ કાળા કપડા ના પહેરે.

# અશનૂર કૌરથી ધીરજ ધૂપર સુધી...

## કેટલાક ગ્રીન ફટાકડા ફોડશે, તો કેટલાક મહારાષ્ટ્રીયન પરંપરાઓનું પાલન કરશે; ટીવી કલાકારોએ શેર કર્યા તેમના દિવાળી પ્લાન







દિવાળીનો તહેવાર દરેક માટે ખાસ હોય છે. આ પ્રસંગે ટીવી કલાકારોએ તેમની દિવાળીની યાદો અને આ વર્ષના તહેવાર વિશેની બાબતો શેર કરી છે. આવો, તેમણે શું કહ્યું તે જાણીએ:

### મારા નવા ઘરમાં પહેલીવાર દિવાળીની ઉજવણી કરી રહી છું: અશનૂર કૌર

દિવાળી હંમેશા સકારાત્મક અને આનંદની લાગણીઓ લાવે છે. આ વર્ષે, હું સમુન્દ્રા ઈન્દોરી માટે શૂટિંગ કરી રહી છું અને મારા નવા પરિવાર સાથે ઉજવણી કરવા માટે રોમાંચિત છું. મારા માટે દિવાળી એટલે તમે જેને પ્રેમ કરો છો તેમની સાથે સમય પસાર કરવો. આ વખતે હું મારા નવા ઘરમાં પહેલીવાર દિવાળી ઉજવી રહી છું. આપણે ઘરને દીવાથી સજાવીશું, મીઠાઈઓ ખાઈશું અને ઉત્સવના વાતાવરણમાં ખોવાઈ જઈશું. મેં બાળપણમાં જ ફટાકડા ફોડવાનું બંધ કરી દીધું હતું, તેથી આ વર્ષે હું ઈકો-ફ્રેન્ડલી દિવાળી પ્રેમ અને પ્રકાશ સાથે ઉજવવાનું આયોજન કરી રહી છું.

મારી પત્ની અનેક પ્રકારની મીઠાઈઓ બનાવે છે: રોહિતાશ્વ ગૌર મારા માટે દર વર્ષે સૌથી ખાસ વિધિ મારા પરિવાર સાથે લક્ષ્મી પૂજા કરવી છે. તે એક પવિત્ર ક્ષણ છે જ્યાં અમે બધા આરોગ્ય, સમૃદ્ધિ અને સુખ માટે પ્રાર્થના કરવા માટે ભેગા થઈએ છીએ. પૂજા પછી તહેવારોની વાનગીઓની સુગંધ ઘરમાં પ્રસરે છે. મારી પત્ની અને પુત્રીઓ પરંપરાગત વાનગીઓ બનાવે છે, અને અમે બધા સાથે મળીને તેનો આનંદ માણીએ છીએ. મારી પત્ની મારા મનપસંદ ગુજિયાની જેમ અનેક પ્રકારની મીઠાઈઓ બનાવે છે. આ સમય દરમિયાન અન્ય લોકોને મદદ કરવી પણ મારી પ્રાથમિકતા છે, પછી તે ચેરિટીના રૂપમાં હોય કે પરિવારથી દૂર હોય તેવા લોકો સાથે સમય પસાર કરવો.

સ્થાનિક કલાકારો પાસેથી હેન્ડ પેઈન્ટેડ લેમ્પ ખરીદ્યા: નેહા જોશી દિવાળી હંમેશા મારા દિલની ખૂબ નજીક રહી છે. અમે અમારી મરાઠી પરંપરાઓ સાથે ઘરે જ અગાઉથી તેની તૈયારી શરૂ કરીએ છીએ. એક વિશેષ વિધિ સવારે અભ્યંગ સ્નાન છે, જે શરીરને શુદ્ધ કરવા માટે માનવામાં આવે છે. દેવી લક્ષ્મીના સ્વાગત માટે આપણે ઘરની આસપાસ દીવા પ્રગટાવીએ છીએ. હું હંમેશા પર્યાવરણ પ્રત્યે સભાન રહી દિવાળી ઉજવવાનો પ્રયત્ન કરું છું.

આ વર્ષે મેં સ્થાનિક કલાકારો પાસેથી સુંદર હેન્ડ પેઈન્ટેડ લેમ્પ્સ ખરીદ્યા છે. મારા માટે, દિવાળી આપણી અંદરના પ્રકાશનું પ્રતીક છે, અને ખુશી ફેલાવવી એ એવી રીતે હોવી જોઈએ કે જે પ્રકૃતિને નુકસાન ન પહોંચાડે. આ તહેવારની સૌથી ખાસ વાત મરાઠી ફૂડનો સ્વાદ છે. મને પૂરણ પોળી, શક્કરપારા અને ચેવડો બનાવવું ગમે છે. પરિવાર અને મિત્રો સાથે આ શેર કરવાનું મારા માટે ખૂબ જ આનંદની વાત છે.

વ્યસ્ત શેડ્યૂલ હોવા છતાં, હું પરિવાર સાથે દિવાળી ઉજવું છું: યોગેશ ત્રિપાઠી દિવાળી એક ખાસ તહેવાર છે અને હું દર વર્ષે તેના આગમનની આતુરતાથી રાહ જોઉં છું. અમારી તૈયારીઓ ઘરની સફાઈથી શરૂ થાય છે જેથી સકારાત્મકતાનું સ્વાગત કરી શકાય. મારો પરિવાર દીવા, રંગોળી અને રોશનીથી ઘરને શણગારે છે. લક્ષ્મી પૂજાની વિધિ ખૂબ જ ખાસ છે, જ્યાં અમે બધા ભેગા થઈને સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરીએ છીએ. પૂજા પછી અમે થોડા ફટાકડા ફોડીએ છીએ અને પરંપરાગત મીઠાઈઓનો આનંદ માણીએ છીએ. દિવાળીનો સૌથી ખાસ ભાગ પરિવાર સાથે સમય પસાર કરવો, હસવું અને વીતેલા વર્ષને યાદ કરવું. શૂટિંગનું શેડ્યૂલ વ્યસ્ત હોવા છતાં, દિવાળી દરમિયાન હું મારા પરિવાર સાથે ઉજવણી કરવા માટે સમય કાઢું છું.

### પુત્ર ઝૈન માટે ગ્રીન ફટાકડા સાથે ઈકો-ફ્રેન્ડલી દિવાળી ઉજવવાનું આયોજન: ધીરજ ધૂપર

દિવાળી મારા માટે હંમેશા એક ખાસ તહેવાર રહ્યો છે, જે ખુશી, હૂંફ અને યાદગાર ક્ષણોથી ભરેલો છે. દિલ્હીમાં ઉછરીને, મેં અહીં અદ્ભુત દિવાળીની ઉજવણીનો અનુભવ કર્યો છે. એ ક્ષણો મારી સાથે કાયમ રહે છે. ઘરને રોશનીથી સજાવવાથી લઈને મીઠી વાનગીઓ ખાવા સુધી, દિવાળીની દરેક ક્ષણ મને અપાર આનંદ આપે છે.

પુત્ર ઝૈનને ફટાકડા ગમે છે, પરંતુ પર્યાવરણને ધ્યાનમાં રાખીને અમે ગ્રીન ફટાકડા સાથે ઈકો ફ્રેન્ડલી દિવાળી ઉજવવાનું આયોજન કર્યું છે. દિવાળી એ કુટુંબ અને મિત્રો સાથે ક્વોલિટી ટાઈમ વિતાવવા વિશે છે, અને હું મારી નજીકના લોકોને મળવા અને નવી યાદો બનાવવા માટે આતુર છું. સેટ પર જ દિવાળી ઉજવીશ: શગુન પાંડે આ વર્ષની દિવાળી મારા માટે થોડી અલગ હશે, કારણ કે હું મારા પરિવારથી દૂર રહીશ. બાળપણમાં, દિવાળીનો અર્થ પરિવાર સાથે સમય પસાર કરવો, મારી બહેન સાથે ઘર સજાવવું અને ઘણી બધી મીઠાઈઓનો આનંદ માણવો.

# છૂટાછેડાના સમાચાર પર ભડકયો હતો અભિષેક: કહ્યું- એ પણ કહી દો હું ક્યારે લગ્ન કરીશ; હાલ નિમરત કૌર સાથે જોડાઈ રહ્યું છે નામ...

(એજન્સી) મુંબઈ | તા.01

છેલ્લા ઘણા દિવસોથી એવા અહેવાલો આવી રહ્યા છે કે અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય વચ્ચે બધુ બરાબર નથી. તેમના છૂટાછેડાના સમાચાર પણ ચર્ચામાં છે. આ પહેલીવાર નથી કે જ્યારે તેમના અલગ થવાના સમાચાર સામે આવ્યા હોય. 2014માં પણ ઐશ્વર્યા અને અભિષેક છૂટાછેડા લેવા જઈ રહ્યા હોવાની ખબરો આવી હતી.

અભિષેકે પણ આ સમાચાર પર પ્રતિક્રિયા આપી હતી. અભિષેકે એક પોસ્ટ શેર કરી હતી - ઠીક છે. હું માનું છું કે હું છૂટાછેડા લઈ રહ્યો છું. મને જણાવવા બદલ આભાર! તમે મને કહેશો કે હું ક્યારે ફરી લગ્ન કરીશ?.

અભિષેકનું નામ નિમરત સાથે જોડવામાં આવ્યું હતું થોડા દિવસો પહેલા અભિષેક અને એક્ટ્રેસ નિમરત કૌર વચ્ચે અફેરની અફવાઓ પણ સામે આવી હતી. જો કે, બંનેએ આ અફવાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ સોશિયલ મીડિયા પર આ અંગે ઘણી ચર્ચા થઈ રહી છે. ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે શું આ અફવાઓની તેમના લગ્ન જીવન પર અસર પડી છે?

છૂટાછેડાના સમાચારે કેવી રીતે વેગ પકડ્યો? જુલાઈમાં, અભિષેક બચ્ચન તેમના પરિવાર સાથે અનંત-રાધિકાના લગ્નનો ભાગ હતો. રેડ કાર્પેટ પર અભિષેકનો આખો પરિવાર હાજર હતો, જોકે તે સમયે ઐશ્વર્યા અને પુત્રી આરાધ્યા તેની સાથે ન હતી. અભિષેકના આગમનના થોડા સમય બાદ ઐશ્વર્યા તેની પુત્રી સાથે રેડ કાર્પેટ પર પહોંચી અને પાપારાઝી માટે પોઝ આપ્યો. અલગ-અલગ એન્ટ્રી લેવા સિવાય આખા લગ્ન દરમિયાન તેઓ સાથે જોવા મળ્યા ન હતા. આ પછી ઐશ્વર્યા રાય તેની પુત્રી સાથે વેકેશન પર ગઈ હતી, ત્યારે પણ અભિષેક તેની સાથે હાજર નહોતો. અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્ન વર્ષ 2007માં થયા હતા.



# હાર્દિક સાથે છૂટાછેડા બાદ નતાશાને થયો પ્રેમ?

(એજન્સી) મુંબઈ | તા.01

ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યાની પૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક હાલમાં ચર્ચામાં છે. જ્યારથી નતાશા અને હાર્દિક અલગ થયા છે ત્યારથી એવું કહેવામાં આવી રહ્યું છે કે નતાશા કોઈ બીજાને ડેટ કરી રહી છે.

નતાશા ઘણીવાર ફેમસ ફિટનેસ ટ્રેનર એલેક્ઝાન્ડર એલેક્સ ઈલિક સાથે જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં બંનેના નામ વારંવાર જોડવામાં આવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને વચ્ચે કંઈક છે. પરંતુ બંનેમાંથી કોઈએ પણ આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી.



આ દરમિયાન ફરી એકવાર નતાશા સ્ટેનકોવિક ફિટનેસ ટ્રેનર એલેક્ઝાન્ડર એલેક્સ ઈલિક સાથે દિવાળી પાર્ટીમાં પહોંચી હતી. આ પછી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ કે બંને વચ્ચે શું સંબંધ છે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી નતાશા જ્યાં પણ જાય છે ત્યાં તેની સાથે એલેક્ઝાન્ડર એલેક્સ સાથે જોવા મળે છે. પછી તે જીમ હોય કે પાર્ટી.

નતાશા અને સિકંદર પ્રખ્યાત ફેશન ડિઝાઈનર જોડી અબુ જાની-સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં જોવા મળ્યા હતા. આ દરમિયાન આ જોડીએ ઘણી લાઈમલાઈટ મેળવી હતી. પાર્ટીમાં એલેક્ઝાન્ડર તેની રૂમર્ડ ગર્લફ્રેન્ડ નતાશાનું ધ્યાન રાખતો પણ જોવા મળ્યો હતો. હાલમાં નતાશા અને એલેક્ઝાન્ડર ફરી એકવાર દિવાળી પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. આ દરમિયાન બંનેએ કેમેરા સામે જોરદાર પોઝ આપ્યા હતા. આ ઈવેન્ટમાં નતાશાએ બ્લેક અને ગોલ્ડન કલરની સાડી પહેરી હતી. એલેક્ઝાન્ડર પણ ગોલ્ડન અને ક્રીમ કલરના આઉટફિટમાં જોવા મળ્યો હતો. બંનેના ડ્રેસ એકદમ સરખા હતા. બંનેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે અને યુઝર્સ તેના પર જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે.

## જાહ્નવી અને ખુશી, શિખર અને વૈદાંગ ચારેય સાથે ટ્રીપ પર...

મુંબઈ : સંખ્યાબંધ બોલીવૂડ કલાકારો દિવાળી વેકેશન માણવા વિદેશનાં જુદાં જુદાં લોકેશન્સ પર પહોંચવા માંડયાં છે. જાહ્નવી કપૂર અને ખુશી કપૂર અને તેમના બંનેના બોયફ્રેન્ડ એમ ચારેય કોઈ અજાણી જગ્યાએ વેકેશન ગાળી રહ્યાં છે.

જાહ્નવી અને શિખર પહાડિયાનું અફેર જગજાહેર થઈ ચૂક્યું છે. જ્યારે ખુશી પણ 'આર્ચીઝ' ફિલ્મના તેના કો સ્ટાર વૈદાંગ રૈના સાથે લાંબા સમયથી રિલેશનશિપમાં છે. સોશિયલ મીડિયા પર જાહ્નવી તથા ખુશીએ અલગ અલગ ફોટા શેર કર્યા હતા. તે જ સમયગાળામાં શિખર અને વૈદાંગે પણ એ જ લોકેશનના ફોટા શેર કર્યા હતા. તે પરથી લોકોએ તાળો મેળવી લીધો છે કે ચારેય જણ કોઈ એક જગ્યાએ સાથે વેકેશન ગાળી રહ્યાં છે.

લોકોએ આ ફોટો તથા વીડિયોની સમીક્ષા કરી ખુશી એક ફોટોગ્રાફર તરીકે બહુ સારી સેન્સ ધરાવે છે તેવો ચુકાદો પણ આપી દીધો છે. \

# 'તારક મહેતા'ના જેઠાલાલને શોમાં ઓફર થયો હતો આ રોલ, થયો મોટો ખુલાસો



(એજન્સી) મુંબઈ | તા.01

કોમેડી ટીવી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શરૂ થયો ત્યારથી જ દિલીપ જોશી અને અમિત ભટ્ટ આ શો સાથે જોડાયેલા છે. ફેન્સને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ખૂબ ગમે છે. તેણે માત્ર આ શોને જ નહીં પરંતુ આ શોના દરેક પાત્રને પોતાના દિલમાં સ્થાન આપ્યું છે.

પરંતુ જેઠાલાલ અને ચંપક ચાચાના પાત્રો પ્રત્યે તેમનો લગાવ થોડો વધારે છે. તમને જણાવી દઈએ કે, જ્યારથી શો શરૂ થયો છે ત્યારથી દિલીપ જોષી જેઠાલાલનો રોલ કરી રહ્યા છે અને અમિત ભટ્ટ ચંપક ચાચાનો રોલ કરી રહ્યા છે.

દિલીપ જોશીએ 1989માં એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. તેણે સલમાન ખાનનું 'મૈંને પ્યાર કિયા', શાહરૂખ ખાનનું 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' અને 'હમ આપકે હૈ કૌન..!' માં કામ કર્યું હતું. નવ વર્ષ સુધી સંઘર્ષ કર્યા પછી, તેને વર્ષ 2008માં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોમાં કામ મળ્યું.

મીડિયા રિપોર્ટ મુજબ, 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના મેકરે અગાઉ ચંપક ચાચાના રોલ માટે દિલીપ જોશીનો સંપર્ક કર્યો હતો. પરંતુ દિલીપને લાગ્યું કે તે જેઠાલાલનો રોલ વધુ સારી રીતે ભજવી શકશે. દિલીપ જોશીએ જેઠાલાલ માટે ઓડિશન આપ્યું અને ચંપક ચાચાના રોલ માટે અમિત ભટ્ટનું નામ આપ્યું. આ રીતે અમિત ભટ્ટને ઓડિશન લીધા વગર ચંપક ચાચાનો રોલ મળ્યો. જેઠાલાલની ભૂમિકા માટે દિલીપ જોશીની પસંદગી કરવામાં આવી હતી.

મીડિયા રિપોર્ટ મુજબ, આજે દિલીપ જોશી એક એપિસોડ માટે 1.5 થી 2 લાખ રૂપિયા ચાર્જ કરે છે. જ્યારે અમિત જોશી દરેક એપિસોડ માટે 70,000 રૂપિયા ચાર્જ કરે છે.

તમને જણાવી દઈએ કે, દિલીપ જોશી પહેલા જેઠાલાલનો રોલ યોગેશ ત્રિપાઠી, અલી અસગર, કીકુ શારદા, અહાન કુરેશી અને રાજપાલ યાદવને ઓફર કરવામાં આવ્યો હતો, પરંતુ તેઓએ આ ઓફર ફગાવી દીધી હતી.

# સારા સાથે બ્રેકઅપ બાદ કાર્તિક આર્યન ફરી પ્રેમમાં પડ્યો?

## વિદ્યા બાલને 'મિસ્ટ્રી ગર્લ'ની પોલ ખોલી, એક્ટર વાત સાંભળતાં જ શરમાયો

(એજન્સી) મુંબઈ | તા.01

કાર્તિક આર્યન અને વિદ્યા બાલન 'ભુલભુલૈયા 3'ના પ્રમોશન માટે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ' શોમાં જોવા મળશે. કપિલના શોમાંથી આ બંનેનો ઓફિશિયલ પ્રોમો હજી રિલીઝ થયો નથી, પરંતુ વિદ્યા-કાર્તિકનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાઈરલ થઈ રહ્યો છે, જે આગામી એપિસોડનો છે.

વિદ્યા બાલને 'મિસ્ટ્રી ગર્લ'ની પોલ ખોલી આ વીડિયોમાં વિદ્યા બાલન કાર્તિકની લવ લાઈફ વિશે ખુલાસો કરતી જોવા મળે છે. કાર્તિકની લવ લાઈફનો ખુલાસો કરતી વખતે વિદ્યાએ ઈશારો કર્યો કે તેના જીવનમાં એક મિસ્ટ્રી ગર્લ છે. તે હંમેશાં ફોન પર વાતો કરતો, લવ યુ...મી ટુ..લવ યુ...મી ટુ. તેનું નામ શું છે. વિદ્યા બાલનની આ વાત સાંભળીને એક્ટર એકદમ શરમાય જાય છે.

કાર્તિકનું નામ સારા, અનન્યા અને જાહ્નવી સાથે જોડાયું હતું કાર્તિક આર્યનની ગર્લફ્રેન્ડનું લિસ્ટ ઘણું લાંબું થઈ ગયું છે, પરંતુ તેમાંથી સારા અલી ખાન, અનન્યા પાંડે અને જાહ્નવી કપૂરનાં નામની સૌથી વધુ ચર્ચા થઈ હતી. જોકે કાર્તિકે ક્યારેય પોતાની રિલેશનશીપ વિશે ખૂલીને વાત કરી નથી, પરંતુ 'કોફી વિથ કરણ'ના એક એપિસોડમાં સારા અને અનન્યાએ એકબીજાને મજાકમાં કહ્યું કે તે બંને કોઈને ડેટ કરતાં હતાં, જે બધાનો EX છે.

'ભુલભુલૈયા 3' દિવાળી પર 'સિંઘમ અગેઈન' સાથે ટકરાશે અત્યારે બધા 'ભુલભુલૈયા 3'ની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ દિવાળીના અવસર પર 1 નવેમ્બરે થિએટરમાં રિલીઝ થશે. કાર્તિક આર્યન સાથે વિદ્યા બાલન, તૃપ્તિ ડિમરી, માધુરી દીક્ષિત, સંજય મિશ્રા અને રાજપાલ યાદવ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર 'સિંઘમ અગેઈન' સાથે ટકરાશે. અજય દેવગનની આ મલ્ટીસ્ટારર ફિલ્મમાં કરીના કપૂર, અર્જુન કપૂર, અક્ષય કુમાર, દીપિકા પાદુકોણ, રણવીર સિંહ અને ટાઈગર શ્રોફ છે, જ્યારે સલમાન ખાનનો પણ ફિલ્મમાં કેમિયો છે. કાર્તિક આર્યને બોક્સ ઓફિસની ક્લેશ પર કહી વાત કાર્તિકે 'ઈન્ડિયા ટુડે'ને બોક્સ ઓફિસ વિશે વાત કરતાં કહ્યું, મને લાગે છે કે દિવાળી માત્ર બે ફિલ્મ નહીં, પરંતુ વધુ ફિલ્મો રિલીઝ થઈ શકી હોત.



# રેણુકાસ્વામી મર્ડર: કન્નડ અભિનેતા દર્શન જેલમાંથી બહાર આવ્યો

## HCએ તબીબી કારણસર છ અઠવાડિયાના જામીન આપ્યા; ચાહકની હત્યાનો છે આરોપ

(એજન્સી) મુંબઈ | તા.01

રેણુકાસ્વામી હત્યા કેસના આરોપી એક્ટર દર્શન થુગુદીપાને જેલમાંથી બહાર આવ્યો છે. કર્ણાટક હાઈકોર્ટે તેમને કરોડરજ્જુનું ઓપરેશન કરાવવા માટે તબીબી આધાર પર છ અઠવાડિયાના વચગાળાના જામીન આપ્યા હતા.

અહેવાલો અનુસાર, દર્શન થૂગુદીપાએ કરોડરજ્જુની સર્જરી માટે કર્ણાટક હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. કોર્ટે પ્રશાસનને આ કેસમાં મેડિકલ તપાસનો રિપોર્ટ રજૂ કરવા કહ્યું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દર્શનને તેની પીઠની સમસ્યા માટે ફિઝિયોથેરાપી અથવા સર્જરી કરાવવી પડી શકે છે. જ્યારે, અભિનેતા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સીવી નાગેશ અને રાજ્યના સરકારી વકીલ પી. પ્રસન્ન કુમારની દલીલો સાંભળ્યા પછી કોર્ટે મંગળવારે વચગાળાની જામીન અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

જાણો સમગ્ર મામલો વાસ્તવમાં, કન્નડ અભિનેતા દર્શન થૂગુદીપા પર ચાહક રેણુકાસ્વામીની હત્યાનો આરોપ છે. રેણુકાસ્વામીનો મૃતદેહ 9 જૂનના રોજ બેંગલુરુના કામક્ષિપાલ્ય વિસ્તારમાં એક એપાર્ટમેન્ટ નજીકથી મળી આવ્યો હતો. જ્યારે પોલીસે ક્રાઈમ સીનની આસપાસના વિસ્તારની તપાસ કરી ત્યારે તેઓએ સીસીટીવી ફૂટેજમાં દર્શન અને પવિત્રાને ક્રાઈમ સીન છોડીને જતા જોયા. રાત્રે 11 વાગ્યાથી સવારના 3 વાગ્યા સુધી બંનેના મોબાઈલ નંબર એક જ વિસ્તારમાં એક્ટિવ હતા. આ પછી 11 જૂને દર્શન અને અભિનેત્રી પવિત્રાની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં દર્શન અને પવિત્રા સહિત 19 લોકોની ધરપકડ કરી છે.

11 જૂનથી જેલમાં હતો દર્શન પોલીસ તપાસ અનુસાર, 33 વર્ષીય મૃતક રેણુકાસ્વામી અભિનેતા દર્શનના ચાહક હતા. જાન્યુઆરી 2024માં, કન્નડ અભિનેત્રી પવિત્રા ગૌડાએ દર્શન સાથે તેની 10મી વર્ષગાંઠની ઉજવણી કરી. આ કારણે તેમના સંબંધો વિવાદમાં આવ્યા કારણ કે દર્શન પહેલાથી જ પરિણીત હતો.

રેણુકાસ્વામી પવિત્રાને વાંધાજનક મેસેજ મોકલતા હતા રેણુકાસ્વામી આ સમાચારથી ખૂબ ગુસ્સે થયા. તે પવિત્રાને દર્શનથી દૂર રહેવા માટે સતત મેસેજ કરી રહ્યો હતો. શરૂઆતમાં પવિત્રાએ તેના સંદેશાઓની અવગણના કરી, પરંતુ પાછળથી રેણુકાસ્વામીએ વાંધાજનક સંદેશાઓ મોકલવા અને તેને ધમકી આપવાનું શરૂ કર્યું.

આ પછી પવિત્રા દર્શનને રેણુકાસ્વામીને મારવા માટે ઉશ્કેરે છે. તેમજ તેને સજા કરવા જણાવ્યું હતું. તેના સહયોગીઓની મદદથી દર્શને રેણુકાસ્વામીનું અપહરણ કરાવ્યું. બધા તેને ગોડાઉનમાં લઈ ગયા. જ્યાં હત્યા કરતા પહેલા તેને ત્રાસ આપવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, દર્શન અને તેના સાથીઓએ રેણુકાસ્વામીને ગોડાઉનમાં ખૂબ માર માર્યો હતો, જેના કારણે તેમનું મોત થયું હતું. હત્યા બાદ દર્શનના મિત્રો જેમના કપડાં લોહીથી ખરડાયેલા હતા. તે નજીકના રિલાયન્સ સ્ટોરમાં ગયો અને ત્યાં નવા કપડાં ખરીદ્યા અને બદલાવ્યા.



# રિષભ પંતની દિલ્હી કેપિટલ્સ સાથે 9 વર્ષની સફરનો અંત, DC આ 4 ખેલાડીઓને કરશે રિટેન

(એજન્સી) નવી દિલ્હી તા 02

રિષભ પંતે 2016માં દિલ્હી કેપિટલ્સ સાથે તેની IPL કારકિર્દીની શરૂઆત કરી હતી અને તે છેલ્લી 9 સિઝનથી તે જ ફ્રેન્ચાઈઝી સાથે હતો. આ સમય દરમિયાન દિલ્હીએ 2021માં પંતને ટીમનો કેપ્ટન બનાવ્યો હતો અને તેણે 3 સિઝનમાં ટીમની કમાન સંભાળી હતી, જેમાંથી તે એક વખત પ્લેઓફમાં પહોંચ્યો હતો. હવે આગામી સિઝનમાં પંત દિલ્હી કેપિટલ્સ તરફથી રમતો જોવા નહીં મળે. ઘણા દિવસોની અટકળો અને ચર્ચાઓ બાદ આખરે ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. IPLની આગામી સિઝનમાં દિલ્હી કેપિટલ્સના ડગઆઉટમાં રિષભ પંતનો ચહેરો દેખાશે નહીં. બુધવાર, ઑક્ટોબર 30, IPL જાળવી રાખવાની સમયમર્યાદાના એક દિવસ પહેલા, એક અહેવાલમાં જાણવા મળ્યું કે પંત અને દિલ્હી અલગ થઈ ગયા છે. આ સાથે જ આ બંને વચ્ચે છેલ્લા 9 વર્ષથી ચાલી રહેલા સંબંધોનો અંત આવ્યો છે. પંતે 2016માં દિલ્હી તરફથી IPLમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી તે આ ફ્રેન્ચાઈઝીનો એક ભાગ હતો. પંત અલગ થઈ રહ્યો છે પરંતુ દિલ્હીએ અક્ષર પટેલ અને કુલદીપ યાદવ સહિત 4 ખેલાડીઓને જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. એક અહેવાલ મુજબ, રિષભ પંત અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રિટેન્શનને લઈને ઘણા રાઉન્ડની ચર્ચા થઈ હતી પરંતુ બંને વચ્ચે કોઈ સહમતિ થઈ શકી ન હતી અને હવે દિલ્હીએ પંતને મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પંત ટીમનો કેપ્ટન બની રહેવા માંગતો હતો અને આ સિવાય તેણે ટીમના માલિકો પાસેથી કેટલીક માંગ પણ કરી હતી પરંતુ ફ્રેન્ચાઈઝી મેનેજમેન્ટ આ માટે તૈયાર નહોતું. ખાસ કરીને ફ્રેન્ચાઈઝીને પંતની કેપ્ટનશીપ અંગે વિશ્વાસ ન હતો અને તેથી પંતને જાળવી ન રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.રિષભ પંતને 2021માં દિલ્હીએ ટીમનો કેપ્ટન બનાવ્યો હતો અને આ વર્ષે કાર અકસ્માત બાદ પરત ફર્યા બાદ પણ તેને ફરીથી કેપ્ટનશીપ મળી હતી. જોકે, પંતના કાર્યકાળ દરમિયાન દિલ્હી માત્ર એક જ વખત પ્લેઓફમાં પહોંચી હતી અને ત્રીજા સ્થાને રહી હતી. આવી સ્થિતિમાં, પંત આ વખતે નવી ટીમમાં જોવા મળશે અને શક્ય છે કે તે મેગા ઓક્શનમાં ભારતનો સૌથી મોંઘો ખેલાડી બની શકે. ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર જેવી ટીમો તેને ખરીદવાની રેસમાં છે.જ્યાં સુધી રિટેન્શનની વાત છે, દિલ્હી કેપિટલ્સ 4 ખેલાડીઓને રિટેન કરે તેવું લાગે છે. જેમાં પ્રથમ રિટેનશન સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલ રહેશે, જ્યારે બીજી રિટેન્શન સ્પિનર કુલદીપ યાદવની રહેશે. તેના સિવાય, ફ્રેન્ચાઈઝી દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન ટ્રિસ્ટન સ્ટબ્સને પણ જાળવી રાખશે, જેણે છેલ્લી સિઝનમાં ઘણા રન બનાવ્યા હતા. યુવા વિકેટકીપર-બેટ્સમેન અભિષેક પોરેલને અનકેપ્ડ ખેલાડી તરીકે જાળવી રાખવામાં આવશે. આ રીતે, ફ્રેન્ચાઈઝી પાસે મેગા ઓક્શન દરમિયાન રાઈટ ટુ મેચ સાથે 2 ખેલાડીઓ ખરીદવાનો વિકલ્પ પણ હશે. પરંતુ દિલ્હીએ અક્ષર પટેલ અને કુલદીપ યાદવ સહિત 4 ખેલાડીઓને જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. એક અહેવાલ મુજબ, રિષભ પંત અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રિટેન્શનને લઈને કરવાનો નિર્ણય લીધો છે.



## ક્રિત્વિકાઅને યશસ્વીની ડબલ્સ ટાઈટલ જીત્યા

ઈટાલી ખાતે કેગલાયરી ખાતે રમાયેલી વર્લ્ડ ટેબલ ટેનિસ ફિડર ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટોચની ક્રમાંકિત ક્રિત્વિકા સિન્હા રોય અને યશસ્વીની ગોરપડેએ વિમેન્સ ડબલ્સનું ટાઈટલ જીતી લીધું હતું. ટૂર્નામેન્ટમાં બીજો ક્રમાંક ધરાવતી ક્રિત્વિકા અને યશસ્વીએ સાઉથ કોરિયાની યુ સિવોયુ તથા કિમ હુએનની જોડીને 3-1થી (11-9, 9-11, 14-12, 11-2) પરાજય આપીને ટ્રોફી પોતાના નામે કરી લીધી હતી. સેમિફાઈનલમાં જાપાનની સાચી ઓકી અને સાકુરા યોકોઈને 3-0થીહરાવતા પહેલાં ક્વાર્ટર ફાઈનલમાં ઈટાલીની સ્થાનિક ખેલાડી આરિયાના બારાની તથા મારિયા પિકૂને પણ 3-0ની સ્કોરલાઈનથી પરાજય આપ્યો હતો.

# ક્યારે અને ક્યાં ફ્રીમાં જોઈ શકશો I PLરીટેન્શન લાઈવ



(એજન્સી) નવી દિલ્હી તા 02

આઈપીએલ 2025ના રિટેન્શન લિસ્ટ 31 ઓક્ટોબરના રોજ એટલે કે, આજે છે. આજે તમને જણાવીશું કે, તમે રિટેન્શન લિસ્ટ લાઈવ ક્યાં અને ક્યારે લાઈવ જોઈ શકશો. ઈન્ડિયન પ્રીમિયર લીગ 2025ની તમામ ફ્રેન્ચાઈઝીની રિટેન્શન લિસ્ટ માટે ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આજે દિવાળીના દિવસે 31 ઓક્ટોબરના રોજ તમામ ફ્રેન્ચાઈઝી પોતાની તમામ રિટેન્શન લિસ્ટ જાહેર કરી દેશે. તો ચાલો જાણીએ તમે મફતમાં લાઈવ રિટેન્શન લિસ્ટ ક્યાં જોઈ શકશો. IPL 2025 રીટેન્શન લિસ્ટ 31 ઓક્ટોબરે રોજ છે. આઈપીએલ 2025 રિટેન્શન લિસ્ટ જાહેર કરવાની ડેડલાઈન 31 ઓક્ટોબર સાંજના 5 વાગ્યા સુધીની છે. તમામ ફ્રેન્ચાઈઝીઓ આ પહેલા રિટેન અને રિલીઝ ખેલાડીઓનું લિસ્ટ સબ્મિટ કરવાનું રહેશે. આઈપીએલ 2025 રિટેન્શન લિસ્ટ લાઈવ તમે ઓનલાઈન જિયો સિનેમા એપ પર જોઈ શકશો. જ્યારે ટીવી પર લાઈવ ટેલીકાસ્ટ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક પર જોઈ શકાશે. રિટેન્શન શો સાંજે 4 : 30કલાકે જોઈ શકશો.

દરેક ટીમ માત્ર 5 કેપ્ડ અને 2 અનકેપ્ટડ ખેલાડીઓને રિટેન કરી શકે છે. કુલ 6 ખેલાડીઓ જ ફ્રેન્ચાઈઝી મેગા ઓક્શન પહેલા રિટેન કરી શકે છે. આ સિવાય અનકૈપ્ટડ ખેલાડીઓની ટીમ 4 કરોડ રુપિયામાં રિટેન કરી શકે છે.

# રોહિત શર્મા અને ગૌતમ ગંભીર વચ્ચે વચ્ચે થઈ ઉગ્ર બોલાચાલી



(એજન્સી) નવી દિલ્હી તા 02

રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતીય ટીમે જૂનમાં T20 વર્લ્ડ કપ જીત્યો હતો અને ત્યારબાદ જ ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયામાં કોચ તરીકે પ્રવેશ્યો હતો. જો કે, આટલા ઓછા સમયમાં, બંને દિગ્ગજોની હાજરીથી, ટીમ ઈન્ડિયાના પ્રદર્શનમાં જબરદસ્ત ઘટાડો થયો છે અને ટીમને કેટલીક કારમી હારનો સામનો કરવો પડ્યો છે. જે બાદ હવે બંને વચ્ચે ટીમ ચલાવવાને લઈ વિવાદ થયો હોવાના સમાચાર સામે આવ્યા છે. T20 ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું જોરદાર પ્રદર્શન ચાલુ છે, પરંતુ વર્લ્ડ કપ વિજેતા ટીમના કેપ્ટન રોહિત શર્મા સહિત ઘણા ખેલાડીઓ ODI અને ટેસ્ટ ટીમોમાં પણ રમી રહ્યા છે અને આ બંને ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન સતત નીચે આવવા લાગ્યું છે. ન્યુઝીલેન્ડ સામેની હોમ ટેસ્ટ સિરીઝમાં મળેલી હારથી બધાને ચોંકાવી દીધા છે અને હવે આ ચોંકાવનારા પ્રદર્શન વચ્ચે એક સનસનીખેજ અહેવાલ સામે આવ્યો છે. આ રિપોર્ટ ટીમ ઈન્ડિયાની અંદર ચાલી રહેલી ઉથલપાથલ વિશે છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે કેપ્ટન રોહિત શર્મા અને કોચ ગૌતમ ગંભીર વચ્ચે અણબનાવ થયો છે અને ટીમ ચલાવવાને લઈને બંને વચ્ચે દલીલ થઈ છે.

એક ન્યૂઝ ચેનલના રિપોર્ટમાં આ સનસનીખેજ દાવો કરવામાં આવ્યો છે. આ અહેવાલ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે 1 નવેમ્બરથી મુંબઈમાં શરૂ થઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના 2 દિવસ પહેલા આવ્યો છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે રોહિત અને ગંભીર વચ્ચે ટીમમાં નિર્ણય લેવા અને ખેલાડીઓના પ્રદર્શનને લઈને મતભેદ છે. એટલું જ નહીં, એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક પ્રસંગોએ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ છે. જુલાઈમાં જ ગંભીરને ટીમ ઈન્ડિયાનો નવો મુખ્ય કોચ બનાવવામાં આવ્યો હતો.રિપોર્ટમાં ટીમ ઈન્ડિયાના સૂત્રોએ દાવો કર્યો છે કે રોહિત અને ગંભીર વચ્ચેના આ વિવાદનું મુખ્ય કારણ વિવિધ પ્રકારના નિર્ણયો છે. જે મુજબ ગૌતમ ગંભીર ઘણા એવા નિર્ણયો લઈ રહ્યો છે જે કેપ્ટન રોહિત શર્માને પસંદ નથી અને આને લઈને તેમની વચ્ચે ઘણી ચર્ચા થઈ રહી છે. બંને વચ્ચેના વિવાદનું મૂળ એ છે કે બંને દિગ્ગજ ટીમને પોતાની રીતે ચલાવવા માંગે છે. રિપોર્ટમાં કહેવામાં આવી રહ્યું છે કે ગૌતમ ગંભીરના કોચ બન્યા બાદ રોહિત શર્માનું પ્રદર્શન સારું નથી ચાલી રહ્યું કારણ કે ગંભીર પોતાના નિર્ણયોથી પાછળ હટવા તૈયાર નથી. એવું કહેવામાં આવ્યું છે કે રોહિત તેની ઈચ્છા મુજબ નિર્ણય લઈ શકતો નથી.

# ક્યારેક મહાન ખેલાડીઓ સાથે'... રોહિત-વિરાટના ખરાબ ફોર્મ પર કોચનું મોટું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી તા 02



ટીમના અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા હાલમાં ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહ્યા છે. ન્યુઝીલેન્ડ સામે સિરીઝની છેલ્લી મેચ 1 નવેમ્બરથી રમાવાની છે. આ મેચ પહેલા ભારતીય ટીમના આસિસ્ટન્ટ કોચ અભિષેક નાયરે રોહિત અને વિરાટના ફોર્મ પર મોટું નિવેદન આપ્યું છે. ન્યુઝીલેન્ડ સામે રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન અત્યાર સુધી કંઈ ખાસ રહ્યું નથી. શ્રેણીની પ્રથમ બે મેચ હારી ચૂકેલી ટીમ ઈન્ડિયા પર હવે ક્લીન સ્વીપનો ખતરો છે. ટીમના અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા પણ આ શ્રેણીમાં રન માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા છે. બંને ખેલાડીઓના બેટમાંથી કોઈ મોટી ઈનિંગ્સ જોવા મળી ન હતી.

આ દરમિયાન ભારતીય ટીમના સહાયક કોચ અભિષેક નાયરે રોહિત અને વિરાટના ફોર્મ પર મોટું નિવેદન આપ્યું છે. અભિષેક નાયરનું માનવું છે કે વિરાટ કોહલી અને રોહિત શર્મા સખત મહેનત કરી રહ્યા છે અને ટૂંક સમયમાં ફોર્મમાં જોવા મળશે. ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટના બે દિવસ પહેલા બુધવારે વાનખેડે સ્ટેડિયમમાં પ્રેસ કોન્ફરન્સમાં અભિષેક નાયરે કહ્યું, 'વિરાટ કોહલી અને રોહિત શર્માનું વલણ શાનદાર છે, તેઓ સખત મહેનત કરી રહ્યા છે. કેટલીકવાર, તમારે મહાન ખેલાડીઓ સાથે પણ થોડી ધીરજ રાખવી પડશે, અને તેઓ મુશ્કેલ સમયનો સામનો કરી શકે છે. મને ખાતરી છે કે કોહલી અને રોહિતના વખાણ કરવા માટે અમારી પાસે ઘણું બધું હશે.અભિષેક નાયરે આગળ કહ્યું, 'હું પોતે એક ટોચનો ખેલાડી રહ્યો છું અને તેથી જ્યારે કોઈ આ તબક્કામાંથી પસાર થાય છે, ત્યારે ક્યારેક તે તેમને તેમની જગ્યા આપવા વિશે અને વિશ્વાસ કરે છે કે તેઓ પાછા આવશે, તેઓ સખત મહેનત કરશે. જુઓ દરેક વ્યક્તિએ ખરેખર સખત મહેનત કરી છે. દરેક વ્યક્તિ સારું પ્રદર્શન કરવા માંગે છે. દરેક વ્યક્તિ, પછી તે વિરાટ કોહલી હોય, રોહિત શર્મા હોય કે અન્ય કોઈ હોય, પ્રયત્નો કરી રહ્યા છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટના બે દિવસ પહેલા બુધવારે વાનખેડે સ્ટેડિયમમાં પ્રેસ કોન્ફરન્સમાં અભિષેક નાયરે કહ્યું, 'વિરાટ કોહલી અને રોહિત શર્માનું વલણ શાનદાર છે, તેઓ સખત મહેનત કરી રહ્યા છે. કેટલીકવાર, તમારે મહાન ખેલાડીઓ સાથે પણ થોડી ધીરજ ખાતરી છે કે કોહલી અને રોહિતના વખાણ કરવા માટે અમારી પાસે ઘણું બધું હશે.

# સ્મૃતિ મંધાનાએ સદી ફટકારીને રચ્યો ઈતિહાસ



(એજન્સી) અમદાવાદ તા 02

સ્મૃતિ મંધાનાએ ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી વનડેમાં સદી ફટકારી હતી. મંધાનાએ આ સદી સાથે એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો. મંધાનાએ મિતાલી રાજનો મોટો રેકોર્ડ તોડ્યો હતો. સ્મૃતિ મંધાનાએ ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી અને નિર્ણાયક વનડેમાં શાનદાર સદી ફટકારી હતી. આ સદી સાથે તેણે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો. સ્મૃતિ મંધાનાએ ન્યુઝીલેન્ડ વિરુદ્ધ 100 રન બનાવ્યા હતા અને તેણે ટીમ ઈન્ડિયાની જીત પણ નક્કી કરી હતી. મંધાનાની આ સદી ખાસ છે કારણ કે તે હવે ટીમ ઈન્ડિયા માટે સૌથી વધુ વનડે સદી ફટકારનારી મહિલા ખેલાડી બની ગઈ છે. તેણે મિતાલી રાજનો રેકોર્ડ તોડી નાખ્યો, જેણે 7 સદી ફટકારી હતી. સ્મૃતિ મંધાનાએ ન્યુઝીલેન્ડ સામે સદી ફટકારીને વધુ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. મંધાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 10 સદી ફટકારનારી ભારતની પ્રથમ મહિલા ક્રિકેટર છે. મંધાનાની આ સદી એટલા માટે પણ ખાસ છે કારણ કે તેની ઈનિંગે ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં 2-1થી જીત અપાવી હતી. મંધાનાએ સાવચેતીપૂર્વક બેટિંગ કરી હતી. તેણે 73 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી.

# અલ તોવા સામે 1-0થી હારી અલ નાસર કિંગ્સ કપમાંથી બહાર થઈ



(એજન્સી) પેરિસ તા 02

પોર્ટુગલનો દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પેનલ્ટી ઉપર ગોલ કરવાનું ચૂકી જતાં તેની ક્લબ અલ નાસર રાઉન્ડ ઓફ 16ની મેચમાં હારી ગઈ હતી અને આ સાથે તે સાઉદી અરબની ડોમેસ્ટિક ફૂટબોલ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. બીજા હાફના ઈન્જરી ટાઈમમાં રોનાલ્ડોને પેનલ્ટી મળી હતી પરંતુ 39 વર્ષીય રોનાલ્ડોની કિક ગોલપોસ્ટ ઉપરથી બહાર જતી રહી હતી. અલ તાવોન ક્લબે અલ નાસર સામે 1-0થી વિજય મેળવ્યો હતો. પાંચ વખતના બેલોન ડીઑર એવોર્ડ વિજેતા લગભગ બે વર્ષ પહેલાં અલ નાસર ક્લબ સાથે જોડાયો છે પરંતુ તે હજુ સુધી ટીમને કોઈ મેજર ટ્રોફી જીતાડી શક્યો નથી. વલીદ અલ એહમદે 20 મિનિટ બાકી હતી ત્યારે હેડર દ્વારા ગોલ નોંધાવ્યો હતો. તેણે 95મી મિનિટે કરેલી ભૂલના કારણે અલ નાસરને પેનલ્ટી મળી હતી. રોનાલ્ડોએ અગાઉ જે 18 પેનલ્ટી મળી હતી તે તમામમાં ગોલ કર્યો હતો. તેની ભૂલ ક્લબને ભારે પડી હતી અને ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. પેનલ્ટીને ગોલમાં ફેરવવાના મામલે રોનાલ્ડો કરતાં મેસ્સી આગળ છે. મેસ્સી 140 વખત મળેલી તકમાં 31 વખત ગોલ કરી શક્યો નહોતો. રોનાલ્ડોને અત્યાર સુધી કુલ 168 વખત પેનલ્ટી દ્વારા ગોલ કરવાની તક મળી હતી જેમાં તે પણ 31 વખત નિષ્ફળ રહ્યો છે.

# ટેસ્ટ રેન્કિંગમાં કોહલી અને રોહિતની પીછેહઠ

(એજન્સી) દુબઈ તા 02

રબાડાએ બુમરાહનો નંબર-1 છીનવ્યો સાઉથ આફ્રિકાના પેસ બોલર કાગિસો રબાડાએ ભારતના અનુભવી પેસર જસપ્રીત બુમરાહને પાછળ રાખીને ટેસ્ટ રેન્કિંગમાં નંબર-1 સ્થાન હાંસલ કરી લીધું છે. રબાડાએ ત્રણ ક્રમાંકની આગેકૂચ કરી છે. તેણે બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં નવ વિકેટ હાંસલ કરી હતી. બુમહાર હવે ત્રીજા ક્રમે સરકી ગયો છે. ન્યૂઝીલેન્ડ સામેની પૂણે ટેસ્ટમાં તેને એક પણ વિકેટ મળી નહોતી. ઓસ્ટ્રેલિયાનો પેસ બોલર જોશ હેઝલવૂડ બીજા અને ભારતીય ઓફ સ્પિનર ચોથા ક્રમે છે. ઓસ્ટ્રેલિયન સુકાની પેટ કમિન્સ પાંચમા ક્રમાંકે છે. ભારતના અનુભવી ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલીની પણ પીછેહઠ થઈ છે. કોહલી સાત ક્રમાંકની પીછેહઠ સાથે 14મા ક્રમે પહોંચી ગયો છે. તે બીજી ટેસ્ટમાં ફ્લોપ રહ્યો હતો. પૂણેમાં તેણે 18 રન બનાવ્યા હતા. રોહિતને નવ ક્રમાંકનું નુકસાન થયું છે અને તે 24મા ક્રમે સરકી ગયો છે. વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત પણ ખરાબ પ્રદર્શન બાદ પાંચ ક્રમાંકની પીછેહઠ સાથે 11મા ક્રમે પહોંચ્યો છે. ઓપનર યશસ્વી જયસ્વાલ એક ક્રમાંકના ફાયદા સાથે ત્રીજા ક્રમે પહોંચ્યો છે. ઈંગ્લેન્ડનો દિગ્ગજ બેટ્સમેન જોઈ રુટ પ્રથમ સ્થાને જળવાઈ રહ્યો છે.



## પાકિસ્તાનથી મળેલી હાર બાદ ઈંગ્લેન્ડે આગામી સિરીઝ માટે કરી ટીમની જાહેરાત

(એજન્સી) ઈંગ્લેન્ડ તા 02

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમ અને ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ રમાશે. પ્રથમ મેચ 28 નવેમ્બરથી રમાશે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે પોતાની ટીમની જાહેરાત કરી છે. ઘણા ખેલાડીઓને ટીમમાં તક મળી છે, જ્યારે ઘણા ખેલાડીઓ બહાર થઈ ગયા છે. જેમી સ્મિથને તક મળી નથી. ઈંગ્લેન્ડને ન્યૂઝીલેન્ડ પહેલા વેસ્ટ ઈન્ડિઝ સામે વ્હાઈટ બોલની સિરીઝ રમવાની છે.

આ પછી, 3 મેચની ટેસ્ટ સિરીઝ માટે ન્યુઝીલેન્ડના પ્રવાસે છે. ઈંગ્લેન્ડને તાજેતરમાં પાકિસ્તાન સામેની 3 મેચની ટેસ્ટ સિરીઝમાં 1-2થી હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ હવે ટીમ આગામી ટેસ્ટ મેચ માટે તૈયાર છે.બોર્ડે ન્યુઝીલેન્ડ સામેની સીરીઝમાં બેન સ્ટોક્સને કેપ્ટન બનાવ્યો છે.

સ્ટોક્સે તાજેતરમાં પાકિસ્તાન સામે કેપ્ટનશીપ કરી હતી. પરંતુ તેમને સિરીઝ ગુમાવવી પડી હતી. જેમી સ્મિથની ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ માટે પસંદગી કરવામાં આવી નથી. તે તાજેતરમાં પાકિસ્તાન સામે ઈંગ્લેન્ડની ટીમનો ભાગ હતો. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર જેકબ બેથેલને પહેલી વખત ટેસ્ટ સિરીઝ માટે ઈંગ્લેન્ડની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે સ્થાનિક ટૂર્નામેન્ટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યો હતો. જેકબ બેથેલે ઈંગ્લેન્ડ માટે 5 ODI મેચમાં 85 રન અને 4 વિકેટ પોતાના નામે કરી હતી. આ સિવાય તેને 2 T20 મેચમાં 46 રન બનાવ્યા છે. તેને ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેને 20 ફર્સ્ટ ક્લાસ મેચમાં 738 રન બનાવ્યા અને 7 વિકેટ લીધી. 424 રન બનાવવા સિવાય તેણે 21 લિસ્ટ A મેચમાં 19 વિકેટ લીધી છે. 20 T20 મેચોમાં આ ખેલાડીએ 782 રન બનાવ્યા છે અને 7 વિકેટ લીધી છે.

## અનેક ગુમ; દેશમાં 3 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર

# સ્પેનમાં 50 વર્ષમાં સૌથી ભયંકર પૂર:95 લોકોના મોત







(એજન્સી) સ્પેન તા 01

સ્પેનમાં આવેલા આ પૂરે 28 વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. અગાઉ 1996માં દેશમાં આ પ્રકારનું પૂર આવ્યું હતું. ત્યારે 87 લોકોના મોત થયા હતા. સ્પેનમાં ભારે વરસાદ અને અચાનક પૂરના કારણે અત્યાર સુધીમાં 95 લોકોના મોત થયા છે. CNN અનુસાર, વેલેન્સિયા શહેર સૌથી વધુ અસરગ્રસેત થયું છે. અહીં અત્યાર સુધીમાં 92 લોકોના મોત થયા છે. અધિકારીઓનું કહેવું છે કે હજુ પણ ઘણા લોકો ગુમ હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. બીબીસીના જણાવ્યા અનુસાર, છેલ્લા 50 વર્ષમાં સ્પેનમાં પૂરના કારણે આ સૌથી વધુ મૃત્યુઆંક છે. આ પહેલા વર્ષ 1973માં પૂરના કારણે 150 લોકોના મોત થયા હતા.

રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બુધવારે પૂર્વ સ્પેનમાં ઘણા સ્થળોએ થોડા કલાકોમાં 12 ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. વેલેન્સિયાના એક અધિકારીએ જણાવ્યું કે માત્ર અડધા કલાકમાં શહેરમાં તબાહી સર્જાઈ હતી. સ્થિતિ એટલી ખરાબ છે કે કોર્ટને હંગામી શબઘરમાં ફેરવી દેવામાં આવી છે. આ દુર્ઘટના બાદ સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે 3 દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે.



### સ્પેનના મંત્રીએ કહ્યું- કેટલા લોકો ગુમ છે, અમારી પાસે ડેટા નથી

વેલેન્સિયા ઉપરાંત, માલાગા અને કાસ્ટિલે-લા-માંચાના શહેરો પણ પૂરથી અસરગ્રસ્ત થયા છે. પૂરને કારણે રસ્તાઓને નુકસાન થયું છે અને સંદેશાવ્યવહાર અને પાવર લાઈનોને નુકસાન થવાને કારણે ઘણા વિસ્તારો હજુ પણ શહેરોથી કપાયેલા છે. સ્પેનિશ સરકારના મંત્રી એન્જલ વિક્ટર ટોરેસે જણાવ્યું હતું કે કેટલા લોકો ગુમ છે તે અંગેનો ડેટા હાલમાં અમારી પાસે નથી. પૂર સંબંધિત અનેક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. આમાં વાહનો એકબીજાની ઉપર ચઢી ગયા છે. 300 લોકોને લઈ જતી હાઈ-સ્પીડ ટ્રેન માલાગા નજીક પાટા પરથી ઉતરી ગઈ હતી, જોકે રેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈને ઈજા થઈ નથી. પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્ય માટે સેનાના 1000થી વધુ જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું કે ગુમ થયેલા લોકોને શોધવા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. યુરોપિયન યુનિયનના ચીફ ઉર્સુલા વોન ડેર લેયેને કહ્યું કે તેણે સ્પેનિશ બચાવ ટીમોને મદદ કરવા માટે કોપરનિકસ સેટેલાઈટ સિસ્ટમ સક્રિય કરી છે. આ સિવાય અન્ય યુરોપિયન પડોશીઓએ પણ મદદ મોકલવાની ઓફર કરી છે.

# બોર્ડર પર ભારત અને ચીનના સૈનિકો એકબીજાને મીઠાઈ ખવડાઈ હતી

## દિવાળી પહેલા સેનાને પાછી બોલાવવાની પ્રક્રિયા પૂર્ણ, ગ્રાઉન્ડ કમાન્ડરો સાથે ટૂંક સમયમાં વાતચીત

(એજન્સી) ચીન તા 31

ભારત-ચીન સરહદ પરના દેપસાંગ અને ડેમચોકમાંથી સૈનિકોને પાછા બોલાવવાની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. આજે દિવાળી પર ચીન અને ભારતના સૈનિકો એકબીજાને મીઠાઈ ખવડાવશે. પેટ્રોલિંગ અંગે ગ્રાઉન્ડ કમાન્ડરના અધિકારીઓ વચ્ચે ટૂંક સમયમાં વાતચીત થશે. ગ્રાઉન્ડ કમાન્ડરોમાં બ્રિગેડિયર અને તેનાથી નીચેના રેન્કના અધિકારીઓ હોય છે.

LAC પર પેટ્રોલિંગ અંગે ભારત અને ચીન વચ્ચેના કરાર પર વિદેશમંત્રી એસ. જયશંકરે 27 ઓક્ટોબરના રોજ કહ્યું હતું કે સૈનિકોને પાછા બોલાવવા એ પહેલું પગલું છે. બીજું પગલું તણાવ ઘટાડવાનું છે. આ તણાવ ત્યારે જ ઘટશે જ્યારે ભારતને ખાતરી થશે કે ચીન પણ એવું જ ઈચ્છે છે. તણાવ ઘટાડ્યા પછી બોર્ડરને કેવી રીતે મેનેજ કરવી એ અંગે ચર્ચા કરવામાં આવશે. પૂર્વી લદ્દાખમાં ચાર વર્ષથી સરહદ વિવાદ અંગે ભારત અને ચીન વચ્ચે તણાવ હતો. બે વર્ષ લાંબી વાટાઘાટો પછી હાલમાં કરાર થયો છે. બંને સૈના વિવાદાસ્પદ પોઇન્ટ્સ દેપસાંગ અને ડેમચોકથી પાછળ હટશે. 18 ઓક્ટોબર: દેપસાંગ અને ડેમચોકથી સૈન્ય પાછળ હટવા વિશેની માહિતી સામે આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે અહીંથી બંને સેના એપ્રિલ 2020થી પહેલાંની સ્થિતિમાં પાછી ફરશે. ઉપરાંત સેના એ જ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરશે, જ્યાં તે એપ્રિલ 2020 પહેલાં પેટ્રોલિંગ કરતી હતી. આ સિવાય કમાન્ડર સ્તરની બેઠકો ચાલુ રહેશે.આર્મી સૂત્રોના જણાવ્યા અનુસાર, 28 અને 29 ઓક્ટોબર સુધીમાં બંને દેશો દેપસાંગ અને ડેમચોકથી તેમની સેના સંપૂર્ણપણે પાછી બોલાવી લેશે. પેટ્રોલિંગ માટે મર્યાદિત સંખ્યામાં સૈનિકો નક્કી કરવામાં આવ્યા છે. આ સંખ્યા શું છે એ વિશેની માહિતી હજી સામે આવી નથી. 15 જૂન, 2020ના રોજ ચીને એક્સર્સાઈઝના બહાને પૂર્વી લદ્દાખના સરહદી વિસ્તારોમાં સૈનિકો તહેનાત કર્યા હતા. આ પછી ઘૂસણખોરીની ઘટનાઓ ઘણી જગ્યાએ થઈ હતી.

ભારત સરકારે પણ આ વિસ્તારમાં ચીનની બરાબર સંખ્યામાં સૈનિકો તહેનાત કર્યા હતા. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે LAC પર ગોળીઓ ચલાવવામાં આવી.



### 2020માં ભારત અને ચીન સૈનિકો વચ્ચે ગાલવાન અથડામણ

દેપસાંગ અને ડેમચોકમાં તણાવ જોવા મળ્યો હતો. લગભગ 4 વર્ષ પછી 21 ઓક્ટોબરે બંને દેશો વચ્ચે એક નવા પેટ્રોલિંગ કરાર પર હસ્તાક્ષર થયા. વિદેશમંત્રી જયશંકરે કહ્યું હતું કે એનો ઉદ્દેશ લદ્દાખમાં ગલવાન જેવી અથડામણને રોકવા અને પહેલાંની પરિસ્થિતિને પુનર્સ્થાપિત કરવાનો છે. 25 ઓક્ટોબર: ભારત અને ચીનના સૈન્યએ 25 ઓક્ટોબર શુક્રવારથી પૂર્વી લદ્દાખ સરહદથી પાછળ હટવાનું શરૂ કર્યું છે.

### હવે ભારત-ચીન સરહદ વિવાદની સંપૂર્ણ વિગતો વાંચો ...


ગલવાન ઘાટી-ગોગરા હોટ સ્પ્રિંગ્સ પેટ્રોલિંગ અંગે હજી સુધી કોઈ નિર્ણય નહીં સમજૂતીમાં લદ્દાખમાં દેપસાંગ હેઠળ આવતા પોઈન્ટ અંગે સહમતી થઈ છે, પરંતુ ડેમચોકમાં ગાલવાન ઘાટી અને ગોગ્રા હોટ સ્પ્રિંગ્સમાં પેટ્રોલિંગ અંગે કંઈ કહેવામાં આવ્યું નથી. દેપસાંગ: ભારતીય સેનાના જણાવ્યા મુજબ, સૈનિકો હવે પેટ્રોલિંગ માટે દેપસાંગમાં 10, 11, 11-એ, 12 અને 13 પેટ્રોલિંગ પોઈન્ટ સુધી જઈ શકશે. ડેમચોક: પેટ્રોલિંગ પોઈન્ટ -14 એટલે કે ગલવાન ઘાટી, ગોગ્રા હોટ સ્પ્રિંગ્સ એટલે કે PP -15 અને PP -17 બફર ઝોન છે.

### ભારત-ચીન પેટ્રોલિંગ કરાર 3 પોઇન્ટમાં

1. પીએમ નરેન્દ્ર મોદીની બ્રિક્સ મુલાકાત પહેલાં કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. બ્રિક્સમાં મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે બેઠક મળી હતી. મોદીએ અહીં કહ્યું હતું કે તમામ સંજોગોમાં શાંતિ જાળવવી જરૂરી છે. 2. ચીન અને ભારત પૂર્વી લદ્દાખમાં LAC પર એપ્રિલ 2020ની સ્થિતિને પુનર્સ્થાપિત કરવા સંમત થયા. આનો અર્થ એ છે કે હવે ચીની સૈન્ય એ વિસ્તારોમાંથી પાછળ હટશે, જ્યાં તેણે અતિક્રમણ કર્યું હતું. 3. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિક્રમ મિસ્ત્રીએ કહ્યું હતું કે ભારત અને ચીનના સરહદ વિસ્તારોમાં પેટ્રોલિંગ સાથે 2020 પછી ઉદ્ભવતા મુદ્દાઓને હલ કરવા માટે એક પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે.

**દેપસાંગ અને ડેમચોકમાં પેટ્રોલિંગ માટે જવાનોની સંખ્યા કેટલી હશે? :** ભારત અને ચીનના સૈનિકો હટી ગયા બાદ બીજી ચર્ચા પેટ્રોલિંગ પર થશે. ટૂંક સમયમાં ગ્રાઉન્ડ કમાન્ડરના અધિકારીઓ વચ્ચે વાતચીત થશે. ગ્રાઉન્ડ કમાન્ડરોમાં બ્રિગેડિયર અને તેનાથી નીચેના રેન્કના અધિકારીઓનો સમાવેશ થાય છે. આ બેઠકમાં પેટ્રોલિંગ માટે જવાનોની સંખ્યા અંગે ચર્ચા કરવામાં આવશે.આ દરમિયાન 15 જૂને ગાલવાન ઘાટીમાં ચીની સૈન્ય સાથે અથડામણમાં 20 ભારતીય સૈનિક શહીદ થયા હતા. પાછળથી ભારતે પણ આનો યોગ્ય જવાબ આપ્યો. આમાં લગભગ 60 ચાઈનીઝ સૈનિકો માર્યા ગયા હતા.

## અમેરિકી ચૂંટણી પહેલાં 2 જગ્યાએ બેલેટ બોક્સ ફૂંકી માર્યા:75% લોકોને હિંસાનો ડર




(એજન્સી) વોશિંગ્ટન તા 01

અમેરિકામાં ચૂંટણીના માત્ર 7 દિવસ પહેલાં જ બે જગ્યાએ બેલેટ બોક્સમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી છે. પહેલો કિસ્સો વાનકુવર, વોશિંગ્ટનનો છે, જ્યાં બેલેટ બોક્સમાં આગ લાગી હતી. એમાં એકત્ર કરાયેલાં સેંકડો બેલેટ પેપર બળીને રાખ થઈ ગયાં હતાં.

બેલેટ બોક્સ સળગાવવાની બીજી ઘટના ઓરેગોનના પોર્ટલેન્ડમાં બની હતી. આગ કેવી રીતે લાગી એ હજુ સુધી જાણી શકાયું નથી. ચૂંટણી અધિકારીઓ સીસીટીવી ફૂટેજ દ્વારા આગ લગાવનારા લોકોને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે.

CNN અનુસાર, પોર્ટલેન્ડમાં સોમવારે સવારે 3.30 વાગ્યે એક મતપેટીમાં આગ લાગી હતી. જોકે મોટા ભાગના બેલેટ પેપર સળગતાં બચી ગયાં હતાં. માત્ર ત્રણ બેલેટ પેપર બળી ગયાં હતાં. ચૂંટણી અધિકારી ટિમ સ્કોટે જણાવ્યું હતું કે જે મતદારોનાં બેલેટ પેપર બળી ગયાં હતાં તેમનો સંપર્ક કરવામાં આવશે અને નવા મતપત્રો આપવામાં આવશે. એ જ સમયે વાનકુવરમાં બળી ગયેલી મતપેટીમાં સેંકડો બેલેટ પેપર બળી ગયાં છે. વાનકુવરમાં ચૂંટણી નિર્દેશાલયના પ્રવક્તા લૌરા શેપર્ડે શનિવારે સવારે 11 વાગ્યા પછી આ બોક્સમાં મતદાન કરનાર દરેકને તેમના મતપત્રની ચકાસણી કરવા વિનંતી કરી છે. ઘટનાથી પ્રભાવિત મતપેટીઓ સીલ કરીને કેસની તપાસ કરવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓની ચેતવણી છતાં બેદરકારી FBI અને હોમલેન્ડ સિક્યોરિટીની ચેતવણી બાદ આ ઘટનાઓ બની છે. એજન્સીઓએ ચેતવણી આપી હતી કે ચૂંટણી દરમિયાન ઉગ્રવાદીઓ હિંસા ભડકાવી શકે છે. તાજેતરમાં આવી જ અન્ય ઘટનાઓ પણ પ્રકાશમાં આવી છે. ફોનિક્સ, એરિઝોનામાં પોસ્ટ ઓફિસની બહાર એક મેલ બોક્સમાં આગ લાગી હતી. અહીં એક વ્યક્તિ પર આગ લગાવવાનો આરોપ છે, જોકે પોલીસનું કહેવું છે કે આ ચૂંટણી સંબંધિત મામલો નથી. જ્યાં આગ લાગી એ મતપેટીઓ 15 માઈલના અંતરે આવેલી છે. વાનકુવર બોક્સ એક ઉચ્ચ-પ્રોફાઈલ વિસ્તારમાં છે, જ્યાં વર્તમાન પ્રતિનિધિ મેરી ગ્લુસેન કેમ્પ પેરેઝ રિપબ્લિકન જો કેન્ટ સામે મુકાબલો કરી રહી છે.

ટ્રમ્પ પર બેવાર હુમલો કરવાનો પ્રયાસ આ ચૂંટણીમાં પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પની હત્યાના બે પ્રયાસ થયા. આ ચૂંટણીમાં પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પની હત્યાના બે પ્રયાસ થયા. વિશ્વની સૌથી અમેરિકામાં ચૂંટણી હિંસા સામાન્ય બની ગઈ છે. આ ચૂંટણીમાં બે વખત પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસો થયા છે. ઈકોનોમિક ટાઈમ્સના તાજેતરના સર્વે અનુસાર, 75% અમેરિકન મતદારો સંભવિત ચૂંટણી હિંસાથી ડરે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કેનેડામાં 'ગુજરાતી' એ ત્રીજી સૌથી વધુ બોલાતી ભારતીય ભાષા પહેલા અને બીજા નંબર પર કોણ?



2016 અને 2021 ની વચ્ચે, પંજાબી બોલનારા 75,475 સાથે ભારતીય ઈમિગ્રન્ટ્સમાં સૌથી સામાન્ય ભાષા રહી, ત્યારબાદ હિન્દી 35,170 બોલનારા સાથે છે. 22,935 નવા પ્રવેશકો સાથે ગુજરાતી ત્રીજા ક્રમે છે, જ્યારે મલયાલમ (15,440) અને બંગાળી (13,835) ત્યાર બાદ છે. 1980 થી આશરે 87,900 ગુજરાતી બોલતા લોકોએ કેનેડાને પોતાનું ઘર બનાવ્યું છે, અને 2011 થી સ્થળાંતર દર નોંધપાત્ર રીતે વધ્યો છે, કારણ કે કેનેડા યુએસ અને અન્ય અંગ્રેજી બોલતા દેશોની સરખામણીમાં આકર્ષક વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. તાજેતરના ડેટા અનુસાર, ગુજરાતી ઈમિગ્રન્ટ્સે મુખ્ય ભાષાકીય જૂથોમાં બીજા ક્રમનો સૌથી વધુ વૃદ્ધિ દર નોંધ્યો છે, જે 2011 અને 2021 વચ્ચે 26% વધ્યો છે. હિન્દી ભાષીઓએ સૌથી વધુ 114% નો વધારો અનુભવ્યો છે, જ્યારે પંજાબી બોલનારા 22% નો વધારો થયો છે.સ્થળાંતર વલણોમાં ફેરફાર કેનેડાની સરળ કાયમી રહેઠાણ પ્રક્રિયા અને વધુ સસ્તું શિક્ષણને આભારી છે, જેણે દેશને વિદ્યાર્થીઓ માટે આકર્ષક બનાવ્યો છે. જો કે, તાજેતરના નીતિગત ફેરફારો, જેમ કે પાકા રહેઠાણની જરૂરિયાતો, વધતા આવાસ ખર્ચ અને મર્યાદિત નોકરીની તકોએ ઈમિગ્રેશન રસને અસર કરી છે. ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ્સ અનુસાર, ગુજરાતમાંથી વિઝા અરજીઓમાં લગભગ 80% ઘટાડો થયો છે કારણ કે કેનેડાના પડકારો નવા અરજદારોને નિરાશ કરે છે.

### હુમલા પહેલા જ ઇઝરાયેલે ઈરાનને આપી દીધી હતી ચેતવણી, કહ્યુ હતુ- દુનિયા સમજી જશે અમારી તૈયારી

ઈઝરાયેલના રક્ષા મંત્રીએ એક દિવસ પહેલા જ માહિતી આપી હતી કે ઈરાન પર મોટો હુમલો થવા જઈ રહ્યો છે અને સ્પષ્ટ કર્યું હતું કે હુમલો એવો હશે કે દુનિયા અમારી તૈયારી સમજી જશે. હવે આ હુમલા બાદ ઈઝરાયેલની ચેતવણી વિશે સૌ સમજી જ ગયા છે. ઈઝરાયેલે ઈરાન પર ખૂબ જ મોટો હુમલો કર્યો છે. ઈઝરાયેલે ઈરાનના 10 સ્થળાને નિશાન બનાવીને હવાઈ હુમલા કર્યા છે. ઈઝરાયેલે 26 દિવસ બાદ તેનો બદલો લીધો છે, અગાઉ 1 ઓક્ટોબરે ઈરાને ઈઝરાયેલ પર સેંકડો બેલેસ્ટિક મિસાઈલો છોડી હતી. જેના જવાબમાં હવે ઈઝરાયેલે ઈરાનના 10 ટાર્ગેટ પર હુમલો કર્યો છે. ઈઝરાયેલના રક્ષા મંત્રીએ એક દિવસ પહેલા જ માહિતી આપી હતી કે ઈરાન પર મોટો હુમલો થવા જઈ રહ્યો છે અને સ્પષ્ટ કર્યું હતું કે હુમલો એવો હશે કે દુનિયા અમારી તૈયારી સમજી જશે. હવે આ હુમલા બાદ ઈઝરાયેલની ચેતવણી વિશે સૌ સમજી જ ગયા છે. ઈરાને પણ વળતો પ્રહાર કરવાની તૈયારીઓ તેજ કરી દીધી છે. ઈરાનના સુપ્રીમ લીડર ખમેનીએ તેમની સેનાને ઈઝરાયેલ પર હુમલો કરવા માટે ઓછામાં ઓછી 12 યોજનાઓ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. IRGCને આશંકા છે કે ઈઝરાયેલ ઈરાનના પરમાણુ સ્થળો, તેલ ક્ષેત્રો, ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેની અને ઈરાનના પ્રમુખ મસૂદ પાઝેશ્કિયનને નિશાન બનાવી શકે છે. જો આમ થશે તો ઈરાને ઈઝરાયેલના તમામ પરમાણુ કેન્દ્રો અને એરબેઝને બાળી નાખવાની રણનીતિ બનાવી છે.હવે મિશન ફક્ત જમીન પરના બાકીના લડવૈયાઓને અને હિઝબુલ્લાહના લશ્કરી માળખાને ખતમ કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યું છે. માનવામાં આવી રહ્યું છે. આ પછી ઈઝરાયેલ પોતાના નવા ટાર્ગેટ એટલે કે ઈરાન તરફ વળી શકે છે.

### અમેરિકામાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કચરાની ગાડી ચલાવતા દેખાયા

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે કચરાની ટ્રક ચલાવતા નજરે પડયા હતા. તેઓ રેલી માટે કચરાની ટ્રક ડ્રાઈવ કરીને વિસ્કોન્સિન પહોંચ્યા હતા. તેઓએ ચમકદાર કંસ્ટ્રક્શન જેકેટ પહેર્યું હતું અને ટ્રક પર સવાર થઈને પત્રકારોને સવાલોના જવાબ આપ્યા હતા. તેઓએ જણાવ્યું કે, ''તમને મારી કચરાની ટ્રક કેવી લાગી?,'' આ ટ્રક કમલા અને જો બાઈડેનના સન્માનમાં છે. ટ્રમ્પે આગળ કહ્યું કે, ''જો બાઈડેનનું નિવેદન ખરેખર અપમાનજનક છે.'' ડોનાલ્ડ ટ્રમ્પનું આ પગલું રાષ્ટ્રપતિ જો બાઈડેને ટ્રમ્પ સમર્થકોને 'કચરો' કહ્યા પછી આવ્યું છે. બાઈડેને આ ટિપ્પણી ત્યારે કરી હતી જ્યારે ટ્રમ્પ તરફી કોમેડિયન ટોની હિંચક્લિફે ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં એક રેલી દરમિયાન વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું, જેમાં પ્યૂર્ટો રિકોને 'કચરાના ટાપુ' તરીકે વર્ણવવામાં આવ્યું હતું. ટોની હિંચક્લિફના આ અભદ્ર અને જાતિવાદી નિવેદનની ડેમોક્રેટ્સ અને અગ્રણી લેટિનો સમુદાય દ્વારા ખૂબ ટીકા કરવામાં આવી હતી. પ્યુઅર્ટો રિકોના રહેવાસીઓ એક મહત્વપૂર્ણ મતદાર જૂથ છે, ખાસ કરીને પેન્સિલવેનિયા જેવા સ્વિંગ રાજ્યોમાં.જો બાઈડેને મંગળવારે પ્યૂર્ટો રિકન સમુદાયની સાથે એકતા દર્શાવી અને તેઓની ગરિમા અને યોગદાનોની પ્રશંસા કરી હતી. તેઓએ કહ્યું કે, "હું આ પ્યૂર્ટો રિકનને નથી ઓળખતો, જેને હું ઓળખું છે અથવા પ્યૂર્ટો રિકો જ્યાં હું છું.

## તે વધુ દિવસ નહીં જીવે પૂર્વ લીડરોના રસ્તે ચાલશે તો ઉડાવી દઈશું

# યુદ્ધમાં ઘેરાયેલું છે ઈઝરાયેલ, છતાં રોકાણકારોને બખ્ખાં

(એજન્સી) ઈઝરાયેલ તા 01

ઈઝરાયેલ હાલ ત્રણ દેશો સાથે એકસાથે સીધું યુદ્ધ લડી રહ્યું છે, ત્યારે તેનું શેર માર્કેટ પણ અડીખમ ઉભું છે. ઈઝરાયેલ પર 7 ઓક્ટોબર, 2023ના રોજ આતંકી સંગઠન હમાસે હુમલો કર્યો હતો, ત્યારથી લઈને અત્યાર સુધી ઈઝરાયેલનું શેર માર્કેટ 111 ટકા વધ્યું છે. ઈઝરાયેલના સ્ટોક માર્કેટનું નામ BURSA છે, જે તેલ અવીવમાં આવેલું છે. તેના સ્ટોક એક્સચેન્જનું નામ TASE (Tel Aviv Stock Exchange) છે, જેની શરૂઆત 1953માં થઈ હતી. જેમાં 473 કંપનીઓનું ટ્રેડિંગ થાય છે.7 ઓક્ટોબર, 2023ના રોજ ઈઝરાયેલ પર આતંકી સંગઠન હમાસે હુમલો કર્યો હતો. હુમલા બાદ જ્યારે 8 ઓક્ટોબરે માર્કેટ ખુલ્યું ત્યારે માર્કેટમાં ઘટાડો



નોંધાયો હતો અને 2080 પોઈન્ટ પર ખુલ્યું હતું અને 8.5 ટકાના ઘટાડા સાથે 1990 પર બંધ થયું હતું. જ્યારે 5 ઓક્ટોબરે 2164 પર માર્કેટ બંધ થયું હતું. 6 અને 7 ઓક્ટોબરે માર્કેટ બંધ હતું.8 ઓક્ટોબરના ઘટડા બાદ 9 અને 10 ઓક્ટોબરે માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. જો કે, 20 નવેમ્બર, 2023 સુધી માર્કેટે 2000નો આંક પાર કર્યો નહોતો.નોંધ: અહીં આપેલી માહિતી માત્ર જાણકારીના હેતુથી આપવામાં આવી છે, બજારમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. આથી રોકાણકાર કરતા પહેલા હંમેશા નિષ્ણાતની સલાહ લો.Tv9 ગુજરાતી નવેમ્બર, 2023થી માર્કેટમાં સતત તેજી જોવા મળી હતી અને આજે એટલે કે 30 ઓક્ટોબર, 2024ના રોજ માર્કેટ 3780 પર બંધ થયું હતું,

# અંધકાર સામે અજવાળાનો તહેવાર!!

# દિવાળી

## દિવાળીએ ભારતનો મુખ્ય તહેવાર છે જે ભારતમાં વ્યાપકપણે ઉજવવામાં આવે છે. જે તેના આનંદ અને વૈભવ માટે જાણીતો છે

દિવાળી એ ભારતમાં ઉજવાતા સૌથી મોટા તહેવારોમાંનો એક છે. વિદેશમાં રહેતા ભારતીયો પણ સમગ્ર વિશ્વમાં તેને ઉત્સાહથી ઉજવે છે. આ તહેવાર પર લોકો તેમના મિત્રો અને સંબંધીઓ સાથે ઉજવણીમાં સામેલ થવા માટે આવે છે. દિવાળીને રોશનીનો તહેવાર કહેવામાં આવે છે. આ દિવસે આપણે આપણા ઘરની ચારે બાજુ દીવાઓ પ્રગટાવીએ છીએ. માતા-પિતા તાજા ફૂલની માળાથી ઘર સજાવે છે. તહેવારના દિવસે આપણે ઘરની આસપાસ દીવા અને મીણબત્તીઓ પ્રગટાવીએ છીએ. મને દર વર્ષે રંગબેરંગી રંગોળી ડિઝાઈન કરવી ગમે છે. મારા માતા-પિતા ઘરને સજાવવા માટે સુંદર અવનવા ફૂલોના હાર પણ લાવે છે. આપણે બધા દિવાળીના દિવસે નવા વસ્ત્રો પહેરીએ છીએ અને ઘરે તૈયાર કરવામાં આવતી વિસ્તૃત તહેવારમાં સામેલ થઈએ છીએ. અમે સ્વાદિષ્ટ મીઠાઈઓ અને અન્ય સ્વાદિષ્ટ ખાવાનો આનંદ માણીએ છીએ.

## ભેટ અને સોગાદની ઉજાણી!!

ભેટની આપ-લે એ દિવાળીના તહેવારની મુખ્ય વિધિઓમાંની એક છે. લોકો તેમના સાથીદારો, પડોશીઓ, સંબંધીઓ અને મિત્રોની મુલાકાત લે છે અને તેમના બંધનને મજબૂત કરવા માટે તેમને ભેટો આપે છે. હિન્દુ સંસ્કૃતિ આપણને એકબીજા સાથે રહેવાનું શીખવે છે. જ્યારે પહેલાના સમયમાં મીઠાઈઓ અને વાનગીની આપલે સામાન્ય હતી, ત્યારે આ દિવસોમાં લોકો અનોખી અને નવીન ભેટની વસ્તુઓ શોધે છે. આજકાલ બજારમાં અસંખ્ય પ્રકારની દિવાળી ભેટ ઉપલબ્ધ છે. લોકો તેમના કર્મચારીઓ અને ઘરની મદદ માટે ભેટો પણ ખરીદે છે.



## દિવાળી અને ચંદ્રના દિવસો

દિવાળીની ઉજવણીનો સૌથી મહત્વનો ભાગ નવા ચંદ્રના દિવસે થાય છે જ્યારે રાત્રિનું આકાશ તેના સૌથી અંધારામાં હોય છે. તહેવારોની નોંધપાત્ર ટકાવારી પ્રકાશના ઉપયોગની આસપાસ ફરે છે તે ધ્યાનમાં લેતા. મીણબત્તીઓ, માટીના દીવા, તેમજ તેલના ફાનસ માત્ર ઘરો અને શેરીઓમાં જ નહીં પરંતુ પૂજાના સ્થળોએ પણ પ્રગટાવવામાં આવે છે અને જ્યારે વહાણ નદીઓ અને તળાવોમાંથી પસાર થાય છે. કેટલાક લોકો માને છે કે દિવાળીની સાંજે ફટાકડા ફોડવાથી ખરાબ આત્માઓ દૂર થઈ જશે તેથી આ પ્રથા વારંવાર કરવામાં આવે છે. . ચંદ્રના તબક્કાઓ અનુસાર, પ્રકાશનો તહેવાર, દિવાળી તરીકે ઓળખાય છે, તે વર્ષમાં એકવાર ઓક્ટોબર અથવા નવેમ્બરમાં યોજાય છે. જે હિંદુ કૅલેન્ડરમાં સૌથી પવિત્ર મહિનો છે.


## દિવાળી અને ભગવાન શ્રી રામ ની કથા

દિવાળીને દીપાવલી તરીકે પણ ઓળખવામાં આવે છે, જેનો અર્થ થાય છે દીવાઓની પંક્તિ. આ તહેવાર સમગ્ર ભારતમાં ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. ભગવાન રામના તેમના રાજ્ય, અયોધ્યામાં પાછા ફર્યાની યાદમાં દર વર્ષે ઉજવવામાં આવે છે. આ તહેવારની ઉજવણી માટે ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. રાવણને હરાવીને ભગવાન રામ 14 વર્ષના વનવાસ પછી અયોધ્યા પાછા ફર્યા તે દિવસને ચિહ્નિત કરવા દિવાળી ઉજવવામાં આવે છે. અયોધ્યાના લોકો ખૂબ જ ખુશ હતા અને તેમના ઘરે પાછા આવકારવા માટે આખા શહેરમાં દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. ત્યારથી દિવાળી એ જ ભાવના સાથે ઉજવવામાં આવે છે. તે દુષ્ટતા પર સારા અને અંધકાર પર પ્રકાશની જીત દર્શાવે છે. અમાવાસ્યાની રાત્રે દિવાળી મનાવવામાં આવે છે. તે દશેરાના તહેવારના 20 દિવસ પછી ઉજવવામાં આવે છે, જે દિવસે ભગવાન રામે રાવણને હરાવ્યો હતો. તે અસત્ય પર સત્યની જીત, નિરાશા પર પ્રવર્તતી આશા અને અંધકાર પર પ્રકાશની જીતનું પ્રતીક છે. હિન્દુઓ તેમના નિવાસોને શણગારે છે.

**પ્રથમ દિવસ – ધનતેરસ |** દિવાળીનો તહેવાર પ્રથમ દિવસે શરૂ થાય છે, જેને 'ધનતેરસ' અથવા ધનની પૂજા તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે, દેવી લક્ષ્મીની પૂજા થાય છે, અને દિવસ સાથે સંકળાયેલી પરંપરાઓમાંની એક કિંમતી વસ્તુની ખરીદી કરે છે.

**બીજો દિવસ – કાળી ચૌદશ |** બીજા દિવસને કાળીચૌદસ એટલે નરક ચતુર્દશી અથવા રૂપચૌદશ કહે છે. આ દિવસે નરકાસુરનો વધ કરીને ભગવાન શ્રીકૃષ્ણએ 16100 કન્યાઓને કેદમાંથી મુક્ત કરીને તેમને સન્માન આપ્યુ હતુ. આ જ ઉપલક્ષ્યમાં આ દિવસે અસંખ્ય દિવાઓ પ્રગટાવવામાં આવે છે

**ત્રીજો દિવસ – દિવાળી |** દિવાળીનો સૌથી મહત્વપૂર્ણ ભાગ ત્રીજો દિવસે થાય છે બીજો દિવસ એટલે જ દિવાળી નો દિવસ. આ દિવસે લક્ષ્મી પૂજન કરવામાં આવે છે. એવું વ્યાપકપણે માનવામાં આવે છે કે દેવી લક્ષ્મી સંપત્તિ અને સમૃદ્ધિના આશીર્વાદ આપવા માટે તેમના ઘરોમાં વ્યક્તિઓની મુલાકાત લે છે. ત્યાં તેલના દીવા, મીણબત્તીઓ તેમજ ઈલેક્ટ્રીક લાઈટો છે જે આખા ઘરમાં વિવિધ રીતે ફેલાયેલી છે. પરિવારો ભેટોની આપલે કરીને અને ફટાકડા ફોડીને ઉજવણી કરવા સાથે જોડાય છે. દિવાળીના તહેવારના દિવસે સાંજે ઘરે પૂજા કરીએ છીએ. અમે દેવી લક્ષ્મીની પ્રાર્થના કરીએ છીએ અને અમારા વડીલો પાસેથી આશીર્વાદ માંગીએ છીએ. લક્ષ્મી પૂજા દરમિયાન, હું દેવીને પ્રાર્થના કરું છું કે દરેક ઘરમાં ધન અને સમૃદ્ધિ આવે. દર વર્ષે દિવાળીના દિવસે મારા માતા-પિતા ગરીબોમાં દિવા, તેલ અને કપડાં વહેંચે છે. અમે તેમને મીઠાઈ અને અન્ય ભેટ પણ આપીએ છીએ. મારી માતા કહે છે કે જેમ દીવો એક જગ્યાને પ્રકાશિત કરે છે, તેમ આપણે પણ કોઈના જીવનમાં પ્રકાશ પાડવો જોઈએ. મને વધુને વધુ લોકોમાં આનંદ અને પ્રકાશ ફેલાવવાનું ગમે છે. દિવાળી સારા કાર્યોને પ્રોત્સાહિત કરે છે, લોકોને તેમના સારા નસીબને જરૂરિયાતમંદ લોકો સાથે વહેંચવાની યાદ અપાવે છે. એકંદરે, દિવાળી એ આનંદનો સમય છે, જેને પ્રિયજનો સાથે ઉજવવામાં આવે છે, અને આનંદ, મિજબાની અને આશાભરી શરૂઆત સાથે ઉજવવામાં આવે છે.



## દિવાળી વિષે......

- આ તહેવાર વિશ્વભરમાં વસતા હિન્દુઓ દ્વારા ઉજવવામાં આવે છે અને દિવાળીને રોશનીનો તહેવાર કહેવામાં આવે છે.
- આ તહેવારે પહેલા અમે ઘરને સાફ કરીએ છીએ, અમે દીવાઓ પ્રગટાવીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ.
- અમે અમારા ઘરને રંગબેરંગી રંગોળીઓ, આસોપાલવના તોરણો અને ઘણી બધી લાઈટો સજાવીએ છીએ.
- અમે આ દિવસે સ્વાદિષ્ટ મીઠાઈઓ અને અન્ય વાનગીઓ બનાવીએ છીએ.
- મારા માતા-પિતા હંમેશા મને તહેવાર માટે પહેરવા નવા કપડાં લાવી આપે છે.
- આ તહેવારોના દિવસોમાં દરેક ખુશ રહે તેના માટે અમે દિવાળી પર ગરીબોમાં મીઠાઈઓ અને અન્ય ભેટોનું વિતરણ કરીએ છીએ.
- પ્રકાશનો તહેવાર પણ કહેવાય છે, દિવાળી અંધકાર પર પ્રકાશની જીત દર્શાવે છે તેથી તેલના દીવા પ્રગટાવવા એ પરંપરાગત પ્રથા છે જે સંપત્તિની દેવી લક્ષ્મીનું સન્માન કરે છે.
- પરિવારો તેમના ઘરોની સફાઈ કરીને અને તેમને રોશની અને રંગબેરંગી રંગોળીઓથી સજાવીને દિવાળીની તૈયારી કરે છે.
- દિવાળી પર સમૃદ્ધિ અને સફળતા માટે આશીર્વાદ મેળવવા માટે લોકો પ્રાર્થના કરે છે, જેને 'લક્ષ્મી પૂજા' તરીકે ઓળખવામાં આવે છે.

## બેસતુ વર્ષ

કારતક સુદ એકમના દિવસે વિક્રમ સંવતનું નવું વર્ષ શરૂ થાય છે. ચોથો દિવસે બેસતુ વર્ષ, અને નવા વર્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. લોકો વહેલા ઉઠે છે અને સ્નાન કરે છે. તેઓ નવા કપડાં પહેરે છે, દેવી-દેવતાની પૂજા કરે છે અને દીવાઓ પ્રગટાવીને તેમજ ફટાકડા ફોડીને ઉજવણી કરે છે. ઘણી વાર દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે ઍક પડતર દિવસ હોય છે જેને પડવો અથવા તો જેને ગોવર્ધન પૂજા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ચોથા દિવસે થાય છે. આ દિવસ તે ક્ષણને યાદ કરે છે જ્યારે ભગવાન કૃષ્ણએ વિશાળ ગોવર્ધન પર્વતને દૂર કરીને ઈન્દ્ર પર વિજય મેળવ્યો હતો. ગોવર્ધન દેવની પૂજામાં પર્વત નિર્માણનો સમાવેશ થાય છે, જે ઘણીવાર ગાયના છાણથી પણ બનેલો હોય છે.

**ભાઈ બીજ |** ભાઈ બીજનો તહેવાર પાંચમા અને અંતિમ દિવસે આવે છે. આ દિવસે, બહેનો તેમના ભાઈઓ માટે 'તિલક' વિધિ કરશે, ત્યારબાદ તેઓ તેમની સાથે સમૃદ્ધ ભોજન કરશે. ભાઈઓ તેમની બહેનોને ભેટો આપે છે કારણ કે બહેનો તેમના ભાઈઓના સ્વાસ્થ્ય અને જીવનભર સુખ માટે પ્રાર્થના કરે છે.

# ડ્રાય અને રફ વાળ ઘરે જ બનશે સિલ્કી



### બનાના હેર માસ્ક

વાળને શુષ્કતાથી દૂર રાખવા અને તેમાં ભેજ જાળવી રાખવા માટે કેળાનો હેર માસ્ક લગાવી શકાય છે. બનાના હેર માસ્ક ફ્રિઝિનેસ પણ દૂર કરે છે. એક કેળાને મેશ કરો અને તેમાં એક ચમચી મધ અને એક ચમચી બદામનું તેલ મિક્સ કરો. આ હેર માસ્કને અડધા કલાક સુધી વાળમાં રાખો અને પછી તેને ધોઈ લો.

**એલોવેરા જેલ |** તાજા એલોવેરા પલ્પ અથવા બજારમાંથી લાવેલી એલોવેરા જેલ વાળ પર લગાવી શકાય છે. એક બાઉલમાં લગભગ 3 થી 4 ચમચી એલોવેરા લો અને તેને ચમચા વડે બીટ કરો. તેને મૂળથી લઈને વાળના છેડા સુધી લગાવો અને પછી એક કે બે કલાક પછી ધોઈ લો. આ જેલ વાળ પર રાતભર પણ લગાવી શકાય છે.



### નાળિયેર તેલ સાથે ચંપી

ફેટી એસિડથી ભરપૂર નારિયેળ તેલ વાળને ભેજ આપવામાં અસરકારક છે. આ તેલને થોડું ગરમ કરીને વાળમાં લગાવો અને મસાજ કરો. થોડા કલાકો પછી માથું ધોઈ શકાય છે. વાળની શુષ્કતા દૂર થશે.



### દહીં અને નાળિયેર તેલ

દહીં અને નાળિયેરનું તેલ અલગ-અલગ રીતે વાળમાં લગાવવામાં આવે છે, પરંતુ તેને એકસાથે લગાવવાથી વાળમાં ભેજ પણ મળે છે. 2 ચમચી દહીંમાં 2 થી 3 ચમચી નારિયેળ તેલ ઉમેરીને વાળમાં સારી રીતે લગાવો અને પછી ધોઈ લો.

### દૂધ અને મધ

તમે આ મિશ્રણને તમારા વાળમાં લગાવવાનું કદાચ ક્યારેય સાંભળ્યું નથી, પરંતુ તેની અસર એટલી અદ્ભુત લાગે છે કે તમે લિક્વિડને તમારા વાળ પર વારંવાર લગાવવા ઈચ્છશો. દૂધ અને મધ સમાન માત્રામાં મિક્સ કરીને માથામાં મૂળથી છેડા સુધી લગાવો અને અડધા કલાક પછી માથું ધોઈ લો. વાળમાં ભેજ રહેશે અને વાળ મુલાયમ થઈ જશે અને આંગળીઓમાંથી સરકવા લાગશે.



# KIDNEY DAMAGE

## કિડનીને ગંભીર નુકસાન પહોંચાડે છે આ પાંચ વસ્તુ, ભોજનમાં સામેલ કરવાનું ટાળો



શરીરને હેલ્ધી રાખવા માટે બોડીના બાકીના અંગોનું સ્વસ્થ રહેવું જરૂરી છે. હાર્ટ, લિવર, ફેફસાની જેમ કિડનીને પણ સ્વસ્થ રાખવી જરૂરી છે. તે શરીરનું ફિલ્ટર હોય છે, જે બોડીના ટોક્સિન્સને બહાર કાઢે છે. તે શરીરમાં લોહીને ફિલ્ટર કરે છે અને ઈલેક્ટ્રોલાઈટ્સને બેલેન્સ કરવામાં મદદ કરે છે. કિડનીને સ્વસ્થ રાખવા માટે હેલ્ધી ભોજન ખુબ જરૂરી છે. જો તમે ભોજનમાં ખોટી વસ્તુને સામેલ કરો છો તો કિડની સાથે જોડાયેલી બીમારીના શિકાર બની શકો છો. અહીં તમને પાંચ એવી વસ્તુ વિશે જણાવી રહ્યાં છીએ જેનાથી તમારે દૂર રહેવું જોઈએ.

**1. કેળા |** કેળામાં પોટેશિયમની માત્રા વધુ હોય છે. પરંતુ તેમાં સોડિયમની માત્રા ઓછી હોય છે. પરંતુ કિડનીની સમસ્યાથી બચવા માટે કેળાને દરરોજ ભોજનમાં સામેલ કરવાથી બચવું જોઈએ.

**2. ફ્રાઇડ પોટેટો |** જો તમને ચિપ્સ જેવા પેકેટ ખાવ છો કો ફ્રેન્ચ ફ્રાઈસ ખાવાનું પસંદ કરો છો તો તે તમારી કિડની માટે સારૂ નથી. કિડની સાથે જોડાયેલી સમસ્યાથી બચવા માટે તળેલી વસ્તુ ખાવાથી બચો. જો તમને કિડનીની કોઈ બામારી છે તો બટાટા ખાવાથી બચો કારણ કે તેમાં પોટેશિયમની માત્રા વધુ હોય છે, જે કિડની માટે સારૂ નથી.

**3. કેફીનવાળી વસ્તુ |** કોફી, ચા, સોડા જેવી વસ્તુમાં કેફીન હોય છે, જે કિડની પર દબાવ નાખે છે. કેફીન બ્લડ ફ્લો, બ્લડ પ્રેશર અને કિડની પર તણાવ વધારે છે. વધુ કેફીન લેવાથી કિડનીમાં પથરીની સમસ્યા થઈ શકે છે.

**4. નમક |** સોડિયમની વધુ માત્રાથી બ્લડપ્રેશર વધે છે, જેના કારણે કિડની પર દબાવ પડે છે. ડબ્બાબંધ સૂપ, પ્રોસેસ્ડ મીટ, સોસ, પિઝ્ઝા, કેચઅપ, બીબીક્યૂ સોસ, સોયા સોસ, અથાણા જેવી વસ્તુમાં નમકની માત્રા વધુ હોય છે.

**5. સોડા |** સોડામાં ખાંડની માત્રા વધુ હોય છે અને તેનામાં પોષણ મૂલ્ય નામના હોય છે. દરરોજ બે કે વધુ કાર્બોનેટેડ સોડા પીવાથી કિડની સાથે જોડાયેલી સમસ્યા થઈ શકે છે. કાર્બોનેટેડ અને એનર્જી ડ્રિંક બંનેમાં પથરી થવાનો ખતરો રહે છે.

સિટી એક્સપ્રેસ
SATURDAY 02 NOVEMBER-2024
AHMEDABAD



### અમદાવાદમાં ગાંધી આશ્રમ રોડ કાયમી બંધ થશે

અમદાવાદ શહેરના ગાંધી આશ્રમ રોડથી અવર-જવર કરતા લોકો માટે મહત્ત્વના સમાચાર આવ્યા છે. હાલ સાબરમતી આશ્રમનું નવીનીકરણ ચાલી રહ્યું છે, જે વર્ષ 2026માં પૂર્ણ થાય તેવો અંદાજ છે. જેને લઈને તારીખ 9 નવેમ્બર, 2024 બાદથી ગાંધી આશ્રમ રોડ કાયમી માટે બંધ થઈ જશે. જેને લઈને ગાંધી આશ્રમ જવા માટે એક અન્ય રૂટ શરૂ કરાયો છે અને બે નવા પાર્કિંગ પ્લોટ પણ બનાવી દેવામાં આવ્યા છે. ગાંધી આશ્રમના મુલાકાતીઓ માટે બે નવા પાર્કિંગ પ્લોટ બનાવાયા છે. જ્યાંથી સીધા આશ્રમ જવા માટે રસ્તો બનાવવામાં આવી રહ્યો છે.

### હજુ એક સપ્તાહ ગરમીથી રાહતની સંભાવના નહિવત્

અમદાવાદમાં આસો માસમાં ભાદરવા જેવી ગરમી યથાવત્ રહેતાં સળંગ છઠ્ઠા દિવસે 37 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. હજુ એક સપ્તાહ તાપમાન 37 ડિગ્રીથી વધુ જ રહે તેવી સંભાવના છે. આજે 37.2 ડિગ્રી સાથે અમદાવાદના સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં 2.3 ડિગ્રીનો વધારો નોંધાયો હતો. દિવસ દરમિયાન આકરા તાપથી લોકો ત્રસ્ત થયા હતા. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના અનુમાન અનુસાર અમદાવાદમાં આગામી પાંચ દિવસમાં તાપમાન 38 ડિગ્રીને પાર જઈ શકે છે. આમ, દિવાળીના તહેવારોમાં પણ ગરમીથી રાહત મળવાની સંભાવના નહિવત્ છે.

# ડ્રગ્સ માફિયાઓને લીલાલહેર? અમદાવાદ એરપોર્ટ પર ડ્રગ્સ પકડી શકાય તેવા સ્કેનર મશીન કે સ્નીફર ડોગ જ નથી



### અમદાવાદના એરપોર્ટ પર છેલ્લા દસ દિવસમાં 10 કરોડથી વધારેનો હાઈબ્રિડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં બે કેસની અંદર ગાંજો બહાર નીકળી ગયા પછી આરોપીઓની ધરપકડ કરાઈ હતી

#### સુરક્ષાના અભાવનો ડ્રગ્સ માફિયા માટે ફાયદાકારક?

ડ્રગ્સ માંફિયાઓની સિન્ડિકેટ જાણે છે કે અમદાવાદના એરપોર્ટ ઉપર ડ્રગ્સને પકડી શકાય કે તેની ઓળખ કરી શકાય તેવા સ્કેનર મશીનો નથી અને નાર્કોટિક્સના જાણકાર અધિકારીઓ પણ એરપોર્ટ ઉપર ફરજ બજાવતા નથી. જેનો ડ્રગ્સ માફિયા દ્વારા ભરપૂર ફાયદો ઉઠાવવામાં આવે છે. ટોચના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બેગેજની અંદર કોઈ શંકાસ્પદ વસ્તુ લાગે અને સફેદ પાવડર નીકળી આવે તો તેની ઓળખ કરવી મુશ્કેલ છે કે આ ડ્રગ્સ છે કે નથી. તેના માટે નાર્કોટિક્સના અધિકારીઓ અને ફેશિયલના અધિકારીઓને બોલાવીને ચકાસણી કરવી પડતી હોય છે. જેમાં ઘણીવાર પેસેન્જર ઘઉંનો લોટ કે મેદાનો લોટ અથવા તો અન્ય કોઈ પ્રકારનો લોટ હોવાની દલીલ કરતા હોય છે. કસ્ટમના અધિકારીઓને બેગમાં કોઈ શંકાસ્પદ વસ્તુ જણાય તો તેઓ બેગ ખોલીને તપાસ કરતા હોય છે. આવા સમયે કાર્બન પેપરમાં લપેટીને લાવેલો ગાંજો પણ મળી આવતો હોય છે તેની પાછળનું કારણ એવું છે કે ગાંજો મળે ત્યારે અત્યંત દુર્ગંધ મારતો હોય છે.

(એજન્સી) અમદાવાદ । તા.01

અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર ડ્રગ્સ પકડી શકાય તેવા કોઈ સ્કેનર મશીન કસ્ટમ વિભાગ પાસે છે જ નહીં. જેનો ભરપૂર ફાયદો ડ્રગ માફિયા ઉઠાવી રહ્યા છે. અમદાવાદના એરપોર્ટ પર છેલ્લા દસ દિવસમાં 10 કરોડથી વધારેનો હાઈબ્રિડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં બે કેસની અંદર ગાંજો બહાર નીકળી ગયા પછી આરોપીઓની ધરપકડ કરાઈ હતી. સ્કેનર મશીનમાં નથી પકડાતું ડ્રગ્સ હાલ અમદાવાદના એરપોર્ટ ઉપર ગ્રીન ચેનલ કે રેડ ચેનલમાંથી પેસેન્જરના લગેજનું સ્કીનીંગ કરવામાં આવે છે અને કોઈ શંકાસ્પદ વસ્તુ જણાય તો બેગ ખોલીને તપાસ કરવામાં આવે છે. સામાન્ય રીતે કસ્ટમ ડ્યુટીની ચોરી કરતા પેસેન્જર પકડાઈ જતા હોય છે, પરંતુ બ્લેક પેપર અથવા તો કાર્બન પેપરમાં ગાંજો કે અન્ય પ્રકારનું સિન્થેટિક ડ્રગ્સ પેસેન્જર લઈને આવે તો કસ્ટમના સ્કેનર મશીનમાં પકડાતા નથી. જેનો ડ્રગ માફીયા પૂરેપૂરો ફાયદો ઉઠાવી રહ્યા છે. અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ટેરરિસ્ટ એક્ટિવિટી કે ડ્રગ્સની હેરાફેરી રોકી શકાય તે માટે સ્નીફર ડોગ રાખવામાં આવ્યો હતો. પરંતુ, હાલ સ્નિફર ડોગ પણ એરપોર્ટ પર છેલ્લાં કેટલાક વર્ષોથી રાખવામાં નથી આવ્યો. મલેશિયા, થાઈલેન્ડ, દુબઈ અને અખાતી દેશોમાંથી આવતા કેટલાક પેસેન્જર કમિશન લઈને હાઈબ્રિડ ગાંજો અને સિન્થેટિક ડ્રગ્સ લઈને આવતા હોય છે અને ઘણીવાર સરળતાથી એરપોર્ટની બહાર પણ નીકળી જાય છે. અમદાવાદના એરપોર્ટ પર સેન્ટ્રલ એજન્સીઓ સતર્ક થઈ જાય તેવી માહિતી ડ્રગ્સ માફિયાઓને મળી જતી હોવાથી તેમના કેરીયરો મુંબઈ અને દિલ્હીથી વાયા ડોમેસ્ટિક ફ્લાઈટમાં અમદાવાદ આવતા હોય છે. કેટલા કિસ્સાઓમાં ડોમેસ્ટિક પેસેન્જરો પણ મુંબઈ અને દિલ્હીથી આવતી ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં અમદાવાદ આવતા હોય છે. જોકે ડોમેસ્ટિક પેસેન્જરનું ઈમિગ્રેશન અને કસ્ટમ મુંબઈ અને દિલ્હી થઈ ગયું હોવાથી તેઓ બોર્ડિંગ પાસ બતાવીના સીધા એરપોર્ટની બહાર નીકળી જતા હોય છે. માત્ર અમદાવાદના એરપોર્ટ પર જ નહીં ગુજરાતના તમામ એરપોર્ટ પર કે જ્યાં ઈન્ટરનેશનલ ફ્લાઈટ આવતી હોય છે ત્યાં કસ્ટમ પાસે ડ્રગ્સ પકડી શકાય તેવા કોઈ સ્કેનર મશીન નથી.

## વાહન પાર્કિંગની સમસ્યામાંથી હવે ઝડપથી મુક્તિ મળશે

### દાણાપીઠના નવા ફાયર સ્ટેશન અને મલ્ટી લેવલ પાર્કિંગની કામગીરી માર્ચ 2025 સુધીમાં પૂર્ણ થશે, 300થી વધુ ગાડીઓ પાર્ક થશે

(એજન્સી) અમદાવાદ । તા.01

શહેરના કોટ વિસ્તારમાં આવેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ દાણાપીઠ પાસે આવેલા નવા ફાયર સ્ટેશન અને મલ્ટીલેવલ પાર્કિંગનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. 80 વર્ષ જુના દાણાપીઠ ફાયર સ્ટેશનને તોડી નવું ફાયર સ્ટેશન ક્વાટર્સ અને મલ્ટી લેવલ પાર્કિંગ બનાવવામાં આવી રહ્યું છે જેનું માર્ચ 2025માં આ બિલ્ડીંગનું લોકાર્પણ થવાની શક્યતા છે. મલ્ટી લેવલ પાર્કિંગ બનતાની સાથે કોર્પોરેશનની મુખ્ય ઓફિસ અને આસપાસના વિસ્તારમાં વાહન પાર્કિંગની સમસ્યા દૂર થશે. પાર્કિંગમાં જ વાહન પાર્ક કરી અને કર્મચારીઓ તેમજ નાગરિકો સીધા કોર્પોરેશનની બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકે તેના માટે પેડેસ્ટ્રિયન બ્રિજ પણ બનાવવામાં આવશે.

અધિકારી, કર્મચારીઓ પોતાના પરિવાર સાથે અહીં રહી શકશે સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, રૂ.65.35 કરોડના ખર્ચે 5013 ચો.મી. જગ્યામાં નવું દાણાપીઠ ફાયર સ્ટેશન, સ્ટાફ ક્વાર્ટસ, મલ્ટીલેવલ પાર્કિંગની સુવિધા સાથેનું બિલ્ડિંગ તૈયાર બનાવવામાં આવી રહ્યું છે. જે બિલ્ડિંગમાં 19837 ચો.મી. જગ્યા મળશે. ફાયરના વાહનો માટે 5 ગેરેજ, સ્ટોર રૂમ હશે. કંન્ટ્રોલરૂમ પણ આધુનિક સાધનોથી સજ્જ હશે. ઓફિસરની કેબિન, મલ્ટી પર્પઝ હોલ, ફાયર ઇક્વિપમેન્ટ મ્યુઝિયમ પણ બનાવવામાં આવશે. 1 BHKથી લઈને 3 BHK સુધીના મકાનો પણ તૈયાર કરાશે. જેથી ફાયરબ્રિગેડના અધિકારી, કર્મચારીઓ પોતાના પરિવાર સાથે અહીં રહી શકશે. નવું બિલ્ડિંગ બન્યા બાદ ત્યાં 303 જેટલી ટુ-વ્હીલર અને 222 જેટલા ફોર વ્હીલર પાર્કિંગની વ્યવસ્થા થઈ શકશે.

## બોટલમાં ફટાકડા ફોડતાં કાચ તૂટી 6 વર્ષના બાળકની આંખમાં ઘૂસી ગયો

### ચાંદલોડિયાની ઘટના, આંખમાં 14થી વધારે ટાંકા લેવા પડ્યા

(એજન્સી) અમદાવાદ । તા.01

ચાંદલોડિયા વિસ્તારમાં રહેતો 6 વર્ષનો બાળક કાચની બોટલમાં ફટાકડો ફોડવા જતાં બોટલ ફાટીને કાચ આંખમાં વાગતા બાળકની આંખમાં ગંભીર ઈજા પહોંચી હતી. સોલા સિવિલના આંખના વિભાગના તબીબોએ તાત્કાલિક અઢી કલાકની સર્જરી કરતાં બાળકની દ્રષ્ટિ પરત અપાવી હોવાનું જાણવા મળ્યું છે. સોલા સિવિલમાં બાળકની સર્જરી કરનાર ડો. મૃગેશા વાઘેલા જણાવે છે કે, શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતું 6 વર્ષનું બાળક કાચની બોટલમાં ફટાકડો ફોડતો હતો. તે સમયે કાચની બોટલ ફાટી ગઈ હતી, અને બોટલના કાચનો એક ટુકડો ઉડીને તેની આંખમાં જતાં કીકીને ગંભીર અસરથી દેખાતું ન હતું. પ્રથમ તેને ઘરની નજીક આવેલી બે હોસ્પિટલમાં લઈ જવાયા બાદ સોલા સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લવાયો હતો. બાળકની તપાસ કરતાં જણાયું હતું કે, બાળકની આંખમાં કાચની બોટલના કાચને કારણે ગંભીર ઈજા થતાં કીકી પર આવેલું પારદર્શક પડ ફાટી ગયું હતું. જેથી તાત્કાલિક બાળકનું ઓપરેશન કરવું જરૂરી હતું. જેથી મારી સાથે આંખ વિભાગના બે સર્જન અને એનેસ્થેસિયા વિભાગના તબીબોએ સર્જરી હાથ ધરી હતી, બાળકને એનેસ્થેસિયા આપ્યા બાદ અઢી કલાક સુધી ચાલેલી આ સર્જરીમાં આંખના સફેદ ભાગમાં 5 ટાકા અને કીકીમાં 14 મળીને કુલ 19 ટાંકા લેવા પડ્યાં હતા. ત્યારબાદ હોસ્પિટલમાં દાખલ રાખીને દવા અને ટીપાંની સારવાર કરતાં હાલમાં બાળકને 2થી 3 ફુટ સુધીનું વિઝન આવ્યું છે.

## SGSTએ શહેરના 2 હજાર વેપારીને બોગસ ખરીદીના ઓર્ડર પાસ કરીને નોટિસ ફટકારી

(એજન્સી) અમદાવાદ । તા.01

સ્ટેટ જીએસટી ડિપાર્ટમેન્ટે શહેરના 2 હજાર વેપારીઓને બુધવારે ડિમાન્ડ નોટિસ પાઠવી છે. કરદાતાઓનું કહેવું છે કે, ખરીદીને ખોટી ગણી તેમને સાંભળ્યા વગર જ નોટિસ આપવામાં આવી છે. દિવાળાના તહેવાર પહેલાની રજાઓમાં કલમ 74 (બોગસ ખરીદી)ની અપીલોને એક તરફી સાંભળ્યા વગર ડિમાન્ડ કન્ફર્મ કરી દેવાઈ છે અને અપીલના પૈસા ભરવા માટે ડિમાન્ડ નોટિસ પાઠવાઈ છે.

2 હજાર કરદાતાએ અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા ડિવિઝનને બોગસ ખરીદી સામે કરેલી અપીલ અને જરૂરી પુરાવા રજૂ કર્યા હતા. તેમ છતાં એક્સપાર્ટી ગણી ઓર્ડર કર્યો છે. આશરે બે હજાર કરદાતાઓને મંગળવાર અને બુધવારે નોટિસ મળી હતી. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર વેપારીઓને સાભળવાની તક આપવી જોઈતી હતી. હવે વેપારીઓને ન્યાય માટે આગળ ટ્રીબ્યુનલમાં અપીલ કરવી પડશે. જે ટ્રીબ્યુનલની હજી સુધી ગઠન થયું નથી.

## અમદાવાદમાં મોડીરાત્રે બે વાહન પર પેટ્રોલ જેવું પ્રવાહી છાંટી આગ લગાડી, બન્ને વાહન ખાખ

(એજન્સી) અમદાવાદ । તા.01



શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં પાર્ક કરેલા બે વાહન પર પેટ્રોલ જેવું જ્વલનશીલ પદાર્થ છાંટી અને સળગાવવામાં આવ્યા હતા. ઘરની બહાર આગ લાગતાની સાથે સ્થાનિક લોકો જાગી ગયા હતા. આગ લગાવી બંને ફરાર થઈ ગયા હતા. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતા સોલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘરની બહાર લાગેલા સીસીટીવી ફૂટેજ જોતા બાઈક પર આવેલા બે અજાણ્યા શખસ આવ્યા હતા. મોઢે રૂમાલ બાંધેલા શખસે આગ લગાવી ફરાર થતો દેખાય છે. ફરિયાદી મહિલાને શંકા છે કે, ભૂતકાળમાં થયેલા એક કેસ મામલે અદાવત રાખી અને આ આગ લગાડવામાં આવી હોય શકે છે. સોલા પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં આવેલી નેતલન પાર્ક સોસાયટીમાં રૂપાબેન વાઘેલા તેમના પરિવાર સાથે રહે છે. તેમના ઘરમાં એક એક્ટીવા અને બાઈક એમ બે વાહન છે. રાત્રિના સમયે આ બંને વાહન તેમના ઘરની બહાર પાર્ક કરેલા હતા. મોડીરાત્રે પોણા ત્રણ વાગ્યાની આસપાસ રૂપાબેનના પિતા પાણી પીવા માટે જ્યારે ઉઠ્યા ત્યારે તેમણે ઘરની બહાર જોયું તો એક્ટીવા અને બાઈક બંને વાહનમાં આગ લાગેલી હતી. જેથી તાત્કાલિક ધોરણે તેઓએ ઘરના સભ્યોને આસપાસના લોકોને ઉઠાડ્યા હતા. પાણી છાંટી અને આગને બૂજાવી દેવામાં આવી હતી. કોઈ અજાણ્યા વ્યક્તિએ આગ લગાડી હોવાની શંકા ગઈ હતી.

**આગોતરા જામીન નકારતી હાઈકોર્ટ**

## હિન્દુ ધર્મ વિશે સોશિયલ મીડિયા પર અભદ્ર ટિપ્પણી કરતા પોલીસ ફરિયાદ કરી હતી, એક વકીલ અને બે નગરપાલિકા સભ્યના જામીન ફગાવ્યા

(એજન્સી) અમદાવાદ । તા.01



ગુજરાત હાઈકોર્ટમાં એક વકીલ સહિત મહુધા નગરપાલિકાના બે સભ્યોએ આગોતરા જામીન અરજી કરી હતી, જેને કોર્ટે નકારી નાખી હતી. ખેડા જિલ્લાના મહુધા પોલીસ મથકે 35 જેટલા આરોપીઓ સામે નામ જોગ જ્યારે કુલ 100 લોકોના ટોળા સામે ભારતીય ન્યાય સહિતાની કલમ 189(2), 189(4), 191(2),191(3), 190, 109, 125, 324 (5),324(6), 352(3), 351(3),61(2) મુજબ તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ 135 મુજબ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે, 14 સપ્ટેમ્બર, 2024ના રોજ કઠલાલના એક વ્યક્તિએ કોમી વૈમનસ્ય ફેલાવવા સોશિયલ મીડિયા ઉપર હિન્દુ ધર્મની લાગણી દુભાવતી પોસ્ટ મૂકી હતી. જેની સામે મહુધા પોલીસ સ્ટેશને તેઓ ફરિયાદ આપવા ગયા હતા. ત્યારે ફરિયાદ આપીને પરત ફરતી વખતે રસ્તામાં તેમને મહુધા બસ સ્ટેન્ડથી 250 મીટર દૂર 100 જેટલા લઘુમતી ધર્મના લોકોના ટોળાએ રોકીને હુમલો કર્યો હતો.

### હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું લખાણ લખતું ચિત્ર બનાવ્યું હતું

એક વ્યક્તિએ ઈન્સ્ટાગ્રામ ઉપર હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું લખાણ લખતું ચિત્ર બનાવ્યું હતું. જેથી પોલીસ ફરિયાદ આપવા ત્રણ મિત્રો મહુધા પોલીસ સ્ટેશન ગયા હતા. જ્યાં પોલીસે અગાઉથી તે વ્યક્તિને પકડીને બેસાડી દીધો હતો. જ્યારે લઘુમતી ધર્મના લોકો પોલીસ મથકે એકઠા થયા હતા. જેઓએ ફરિયાદીને ફરિયાદ ન નોંધાવવા અને સમાધાન કરવા જણાવ્યું હતું. જો કે ફરિયાદીએ તેમની વાત ન માનીને ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસ સ્ટેશનથી બહાર નીકળતા પોલીસે ફરિયાદીની સુરક્ષા માટે તેમની પાછળ જતી હતી. તે દરમિયાન રસ્તામાં 100 લોકોના ટોળાએ ફરિયાદીની ગાડી રોકીને હિંસક હથિયારો વડે તેમની ઉપર હુમલો કરી દીધો હતો.

## સ્ટીલનું કારખાનું કરી આપી રૂપિયા માગતા કારીગરે વેપારીની હત્યા કરી

(એજન્સી) અમદાવાદ । તા.01

રખિયાલમાં વેપારીને ધરમ કરતા ધાડ પડી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વેપારીએ સાત ખર્ચ કરીને કારીગરને સ્ટીલનું કારખાનું બનાવી આપ્યું હતું. જો કે મહિને હપ્તાથી રૂપિયા આપવાનું નક્કી થયું હતું. તેમ છતાં કારીગર રૂપિયા આપતા ન હતો. ગઈકાલે રાતે વેપારીએ રૂપિયાની માંગણી કરતાં કારીગરે માથામાં હથોડા મારીને વેપારીની હત્યા કરી હતી. આ બનાવ અંગે રખિયાલ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સાત લાખ આપી દેવાનું નહીતર કારખાનું ખાલી કરવાનું કહેતા માથામાં હથોડા મારી હત્યા કરી રખિયાલમાં રહેતી મહિલાએ રખિયાલ પોલીસ સ્ટેશનમાં ઉત્તર પ્રદેશના પરવેઝ સામે ફરિયાદ નોંધાવી છે.

## અમદાવાદમાં યુવતીએ નવજાતને બહાર કાઢી પાડોશના બાથરૂમની છત પર મૂકી દીધું, કાગડાઓએ કાગારોળ મચાવી ને રહસ્ય ખૂલ્યું

(એજન્સી) અમદાવાદ । તા.01

અમદાવાદ શહેરના ઠક્કરબાપાનગરમાં નવજાત ભ્રૂણને ત્યજી દેવાનો એક વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક યુવતીએ લગ્ન કર્યા વગર પ્રેમી સાથે સંબંધ બાંધતાં તે ગર્ભવતી થઈ હતી. યુવતીને 7મો મહિનો ચાલતો હતો. જોકે તેને અસહ્ય દુખાવો થતાં બાથરૂમ કરવા ગઈ હતી, જ્યાં મિસકેરેજ (અધૂરા માસે ડિલિવરી) થઈ જતાં બાળક સીધું કમોડમાં ઘૂસી ગયું હતું. યુવતીએ નવજાત બાળકને બહાર કાઢ્યુ હતું અને ચૂપચાપ પાડોશના મકાનની છત પર મૂકી દીધું હતું. ગઈકાલે(30 ઓક્ટોબર, 2024) બાથરૂમની છત પર કાગડાઓનો જમાવડો થતાં સમગ્ર હકીકત સામે આવી હતી. પોલીસે આ મામલે બાળક ત્યજી દેવા મામલે યુવતી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ઠક્કરબાપાનગર ખાતે આવેલા ભીલવાસમાં રહેતા પ્રદીપ મારવાડીએ પોલીસ કંટ્રોલરૂમમાં નવજાત બાળક અંગેની જાણ કરી હતી. મેસેજના આધારે PSI એસ.એમ. ઠાકોર અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘટનાસ્થળે જઈને પોલીસે પ્રદીપ મારવાડીને મળી તેની પૂછપરછ કરી હતી. પ્રદીપ મારવાડીએ પોલીસને જણાવ્યું કે તે સવારે પોતાના ધંધાર્થે બહાર નીકળ્યા હતા ત્યારે તેમની દીકરી ઘરની સાફસફાઈ કરી રહી હતી. નવજાત બાળક નાડ સાથે પડેલું જોવા મળ્યું આ દરમિયાન કાગડાઓ એકાએક ઊડતા હતા અને નીચેના માળે આવેલા બાથરૂમની છત પર બેસતા હતા.

# ગુજરાત પોલીસે ખાસ તાલીમ આપીને તૈયાર કર્યો 'આલ્કોહોલ ડિટેક્શન ડોગ'

(એજન્સી) ગાંધીનગર । તા.01





ગુજરાત પોલીસે રાજ્યમાં આલ્કોહૉલ ડિટેક્શન માટે એક ડોગને ખાસ તાલીમ આપીને બુટલેગરો દ્વારા યુક્તિપૂર્વક સંતાડેલા આલ્કોહોલને પકડવા માટે તૈયાર કર્યો છે. આ આલ્કોહૉલ ડિટેક્શન ડોગ આદ્રેવની મદદથી ગુજરાતનો સૌ પ્રથમ પ્રોહિબિશન કેસ તાજેતરમાં રાજકોટમાં નોંધાયો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આલ્કોહોલ ડિટેક્શન માટે ગુજરાત પોલીસના સિનિયર ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ દ્વારા 'આદ્રેવ'ને ખાસ તાલીમ અપાઈ છે. ૯ માસની તાલીમ પૂર્ણ કરીને પાસ થયેલા આદ્રેવે રાજકોટની ઢેબર કોલોની ખાતે એક મકાનમાંથી દારૂ બનાવવા વપરતો ઠંડો આથો શોધી કાઢ્યો છે.

બુટલેગરો દ્વારા ઘર, ગાડી કે જમીનમાં ક્યાંય પણ સંતાડી રાખવામાં આવેલા આલ્કોહૉલને આ તાલીમબદ્ધ ડોગ શોધી લેશે. આલ્કોહોલ કે તેને સંલગ્ન કોઈ સામગ્રીની સુગંધ પરખતા જ ડોગ પગના પંજા મારીને કે બાર્કીંગથી ડોગ હેન્ડલરને આલ્કૉહોલ અંગે સંકેત આપી દેશે. ગુજરાત પોલીસે રાજ્યમાં આલ્કોહૉલ ડિટેક્શન માટે એક ડોગને ખાસ તાલીમ આપીને બુટલેગરો દ્વારા યુક્તિપૂર્વક સંતાડેલા આલ્કોહોલને પકડવા માટે તૈયાર કર્યો છે. આ આલ્કોહૉલ ડિટેક્શન ડોગ 'આદ્રેવ'ની મદદથી ગુજરાતનો સૌ પ્રથમ પ્રોહિબિશન કેસ તાજેતરમાં રાજકોટમાં નોંધાયો છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આલ્કોહોલ ડિટેક્શન માટે ગુજરાત પોલીસ હસ્તકની નરોડા સ્થિત ડોગ ટ્રેનિંગ સ્કુલ ખાતે પોલીસના સિનિયર ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડ દ્વારા આદ્રેવને ખાસ તાલીમ આપવામાં આવી છે. રાજકોટની ભક્તિનગર પોલીસે આદ્રેવને જ્યા અગાઉ પ્રોહિબિશનના કેસો થયા હોય તેવા ઢેબર કોલોની મફતીયાપરા ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યા એક મહિલાના ઘરમાંથી ઠંડો આથો શોધી આદ્રેવે તેના ડોગ હેન્ડલરને ઘરમાં સંતાડવામાં આવેલા સંદિગ્ધ મુદ્દામાલ અંગે સંકેત આપ્યો હતો. જેને આધારે આ મકાનમાંથી મુદ્દામાલ પકડી પાડી મહિલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. નોંધનીય બાબત છે કે, 'આદ્રેવ' ડોગ એ પ્રથમ આલ્કોહોલ ડિટેક્શન ડોગ છે, જે બુટલેગરો દ્વારા ઘર, ગાડી કે જમીન સહિત કોઈપણ સ્થળે યુક્તિપૂર્વક ક્યાંય પણ સંતાડી રાખવામાં આવેલા આલ્કોહૉલને શોધી લેશે. આલ્કોહોલ કે તેને સંલગ્ન કોઈ સામગ્રીની સુગંધ પરખતા જ ડોગ પગના પંજા મારીને કે બાર્કીંગથી ડોગ હેન્ડલરને આલ્કૉહોલ અંગે સંકેત આપી દેશે. ગુજરાત પોલીસ તેનો મહત્તમ ઉપયોગ કરશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...